

કમનીય કાશ્મીર
(પ્રાણલાલ પટેલ)

કુમાર

૨૧૦
જૂન · ૧૯૪૨



કુમાર પ્રત્યેક અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે બહાર પડે છે

મુદ્રક-બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક—રવિશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી. કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક રૂા. ૬, બહારગામના રૂા. ૬।, પરદેશના ૧૨ શિ., છૂટક દસ આના: મુંબાઇમાં: કુમાર ઑફિસ, ૧૩૬–૧૪૨ મેડોઝ સ્ટ્રીટ મુંબાઈ–૧; તથા બીજા એજન્ટો: આર.આર.શેઠની કં., પ્રિન્સેસ સ્ટ્રીટ ને રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઇ–૨



ઝરૂખો

ચિત્રલેખા : કુ. શકુન્તલા દીવાન







ફોટોગ્રાફી હરીફાઈ

ઉપરથી અનુક્રમે-(૧) 'સમતોલ': બાબુભાઈ ભણસાલી (મહુવા) ત્રીજું ઇનામ; (૨) 'આરામને વખતે': મનુ પટેલ (અમદાવાદ) બીજું ઈનામ; (૩) 'લહેરી અસવાર': રમણીકલાલ જે. પરીખ (ધ્રાંગધ્રા) કેનેજના ઈનામ.



પૃથ્વીને—

· શાલિની ·

પૃથિવી હે!
સૃષ્ટાનું સૌ જ્ઞાન-વિજ્ઞાન-ભાન
તારામાં છે. કેવું નિઃસીમ એ છે!

વર્ષાસ્નાને ગંધવાહી થતી તું,
એડી તુંને આર્ય હું થાઉં પૃથ્વી.
સંતાનોની તું જ માતા ધરિત્રી,
નારી, ધાત્રી, તું જ શ્રી, દ્યૌપ્રિયા તું.

પાતાલો ને સ્વર્ગની મધ્યમાં તું,
તારે હૈયે અબ્ધિની ઊર્મિ લ્હેરે,
તું વ્હેનારી પોઠ લાખો યુગોની,
ઉત્ક્રાન્તિની તું જ જોનાર એક.
નક્ષત્રોનું ભાન જાગે અમોને
પૃથ્વી તુંથી, સ્થાવરે શ્રેષ્ઠ તું છે,
પૃથ્વી તું છે નીડ સૌ જંગમોનો.

લાવા તું છે, તું ગિરિ, હેમ તું છે,
સર્વે રત્નો, ધાતુ ને સૌ ખનીજો.
વિજ્ઞાનોનું દ્રવ્ય તું છે અમૂલ્ય,
પરમાણુમાં ચેતના જોઈજોઈ
વિજ્ઞાનોનાં જ્ઞાન ફેલાય સંધ્રાં.
તત્ત્વોનો છે તું જ આધાર એક
તારે પાત્રે છે રસો વિશ્વના સૌ

ધાન્યે છે તું, પત્ર પુષ્પે ફળે તું.
સૂર્યપ્રેરી ફૂદડીઓ ફરીને
ફેરે ફેરે રાત્ર-દિનો ઋતુના
રંગોની તું ચુંદડી પ્હેરી શોભે.

તેં સંચ્યાં છે માનવીઅસ્થિ મોઘાં,
સૌ અંતોમાં મૃત્તિકા! ભાગ તારો.
બ્રહ્માંડોના વૃક્ષનું તું જ સાચે
સૃષ્ટાનું છે એક આશ્ચર્યપુષ્પ.

હરિશ્ચન્દ્ર ભ. ભટ્ટ

'અગ્નિને' ઉદ્દેશાએલા ગયા મહીનાના કાવ્ય જેવા જ ધ્વનિભર્યું એ જ લેખકનું બીજું કાવ્ય

તમે બહાદુર ખરા ?

કોઇને પણ આ સવાલ પૂછો; અને જવાબ શો મળશે તે કહેવું મુશ્કેલ નથી. દરેક જણ વિનયપૂર્વક કહેશે : 'ના ભાઈ; આપણે કાંઈ બહાદુર કે શૂરવીર ન કહેવાઇએ. એવા વીર તો કોઈ વિરલા જ. હું તો જિંદગી આખીમાં કોઈનો જાન બચાવી શક્યો નથી.'

પણ આ વાત બહુ માનવાને હું તૈયાર નથી. કેમકે દુનિયામાં બહાદુરી કાંઈ એક જ પ્રકારની ઓછી જ હોય છે ? નાનાં નાનાં વીરત્વનાં એવાં અનેક કામો લોકો કરતા જ હોય છે, જેનાં વર્ણન છાપાંમાં કદિ ચમકતાં નથી.

તમે ભલે કોઇ તોફાને ચડેલા ભાગતા ઘોડાને આડે પડી ઝાલી લીધો ન હોય, કે તળાવ-કૂવામાં પડેલી કોઇ અભાગી અબળા પાછળ ભૂસકો મારી તેને બચાવી ન હોય. ફિકર નહિ. અરે, એકાદ બીમારને મળવા, કોઈ આપત્તિ-ગ્રસ્તને આશ્વાસન આપવા કે દુનિયાના દુઃખીને કોઇને માર્ગદર્શક થવા માટે તમે સાંજે સિનેમામાં જવાનું માંડી વાળો અગર તમારી ઑફિસ કે દુકાન વહેલી બંધ કરી નીકળી પડો તો તેની યે હું તો કિંમત ગણું છું.

તમે પૂછશો : એ બે પ્રકાર કઇ રીતે સરખા કહેવાય ? તો હું કહું કે એ બંને માટે હિંમત, નિશ્ચયબળ અને નિઃસ્વાર્થપણું સરખાં જ જોઇએ છે. આ ગુણ એ જ ખરી બહાદુરીનો પાયો. અને એક પ્રાથમિક વાત એ પણ સમજી લઇએ કે આ 'બહાદુરી' એ કાંઇ પુરુષોનો જ ઇજારો નથી. બહાદુરીના પાયાનાં અંતર્યામીઓમાં પણ બારોબાર હોય છે.

બહાદુરી એ એક જીવનકલા છે, અને તે સૌને પોતાની પરિસ્થિતિ પ્રમાણે પ્રાપ્ત કરવી પડે છે. આપણી વય, કુટુંબમાં આપણું સ્થાન, સમાજમાં આપણો ગરતબો, એ બધાને કારણે આપણે ઘણાના શ્રદ્ધાપાત્ર કે આધારરૂપ હોઇએ છીએ. વળી, આપણે અમુક પ્રકારની ધીટતા ધરાવીએ છીએ એવી જાતનો વિશ્વાસ રાખી આપણને પ્રેમ કરનારા પણ ઘણા હોય છે. અને આ કારણે પણ આપણે જાતને અંતર તપાસીએ તો લાગશે કે એ શ્રદ્ધા અને વિશ્વાસ-નો નાશ થાય તે કરતાં તો બહેતર છે કે જોખમ ખેડીને બીજાની નજરમાં આપણી જે શાખ છે તે ટકાવી રાખવી.

પ્રત્યેક માણસ પોતાના પુત્રની નજરમાં આદર્શ નર હોય છે. ઊગતો જુવાન મોટે ભાગે પોતાના બાપની નકલ કરતો હોય છે. એના જેવા શોખ, કપડાં, રમતો વગેરેની તેને ઈચ્છા થાય છે. તે પિતાનો જ પાઠ ભજવતો હોય છે, અને તેની જ જગ્યા લેવા ઇંતેજાર રહે છે આ વાત ખ્યાલમાં રાખવા જેવી છે. જે રીતે આપણે આદર્શોને પાળીશું તેના પ્રમાણમાં જ નવી પ્રજાની જીવનદૃષ્ટિ વિકાસ પામવાની છે.

માણસમાત્રમાં એક પ્રકારની માનવપ્રતિભા કે ચારિત્ર્ય-બળનો તણખો જરૂર હોય જ છે. એ પ્રતિભા કે તણખાને ચમકાવવાની તક, કોઇ ચમત્કારિક કે અજબ કામ કરી બતાવ-વાનો પ્રસંગ થોડાકના જીવનમાં એકાદ વાર મળી જાય છે, તો કેટલાકને મુદ્દલ તક જ મળતી નથી. પણ તેથી પોતે બહાદુર જ નથી એમ માની બેસવાની ભૂલ કોઇએ ન કરવી.

આપણ પ્રત્યેક જણમાં બહાદુરીનાં રજકણો તો હોય જ છે. માત્ર આપણે તેનો આપણા મનમાં કેટલો સંચય કરી શકીએ છીએ તેના પ્રમાણમાં, વખત આવ્યે, એ સંકલ્પ અને શક્તિ ક્રિયાનું રૂપ લેવાનાં.

પણ એટલું યાદ રાખજો કે બહાદુરી કાંઈ, કોથળી-માંથી સસલું કે સાપ કાઢનાર મદારીની જેમ, જરૂર પડ્યે એકાએક બહાર લાવી શકાય તેવી નથી હોતી. એને માટે શૌર્ય ને શક્તિનાં રજકણ રોજ-બ-રોજ તમારા ચારિત્ર્યમાં પૂરાતાં રહેવાં જોઇએ. અને તો જ ખરે વખતે તે પ્રકટી નીકળે. પછી તો, પોતાના ધંધામાં કે ઘરમાં, નાના નાના પ્રસંગોએ જેમ સામાન્ય ત્યાગબુદ્ધિ કે ધગશ લોકોમાથી નીકળી આવે છે તેની જ પેઠે આપણામાં રહેલી એ સુપ્ત બહાદુરી પણ નીકળી આવવાની. એ ગુણ પર જ આખી કોમનું જીવન નિર્ભર રહે છે, કોમનું સુખ અવલંબે છે.

આમ જે કાંઇ પ્રસંગ આવી પડે તે હસતે મોંએ આવકારવો એ બહાદુરીનું પહેલું લક્ષણ ભલે પછી કચરાનો ટોપલો ઉઠાવવાનો હોય કે જિંદગીનો દાવ ખેલવાનો હોય. કામ ઉઠાવવું કે દાવ ખેલવો એમાંથી એકે ય કામ સહેલું નથી જ. વટાવટ કરવાથી જ એ બહાદુરીનું કામ બને છે.

('ઍન્સર્સ'ના તંત્રીલેખ)

હારું તો યે–

• સુજનધારા •

કોઇ અવતરે નહિ અવનિમાં અન્ય કાજે,
મેં ય મારે કાજે તેમ લીધો છે અવતાર;
બીજાં પર બાંધી ન મદાર મારે બેસી રહેવું,
મારા બાહુબળે કરૂં ભવાબ્ધિને પાર:
હારૂં તો યે જરાકી મને લાગશે ન હાર!

દેવજી રા. મોઢા

મલાડનો ગ્રીષ્મ વ્યાયામવર્ગ



નીચેનાં ચિત્રો—મથાળે: મલાડમાં વિદ્યાર્થીઓનો સમૂહ-વ્યાયામ; વચ્ચે: ફુવારો ઉપર સ્નાન; નીચે: છાવણીની રાવટીઓમાંનું જીવન.

સરદાર પૃથ્વીસિંહે મલાડમાં ગ્રીષ્મ વ્યાયામની છાવણી નાખવાનું નક્કી કર્યું તેમાં તેમનો ઉદ્દેશ મુંબાઈના આરામપ્રિય વિદ્યાર્થીઓને કસોટીનું જીવન ગાળતાં શીખવવાનો હતો. તેઓ એક મહિનામાં એવા જીવનની તાકાત તો મેળવી શક્યા નહિ હોય, પણ ખ્યાલ તો આવ્યો હશે કે ખરી માનવતા ને ખરી આઝાદી માટે દરેક સંજોગને ટક્કર મારી શકે એવા જ તરુણો આ ઝંઝાવાતના યુગમાં ઊભા રહી શકશે.

મલાડ મુંબઇની નજીક અને સમુદ્રની પાસે આવેલું હોવાથી ત્યાંનું હવામાન બીજા પ્રાંતો જેટલું ગરમ નહોતું; પણ ખરી મુશ્કેલી છાવણીને લાયક જગ્યાની હતી, તે, આદર્શ દુગ્ધાલયના સંચાલકોએ પોતાની જગ્યામાં છાવણીની સોઇ આપીને નિવારી. આદર્શ દુગ્ધાલય ગુજરાતના સાહસિક પટેલ બંધુઓનું એક વિશાળ સંસ્થાન છે અને તેનો પરિચય એક અનેરો બોધપાઠ બની શકે તેમ છે. એ જગ્યામાં સેંકડો આંબાઓના ઝૂથ વચ્ચે છાવણીને આદર્શ ભૂમિ મળી હતી. પરંતુ વપરાશના પાણીની ઘણી મુશ્કેલી પડી હતી. એની તોડછોડ કરતાં સરદાર પૃથ્વીસિંહને છાવણી બંધ કરવાનો વિચાર પણ આવી ગયો હતો.

વધુ મુશ્કેલી તો આપણા દેશની ગેરશિસ્ત અને અનિયમિત હાજરીપ્રકારે કરી હતી. નીમેલી તારીખમાં માત્ર દોઢસો અરજીઓ હતી, છતાં હિંમત કરી ૪૦૦ વિદ્યાર્થીઓ માટે રાવટીઓ અને રસોડાની ગોઠવણ તો કરી; પણ પાછળથી લોકોનો ઉત્સાહ એટલો ઊલટ્યો કે એ સંખ્યા ૮૦૦ સુધી પહોંચી ગઈ! અનેક માબાપો તેમનાં છોકરાંને લઈ ત્યાં લાંઘવા બેસતાં અને વિદ્યાર્થીપ્રેમી મમતાળુ પૃથ્વીસિંહજી કોઇને ના કહી શક્યા નહિ; પણ એમની સોઇ કરવાનું કામ વધુ દુર્ઘટ ને મોંઘું બની ગયું. શ્રી ચતુર્ભુજભાઈ જેવા કુશળ વ્યવહારપટુનો સહકાર ન હોત તો એ બધું લગભગ અશક્ય બન્યું હોત. મુંબાઇમાં હુલ્લડને લીધે વ્યવહાર બંધ હતો. સામાનસરંજામ કે સીધું કંઈ મળવું અશક્ય બન્યું હતું. રસોઇ કરનારની ટોળી પણ પૂરતી નહોતી. ૧૨ા મણ લોટની રોટલી કે ભાખરીની કલ્પના કરો એટલે કસરતે જગાડેલી ભૂખ સંતોષવા તેમને કેટલી વિમાસણ થતી હશે તેનો ખ્યાલ આવશે. છતાં એ છાવણી સહીસલામત પૂર્ણ થઇ અને તેમાંથી મુંબાઇવાસીઓની સહાયથી સરદારે એક પંચવર્ષીય કાર્યક્રમની યોજના ઉપજાવી છે એ તેનું સફળ પરિણામ છે. છાવણીના શિક્ષણકાર્યમાં સરદાર પૃથ્વીસિંહના જૂના સાથીદારો શ્રી આબ્બાસાહેબ જોગ, શ્રી મહાબળ અને શ્રી બહાઉદ્દીનભાઈ તથા યોગક્રિયાવિશારદ શ્રી દેવરાજ વહોરા ઉપરાંત કેટલાક વ્યાયામશિક્ષકો અને જૂના વિદ્યાર્થીઓ આવી મળ્યા હતા. વર્ષોવર્ષ આ છાવણીમાં વસતા આવેલા એક જૂના વિદ્યાર્થીએ જ તેને લગતી નીચેની નોંધ લખી છે તે પરથી બાકીનો ખ્યાલ આવશે.

'ઉઠો, ભાઇઓ ઉઠો'નું બ્યૂગલ સવારના પોણાપાંચે વાગે. અમે ઊઠી નિત્યકર્મ કરી પ્રાર્થના માટે તૈયાર થઇએ. પોણા છ વાગે ને અમે ફરફરતા રાષ્ટ્રધ્વજ નીચે પ્રાર્થના માટે ગોઠવાઈ જઇએ. એ વખતે વાંકા વળી ગએલી અમારી કરોડ પર ગદ્દા પણ પડે ને અમે ઝંડાના થાંભલાના જેવા ટટાર થઈ જઇએ. અને ઝંડા જેટલી જ ખુમારીથી પ્રાર્થના પૂરી કરી સોસોના મેદાન ઉપર કસરત (અનુ૰ આગળ પાન ૨૧૭મે)

દુનિયાના એકેએક દેશમાં ને એકેએક ભાષામાં, પૃથ્વીપટ પરના



રૉઇટર પિતાપુત્ર
મૂળ સ્થાપક પૉલ જુલિયસ રૉઇટર અને પુત્ર હર્બર્ટ રૉઇટર

આજનાં દૈનિક વર્તમાનપત્રો ઉઘાડતાં જ ઠેર-ઠેર 'રૂટર' (જેનો ખરો ઉચ્ચાર 'રૉઇટર' છે)ની-સહીવાળા સંદેશા નજરે પડે છે;–એટલા બધા કે વર્તમાનપત્રોનો આધાર જાણે 'રૂટર' ઉપર જ ન હોય ! અને ખરેખર, સ્થિતિ એવી છે કે એ 'રૂટર' વગરનાં વર્તમાનપત્રોની કલ્પના કરવી પણ કઠણ! એ સર્વવ્યાપી 'રૂટર' શું ને કોણ હશે એનો ઇતિહાસ શો હશે વગેરે જાણવાનું કુતૂહલ સહેજે થાય એવું છે. અને એની કથા પણ એટલી જ રસમય છે.

આ વિરાટ સંસ્થાના દીર્ઘ બાહુઓ દુનિયાભરના ચિત્રવિચિત્ર દેશોમાં વિસ્તરેલા છે. જ્યાં યુદ્ધના ખબરો જંગલી હબસીઓ ઢોલ વગાડી જાહેર કરે છે તે આફ્રિકાના અંધાર-મુલકોમાં આ સંસ્થાએ પગપેસારો કર્યો છે; ચંગીઝખાનના જમાનાની માફક બહારનાં તત્ત્વો સામે જેના દરવાજા સદંતર બંધ છે તેવા ચીનના પશ્ચાત પ્રાન્તોમાં પણ તેણે પ્રવેશ કર્યો છે; અરે, મક્કા શરીફ જેવા સ્થાનમાં પણ સમાચારસંસ્થા સ્થાન પામી છે.

આ સંસ્થાની જીવનકથા બે ભાગમાં વહેંચાએલી છે. શરૂનાં ૬૭ વરસ સુધી તેના મૂળ સ્થાપક રૉઇટર અને તેના વારસ નીચે તેનો કારભાર ચાલ્યો. પછી રાષ્ટ્રીય હિતની સંસ્થા તરીકે એક ટ્રસ્ટના સ્વરૂપમાં સર રૉડરિક જોન્સે તેનું નવવિધાન ફરી કર્યું અને આજે પણ તે જ સંચાલન કરે છે.

આ અદ્ભુત સંસ્થાનો મૂળ ઉત્પાદક હતો પૉલ જુલિયસ દી રૉઇટર નામે એક જર્મન યહુદી. જર્મનીની સરહદ ઉપરના 'આઇ લા શાપેલ' ગામની બૅન્કનો તે કલાર્ક હતો. ઇ. ૧૮૪૯માં તેને આ સમાચારસંસ્થાના બીજ રૂપે એક તુક્કો સૂઝ્યો. એના ગામના સ્થાનિક વેપારીઓને બ્રસેલ્સના શેરબજારના ભાવોનો રોજ ખપ પડતો. તે જમાનામાં ટપાલ ઘોડાગાડીમાં જતી. આ ગાડી રગશિયા ગાડા પેઠે સાંજે મોડી આવે ત્યારે બ્રસેલ્સની બજારના ભાવો લાવે. રૉઇટરના ફળદ્રુપ યહુદી ભેજામાં ઊગી આવ્યું કે જો કોઇ હિસાબે આ વેપારીઓને ટપાલગાડી આવ્યા પહેલાં ભાવના ખબરો અપાય, તો પોતાને પૈસાનો સારો તડાકો પડે અને વેપારીઓને પણ ખૂબ ફાયદો થાય. તેણે એક યુક્તિ શોધી કાઢી. એક પક્ષી પાળનાર પાસેથી બે પાળેલાં કબૂતરો ખરીદ્યાં. પછી બ્રસેલ્સના શેરબજારના એક દલાલના કારકુનને સાધ્યો. દર સવારે રૉઇટર કબૂતરનું પાંજરું ટપાલગાડીમાં એ કારકુન તરફ રવાના કરે. બજાર બંધ થાય કે તે કારકુન કબૂતરને પગે ભાવોની કાપલીવાળી આછી રેશમી કોથળી બાંધી ઉડાડી મૂકે. કબૂતર તો ટપાલગાડી પહેલાં ત્રણ કલાક વહેલાં રૉઇટર પાસે આવી પહોંચે. એ પંખી-સંદેશવાહકની ચિઠ્ઠીઓમાં બજાર-ભાવો ઉપરાંત પ્રેમના સંદેશા, દાક્તરી મદદની માગણી વગેરે અનેક જનઉપકારક વાતો યે સમાતી. બ્રસેલ્સનો કારકુન તેની કામગરીમાં જરા શિથિલ થવા લાગ્યો એટલે રૉઇટરે તેના મેડા પર રહેતી એક તરુણિકાને એ કામ સોંપ્યું. તે રૉઇટર પર આશક હતી, એટલે બ્રસેલ્સથી પહેલો સંદેશો તો પોતાની મનેચ્છા જણાવનારો જ મોકલ્યો, અને તેના જવાબમાં હા મળતાં તેનું કાર્ય બેવડા ઉત્સાહે ચલાવ્યું. આબાદીનો સમય આવતાં તેઓએ લગ્ન કર્યાં.

રૉઇટરે હવે બૅન્કની નોકરી છોડી. ખબર વેચનાર તરીકે તેની કમાણી ખાસ્સી જામી ગઈ હતી. થોડા વખતમાં તો પોતાની સંદેશવ્યવસ્થાથી તેણે બર્લિન, પારીસ અને લંડનને સાંકળી દીધાં. ત્યાર પછી એક એવો સંજોગ ઊભો થયો કે જે કદાચ તેનો ધંધો ભાગી પાડત. પણ રૉઇટરની વ્યાપારી દક્ષતા અને સાહસને લીધે ધંધો તો તેના નવા સ્વરૂપમાં ઑર ખીલી ઊઠ્યો. વાત એમ બની કે રૉઇટરે

માઈલે માઈલમાં પ્રસરી વળેલી સંસારવ્યાપી સમાચારસંસ્થા

'રૂટર'



જેનો ખરો ઉચ્ચાર છે : રૉઈટર

રૉઈટર (રૂટર ખોટું છે)નું નામ આજે પૃથ્વીના એકેએક ખંડમાં અને એકેએક ભાષામાં ઘરગથ્થુ બની ગયું છે. એ સમાચારસંસ્થાએ પૃથ્વીના પટ પરના માઇલે માઇલ પર પોતાની જાળ ગૂંથી છે. નકશા ઉપરના એકેએક મોટા નગરમાં તેનાં થાણાં પડેલાં છે અને કુશળ પત્રકારો તેનું સંચાલન કરે છે. દરેક થાણામાં તેની આસપાસના મર્યાદાવિસ્તારના ખબરોનો ઢગલો થાય છે, જેમાંના સૌથી મહત્ત્વના ઉચકી લેવામાં આવે છે અને તે લંડનની ઑફિસ પર મોકલી દેવામાં આવે છે. ત્યાં વળી ફરીવાર તેની ચાળણી થાય છે, તે પર સમારકામ થાય છે અને પછી ચોમેરની પોતાની શાખાઓ મારફત દુનિયાભરમાં તે પહોંચાડવામાં આવે છે. પૃથ્વીને કોઇ પણ ખૂણે કાંઇ પણ જાણવા જેવું કે મહત્ત્વનું બન્યું કે તેના ખબર થોડી ક્ષણમાં તો રૉઈટરની હેડ ઑફિસે પહોંચ્યા જ સમજો. સમજો કે કોઇએ અગત્યનું ભાષણ કર્યું. તે ભાષણ ચાલતું હોય છે તે જ પળે રૉઈટરનો ખબરપત્રી તે સાંભળતો જાય છે અને તેની સાથોસાથ તે ટેલીફોનથી હેડ ઑફિસને સંભળાવતો પણ જાય છે! થોડી સેકન્ડમાં તો એ ભાષણ દેશનાં બધાં છાપાંઓની ઑફિસમાંનાં ટેલીપ્રિન્ટર યંત્રોપર ટપટપાટ કરતું ઊતરવા માંડે છે ને એ જ વખતે બીજાઓ તે રેડિયો કે તાર દ્વારા પરદેશોમાં ચારે દિશામાં ફેંકી મારે છે.

'ઝડપ' એ રૉઇટરનો મુદ્રાલેખ છે. રૉઈટરનાં માણસો પણ સમાચારો પહેલા ઝડપવાને ઘડિયાળની સેકંડે સેકંડની હોડ શરત ખેલતા હોય છે. અને તે એટલે સુધી કે ન્યૂ યૉર્કમાં બજારભાવ બહાર પડે એવા જ મુખ્ય મથકે ઝળકીને એક મિનિટમાં તો મુંબાઇ જેટલાં દૂરનાં મથકા પર પહોંચી વળે છે!

આજે હરીફના કરતાં પાંચ મિનિટ સમાચારો વહેલા પહોંચાડનારનું કામ તો એક પરાક્રમ ગણાય છે. જૂના જમાનામાં પણ એવાં પરાક્રમ બન્યા કરતાં. ઈ. ૧૯૦૦માં દક્ષિણ આફ્રિકામાં ઇંગ્લંડે મેફેકિંગનો ઘેરો છોડાવ્યો તેના સમાચાર લંડનને બે દિવસ વહેલા મોકલીને રૂટરે લંડનને હર્ષનાદોથી ગજવી મૂક્યું: અને ત્યારથી કોઈ સમાચાર વહેલા પહોંચાડવાને માટે 'મૅફિકિંગ' શબ્દ રૂઢ બની ગયો. આ જ રીતે પ્રેસિડેન્ટ લિંકનના ખૂનના સમાચાર રૉઇટરે લંડનને સાત દિવસ વહેલા આપ્યા હતા!

ઝડપની કારીગરી સાથે રૉઈટરના સમાચારોમાં સત્ય અને ખાત્રી માટે સંપૂર્ણ દરકાર રાખવામાં આવે છે. ચીનમાં તો કોઈને સત્યની ખાત્રી કરાવવી હોય તો કહેવાય કે 'રૉઈટરના જ ખબર સમજોને!' તટસ્થતા જાળવવાનો આગ્રહ પણ સંપૂર્ણ હોવાથી રૉઈટરના સમાચારો બ્રિટિશ તેમજ વિરોધી નીતિવાળા પરદેશીઓ એકસરખા રીતે સ્વીકારે છે. છેલ્લા મહાયુદ્ધ વખતે રૉઈટરની જ સમાચાર-શેત્રંજ જબરી સેવા આપી શકી હતી. દુશ્મન કે મિત્ર રાજ્યોના નિષ્પક્ષ અને સત્ય ખબરો આપવાથી આખી દુનિયા તે માની શકતી. એનું સત્ય જર્મનીને એટલું કડવું લાગતું કે તેઓ રૉઈટર પર ધિક્કાર વરસાવતા. તો કેટલાક દુશ્મન દેશો તેને સત્કારતા પણ ખરા. એક જર્મન પત્રે તો 'રૉઇટર' એજન્સી વિષે ખાસ અંક કાઢ્યો હતો, જેમાં ચિત્રો ને લેખો સાથે અત્યંત કડક ભાષા વાપરીને એવી રજૂઆત કરવામાં આવી હતી કે રૉઈટર તો કોઈપણ દુશ્મન કરતાં આપણી સત્તાને માટે વધારે ભયંકર થઈ પડે છે.

જગતની આવી અનુપમ સેવા કરનાર અને જગતના કાન સર્વવ્યાપી બનાવનાર એ રૉઈટરના આદિ પુરુષના જીવનપરિચયથી એના પુરુષાર્થની યોગ્ય કદર થશે.

ધંધો શરૂ કર્યા પછી થોડા વખતમાં જ કૅલે અને લંડન વચ્ચે દરિયા સોંસરા વીજળીક તાર નંખાયા. આથી ટપાલગાડીઓ અને કબૂતર બંને નિરુપયોગી બની ગયાં. પણ આટલાથી રૉઇટર ડગે તો તે ચતુર શાનો? ધંધો મૂકીને પાછા બૅન્કના કારકુન થવાનો કાંઈ તેનો વિચાર નહોતો! એણે તો પોતાની પાસેનું બધું વેચીસાટી લંડન જવા વહાણ પકડ્યું.

લંડન જઈને તેણે પોતાની તીક્ષ્ણ ચતુર દૃષ્ટિએ ભાવિ જોઈ લીધું કે જો લંડનને બધા તારોના જોડાણનું મધ્યબિંદુ બનાવાય તો તે શહેર દુનિયાના વ્યાપાર-સમાચારોનું કેન્દ્ર બને. આ વિચાર આવતાં જ તેને અમલી બનાવવા રૉઇટરે કમર કસી. શહેરમાં પોતાને માટે એક મામૂલી મુકામ ભાડે રાખી રૉયલ એક્સ્ચેન્જના મકાનમાં એક નાની સરખી ઓરડીમાં પોતાની ઑફિસ ખોલી. રૉઇટર ઍન્ડ કં. ના આ જ શ્રીગણેશ. તે વખતે તેનો સ્ટાફ એટલે પોતે અને (પાછળથી પ્રખ્યાત થનાર) જ્હૉન ગ્રિફિથ નામનો ઑફિસ બૉય! શરૂઆતમાં તો રૉઇટર વ્યાપારીને આર્થિક ખબરો, બજારભાવો વગેરે



લંડનમાંનું રૉઈટરનું મુખ્ય મથક

પહેલાં રૉઈટરનું જૂનું મથક કેટલાંયે વર્ષો સુધી લંડનમાં ટેમ્સના એમ્બૅકમેન્ટ પર બ્લૅકફ્રાયર્સ પાસે હતું ત્યાં સમાસ ન થવાથી હવે તેઓ ફ્લીટ સ્ટ્રીટના આ નવા આલીશાન મકાનમાં ગયા છે, અને ત્યાં સમાચારો મેળવવાની દુનિયા-ની દરેક તરકીબનાં યંત્રો છે. દિવસ ને રાત-ચોવીસે કલાક સુધી રેડિયો, ટેલીફોન ને તાર દ્વારા ખબરોના ધોધ ત્યાં વહે છે અને કુશળ માણસો અતિ ઝડપે તેમાંથી વાંચવાલાયક જાણવાલાયક બીનાઓ રીતસરનો ઘાટ આપી-ને પાછી દુનિયામાં રવાના કરે છે. એ મકાનમાં સૂવાના ખંડો, નહાવાના ખંડો અને ત્યાં સૂનારા માણસોની બીજી જરૂરિયાતો પૂરી પાડનારી ગોઠવણો છે. ઉપાહારગૃહ અને હવાઈ હુમલાથી બચવાનાં આશ્રયસ્થાન પણ તેમાં છે અને આખા મકાનની હવા શુદ્ધ રાખનાર ચાર યંત્રો પણ છે. યુદ્ધપ્રસંગના સમાચારો મેળવવા તેમણે લંડનની બહાર જુદું રેડિયોમથક ઊભું કર્યું છે. ત્યાં દિવસ ને રાત દુનિયા-ની વિવિધ ભાષાઓ જાણનારા માણસો પડ્યાપાથર્યા રહીને દુનિયાના સમાચારો મેળવી તરજૂમા કરી પહોંચાડે છે.

પૂરાં પાડતો. પાછળથી તે ક્ષેત્રનો વિસ્તાર કરી દૈનિક પત્રોને તેણે રાજકીય અને બીજી ખબરો પૂરી પાડવાનું શરૂ કર્યું. આ કાર્ય સહેલું નહોતું જ. તે વખતનાં જૂની પ્રણાલિકાને વળગી રહેનારાં પત્રોને સમાચારસંસ્થાની કંઈ પડી નહોતી. પણ બધી બાબતોમાં પહેલ કરનાર લંડન 'ટાઇમ્સ' પત્રના તંત્રી જ્હૉન વૉલ્ટરે રૉઇટરના ખબરો લીધા અને 'રૉઇટરના કૉપીરાઇટ'વાળા ખબર ફ્લીટ સ્ટ્રીટમાં ચમકવા શરૂ થયા અને ધીમેધીમે એ નામ જનતામાં પરિચિત થવા લાગ્યું.

હવે માત્ર જો કોઇ યુદ્ધ ફાટી નીકળે તો રૉઇટર પૂરા પ્રકાશમાં આવે. અને ખરેખર યુદ્ધ આવ્યું. અમેરિકામાં ૧૮૬૨માં ગુલામીની પ્રથાના પ્રશ્ન ઉપર આંતરવિગ્રહ સળગ્યો. લોકો તેના ખબરો માટે તલપાપડ થવા લાગ્યા; પણ અમેરિકાનાં છાપાં પૂરી ખબરો આપી જ શકતાં નહિ. આ સ્થિતિમાં રૉઇટરે તે વખતમાં મોટું સાહસ ગણાય તેવું પગલું લીધું. તેણે ભારે પગારે એક ખાસ માણસની નિમણૂક કરીને તેને અમેરિકા મોકલ્યો અને તે લડાઇના મોરચા ઉપરથી તાજા ખબરો સીધા લંડન મોકલવા લાગ્યો. આ ખબરો રૉઇટર પાસેથી બધાં પત્રો મોંમાગ્યે ભાવે લેવા માંડ્યાં. આમાં તેને એટલી મબ્જૂડ કમાણી થઇ કે થોડા જ વખતમાં તેણે પેઢીને પોતાની અંગત માલિકીમાંથી કાઢી નાખીને તેની 'રૉઇટર ટેલિગ્રામ કં. લિ.' સ્થાપી દીધી અને પોતે તેનો મૅને-જિંગ ડાયરેક્ટર બન્યો. અત્યારના સ્વરૂપની રૉઇટરની એજન્સીની આ પ્રથમ સ્થાપના.

રૉઇટરની કીર્તિ હવે વધવા લાગી. જર્મન રાજકુમાર ડયુક ઑફ સેક્સકોબુર્ગ ગોથાએ તેને બૅરન બનાવ્યો. બૅરન પૉલ રૉઇટરે પોતાનો ધંધો ખૂબ વિકસાવી, પોતાના પુત્ર બૅરન હર્બર્ટ રૉઇટરને તેનું સુકાન સોંપી ૧૮૭૯માં નિવૃત્તિ લીધી ત્યાં સુધીમાં તો તે સંસ્થા ફૂદકે ને ભૂસકે એટલી આગળ વધી કે રાજકીય ક્ષેત્રમાં પણ તેની લાગવગ અને વટ વધી પડ્યાં.

૧૯૧૪નું મહાયુદ્ધ ફાટી નીકળતાં રૉઇટરનો સિતારો ફરી ચમક્યો. સાથે એક અકસ્માતે તેના ઇતિહાસમાં પલટો આણ્યો. યુદ્ધની શરૂઆતમાં જ હર્બર્ટ રૉઇટર ગુજરી ગયો. હવે આવી મોટી બ્રિટિશ સમાચારસંસ્થાનું સુકાન કોને અપાય તો ઠીક, તેના બ્રિટિશ પ્રજાના મોવડીઓ દરેક દૃષ્ટિબિંદુથી વિચાર કરવા લાગ્યા. સંસ્થા જાહેર રહી, એટલે ગમે તેના હાથમાં ને રહી પડે, રાષ્ટ્રીય હિત જોખમાય, દુશ્મનોને ફાવટ આવે, યુદ્ધના ખબરો રાષ્ટ્રના લાભના ન રહે, અને અંતિમ વિજય હાથમાંથી ચાલ્યો જાય. આવાંઆવાં કારણોને લઇને, ખૂબ વિચારણાને અંતે એ આખી પેઢીનું સુકાન તેના દક્ષિણ આફ્રિકાના એજન્ટ રૉડરિક જોન્સના હાથમાં મૂકવામાં આવ્યું. તે માન્ચેસ્ટરના વતની હતા અને 'રૉઇ-ટર્સ'ના છ વિભાગોમાંના એકના જનરલ મૅનેજર હતા.

૩૯ વરસના આ જુવાન મૅનેજરે એજન્સીની લગામ હાથમાં લેતાં વેંત જ એક કામ કરી નાખ્યું. 'રૉઇટર્સ' લિમિટેડ હોઇને સાર્વજનિક સંસ્થા હતી અને જાહેરમાંથી કોઈને પણ તેના શેરહોલ્ડર બનવાનો હક હતો, એટલે શત્રુપક્ષના કોઈ પણ માણસ તેના શેરહોલ્ડરો બનીને તેના કામમાં ડખલ કરી શકે અને તેના સમાચારોની નિષ્પક્ષતામાં અંતરાય નાખી શકે. આથી રૉડરિક જોન્સે તનતોડ મહેનત કરી એક ખાનગી સિન્ડિકેટ ઊભી કરી અને તેની દ્વારા છ લાખ પૌંડના શેર ખરીદી લઇ 'રૉઇટર'ને એક હાથમાં લઈ લીધી. આ સફળતા થયા પછી મહાયુદ્ધમાં રૉઇટર્સે એવી સરસ સેવા બજાવી કે બ્રિટનની જીતમાં તે મોટો જશ ખાટી જઈ શકે.

યુદ્ધ બાદ રૉડરિક જોન્સે પોતાનુ રહ્યુંસહ્યું કામ પૂરું કરી એવી વ્યવસ્થા કરી કે એ કંપનીની સત્તાના બદલા શેરહોલ્ડરોથી પણ ન થાય. ઈંગ્લંડમાં બધાં પત્રોની માલિકીની 'પ્રેસ એસોસીએશન' નામની એક સમાચાર-સંસ્થા હતી. તેની સાથે રૉઇટર્સને જોડી દઇને રૉડરિક જોન્સે તેને સમગ્ર બ્રિટિશ પ્રેસ (પત્રકારત્વ)ના હવાલામાં સોંપી અને પોતે તથા થોડા વ્યવસ્થાપકોએ 'પ્રેસ-એસોસીએશન' વતી ટ્રસ્ટી બની આખા પેઢીને પોતાના વહીવટમાં લઇ લીધી. તેના શેરહોલ્ડરોને પણ વ્યવસ્થામાં ડખલ ન કરવાની શરતે જ શેરો આપવામાં આવ્યા. આજે એ આખી સંસ્થા રૉડરિક જોન્સ અને 'બ્રિટિશ પ્રેસ'ના સંયુક્ત કબજામાં છે. સર જોન્સના મરણ પછી તે બ્રિટિશ પત્રોના કબજામાં ચાલી જશે. આ રીતે સંસ્થાને સર્વથા રાષ્ટ્રીય બનાવવામાં આવી.

છતાં તેનું કાર્ય તો સંપૂર્ણપણે આંતરરાષ્ટ્રીય છે. કેમકે આજે દુનિયામાં કામ કરતી લગભગ બધી— ત્રીસેક જેટલી સમાચારસંસ્થાઓ 'રૉઇટર્સ' સાથે જોડાઈ તેને ખબરો મોકલી આપે છે. રૉઇટર્સ પોતાને સુયોગ્ય લાગે તેમ તે ખબરો પ્રકટ કરે છે.

૧૯૧૪ના પ્રથમ મહાયુદ્ધ પહેલાં ખબરો ભેગા કરવા માટે ખબરીઆ રાખવામાં આવ્યા હતા. તેઓ 'ચાલનાર' અને 'દોડનાર' એમ બે ભાગમાં વહેંચાએલા હતા. દોડનાર ઉપયોગી ખબરો ઝડપથી લાવી વધારાના તેર પેન્સ મેળવતો. આસમાનીસુલતાનીવાળા અધિક ઝડપી સમાચારો વળી 'સાઇક્લિસ્ટ' પૂરા પાડતા. આ બધા ઝડપી ખબર મિનિટના વીસને હિસાબે ટેલીગ્રાફ પ્રિન્ટરના ફૉર્મ ઉપર મોકલાતા. આજે તો વિજ્ઞાનની



રૉઈટર્સને આજની સ્વતંત્ર કક્ષાએ પહોંચાડનાર તેનો સર્વસત્તાધીશ નિયામક • સર રૉડરિક જોન્સ

ઝડપ

એ રૉઈટરનો મુદ્રાલેખ છે. એક ત્વરિત યંત્રની પેઠે સતત વેગથી ચાલતી એ સંસ્થાની કામગરી એટલી તો ઝડપભરી છે કે દુનિયામાં થએલા કોઈ ધરતીકંપની ધૂળ હજી તો શમી ન હોય, યુદ્ધક્ષેત્ર પર તોપનો છેલ્લો ધડાકો હજી સંભળાતો હોય, કે ક્યાંક કોઈ ભાષણ પૂરું થયાની તાળીઓ હજી ગગડી રહી હોય ત્યાં તો તમારા છાપાના છેલ્લા વધારામાં કે રેડિયો પર રૉઈટર તમને તેના ખબર આપે!

પ્રગતિને લીધે મિનિટે ૯૦થી ૧૨૦ શબ્દોના હિસાબે કામ કરતાં ટેલીપ્રિન્ટરો કામ કરે છે. 'રૉઇટર્સ' એ પ્રકારનાં બધાં આધુનિક સાધનોથી સજ્જ થએલી સંસ્થા છે. રેડિયો અને તારવ્યવસ્થાથી ખબરોની એટલી તો ઝડપી જાઆવ આજે થાય છે કે આપણી કલ્પના ઠંડી થઈ જાય! દાખલા તરીકે અમેરિકાથી દૂર પૂર્વમાં ચીન સુધી આ સમાચારસંસ્થા ૬૦ સેકન્ડમાં વાયર-લેસથી ઇનગ્લૅન્ડને રસ્તે સંદેશાઓ મોકલે છે. આટલાંટિક ઓળંગી ઈંગ્લંડ પહોંચતાં તો માત્ર ૧૩ સેકન્ડ લાગે છે. જનરલ પોસ્ટ ઑફિસનાં બીમ સ્ટેશનોના ગગનચુંબી મીનારાઓ ઉપરથી સમાચારો વિદ્યુતની પાંખે ચઢી ભૂગોળના સર્વ ભાગો ઉપર ઝબકે છે. આ પ્રમાણે આ સદાજાગૃત બ્રિટિશ સમાચારસંસ્થા દુનિયાને સમાચારોથી સાંકળી નાખતી રાતદિવસ કામ કર્યા જ કરે છે.

(એડિનબરોના 'ચેમ્બર્સ જર્નલ'માંથી) **દેવેન્દ્ર મજમુંદાર**

કાળપ્રવાસ

જગનામી અંગ્રેજ સાહિત્યકાર

એચ. જી. વેલ્સની
એક અદ્ભુત કલ્પનાકથા

માણસ જેમ ઉત્તર દક્ષિણ પૂર્વ કે પશ્ચિમ એમ બધી 'દિશાઓ'માં સફર કરી શકે છે તેમ ભૂત અગર ભવિષ્ય 'કાળ'માં પણ સદેહ મુસાફરી કરી શકે તો કેવી મઝા પડે ? અમુક લાખ વર્ષ પર શું બન્યું હતું અથવા અમુક લાખ વર્ષ પછી શું બનશે તે એ કાળમાં પ્રવાસ કરીને જો પોતાની સગી આંખે તે જોઇ ને જાણી શકે તો તેને કેટલો આનંદ થાય ? આ કલ્પના કેવી મનોરંજક છે ? વિખ્યાત અંગ્રેજ ગ્રંથકાર મિ. એચ. જી. વેલ્સે આવો એક કાળપ્રવાસ કલ્પીને કાળપ્રવાસીને અને કાળયંત્રને જન્મ આપ્યો છે !

પહેલી નજરે તો, ખરેખર, આ ખ્યાલ કોઇને પણ બેહૂદો, કલ્પનાશીલ અને વિલક્ષણ લાગશે; પણ કલ્પના સિવાય તો કઈ વસ્તુ સાધ્ય થઈ છે ? આપણા સમક્ષ બનતી વસ્તુઓ સિવાય બીજું કાંઇ આપણે કલ્પી જ શકતા ન હોત તો કદી પ્રગતિ થઈ શક્ત નહિ. કલ્પનાવિહોણી દુનિયા તદ્દન નીરસ હોત. જે જે શોધકોએ મહાન શોધો કરી છે તેની તેમણે પ્રથમ મનમાં કલ્પના કરી તેનું સર્જન કર્યું છે. આના સંબંધમાં આપણે મોટરકારો, બલૂનો, હવાઇ વિમાનો, સબમરીનો વગેરેનો દાખલો લઇએ. જે જમાનામાં એ શોધાઇ ન હતી તે જમાનામાં એની કલ્પના કેટલી અશક્ય લાગી હશે ? વળી હાલમાં કેટલાક સમયથી એક ગ્રહમાંથી બીજા ગ્રહમાં જવા માટે અવકાશ-પ્રવાસનાં સાધનો શોધવા પાછળ વૈજ્ઞાનિકો માથાકૂટ કરી રહ્યા છે. આવી બેહૂદી અને અસંભવિત જણાતી કલ્પના પ્રથમ જુલે વર્ન નામના ફ્રેંચ ગ્રંથકારને સ્ફૂરી, અને એણે ખૂબ મોટી તોપના પોલા ગોળામાં ત્રણ મુસાફરોએ ચંદ્રનો પ્રવાસ કર્યાનું કલ્પિત પુસ્તક લખ્યું. આના આધારે પ્રગતિ કરતાં વૈજ્ઞાનિકોએ રૉકેટશિપ–હવાઈના ધક્કાના બળથી ચાલતા અવકાશયાન–ની સંપૂર્ણ યોજના કરી છે, અને તેનાથી આ પ્રવાસ કરી શકાશે એમ તેમને ખાત્રી છે. એ જ રીતે આજના વિખ્યાત અંગ્રેજ ચિંતક અને લેખક મિ. એચ. જી. વેલ્સે કાળપ્રવાસની કલ્પના કરી 'કાળયંત્ર' નામનું એક પુસ્તક લખ્યું છે. તેમાં એક મુસાફર પાસે એ ભવિષ્ય કાળમાં મુસાફરી કરાવે છે, અને તે સમયમાં મનુષ્યજાતિ કેવી દશાએ પહોંચી છે અને પૃથ્વીની શી સ્થિતિ છે વગેરે વસ્તુઓનું તેની પાસે અવલોકન કરાવે છે. એ વાર્તાનો ટૂંક સાર નીચે આપ્યો છે.

વસ્તુમાત્રના અસ્તિત્વ માટે લંબાઈ, પહોળાઈ અને જાડાઈની જરૂર છે. એ ત્રણને સ્થળ-પરિમાણ કહે છે; પરંતુ તદુપરાંત સમય અથવા કાળ પણ પ્રત્યેક વસ્તુના અસ્તિત્વ માટે જરૂરી છે, કારણ કે કોઇપણ વસ્તુ અમુક 'સમય'ને માટે હયાતીમાં આવ્યા સિવાય અસ્તિત્વમાં આવેલી હોઈ શકે જ નહિ. આનું નામ કાળ-પરિમાણ, અને તે ચોથું પરિમાણ છે. એક કાળમાંથી બીજા કાળમાં મુસાફરી કરવી એનું નામ કાળપ્રવાસ.

એક પ્રોફેસર હતો. એણે એવા પ્રકારનું યંત્ર બનાવ્યું હતું કે જેનાથી તે એક કાળમાંથી બીજા કાળમાં મુસાફરી કરી શકે. એ કોઇ ધાતુ અને ચળકતી વસ્તુઓનું બનાવેલું હતું, અને તેમાં હાથીદાંત અને કચકડા પણ વાપરેલો હતો, તથા તેના પર બેસીને મુસાફરી કરવા એમાં એક જીન ગોઠવેલું હતું. આ યંત્રથી તેણે ભૂત અગર ભવિષ્યકાળમાં મુસાફરી કરવાની શક્તિ મેળવી હતી. જેમ સ્થળ-પરિમાણમાં યંત્રની મદદથી ગુરુત્વાકર્ષણાદિ નિયમોને આપણે કબજામાં લાવી ઊંચેનીચે જઈ શકીએ છીએ, તેમ આ યંત્રથી કાળપ્રવાસ કરી શકાય એવો તે દાવો કરતો હતો. વળી, તેણે એના પ્રયોગ માટે મોટામોટા યંત્રની પ્રતિકૃતિરૂપ એક નાનું યંત્ર બનાવ્યું હતું અને એને પોતાના મિત્રોની હાજરીમાં કાળપ્રવાસે મોકલ્યું હતું.

એક સમયે કાળપ્રવાસીને ઘેર એના મિત્રો આવ્યા હતા ત્યારે તે ઘેર ન હતો. 'થોડા સમય માટે હું બહાર જાઉં છું તેથી તમારે મારી રાહ જોવી' એવી ચિઠ્ઠી લખી એ મૂકી ગયો હતો. એટલે તેઓ એક ઓરડામાં એની રાહ જોતા બેઠા હતા. તેઓ એના કાળપ્રવાસની શક્યાશક્યતા વિષે વિવેચન કરતા હતા એટલામાં તે અતિશય શ્રમિત થએલો અને મેલાં કપડાં સાથે લંગડાતો ઓરડામાં દાખલ થયો. એના મોં પર તાજો રૂઝાએલો ઘા દેખાતો હતો અને એનાં મોજાં ફાટી ગયાં હતાં. એને આવી દશામાં જોઈ ને એના મિત્રો આશ્ચર્યચકિત થયા, અને ઉપહાસ રૂપે તે કાળમાં પ્રવાસ કરવા તો નહોતા ગયો એવો પ્રશ્ન પૂછ્યો. એણે ઉત્તર દીધો, 'તમે માનો યા ન માનો, પણ હું ખરેખર કાળપ્રવાસે ગયો હતો, અને છેલ્લા ચારથી આઠ કલાકમાં



ત્યાં એક બહુ મોટું, જબરદસ્ત, ઘસાઈ ગએલું, સફેદ આરસનું, સ્ફિંક્સ જેવું પૂતળું હતું.

બીજા કાળમાં એક અઠવાડિયાનું જીવન ગાળી આવ્યો છું.' થોડીવારે પરવારી તેણે પોતાનો વૃત્તાંત શરૂ કર્યો.

કાળયંત્રના જીનપર સવાર થઈને એનો દાંડો દબાવ્યો એટલે આંચકા સાથે કાળપ્રવાસ શરૂ થયો. કળ ફેરવતાં જેમ દીવો નાનોમોટો થાય છે એમ રાત્રિ અને દિવસની અકલ્પ્ય રીતે ત્વરિત ગતિ શરૂ થઈ. કાનમાં તમરાં વાગ્યાં અને મનમાં સહેજ ગૂંચવણનો ભાવ જણાયો. આકાશમાં સૂર્ય ત્વરિત ગતિથી નૃત્ય કરતો અને પછી દેવતાની રેખાની માફક ઝળકતો જણાયો. ચંદ્ર એની વિવિધ કળાઓના સ્વરૂપમાં ત્વરાથી પરિભ્રમણ કરતો અને પછી ઝાંખાં ઝોલાં ખાતા પટાની માફક દેખાયો. રાત્રિ અને દિવસના ધબકારા સતત ભૂખરા રંગના આકારના જણાયા અને તારા થોડાથોડા અંતરે એક ઝળકતા અતિ પ્રકાશિત વર્તુળની જેમ જણાયા. દુનિયા ઝાંખા સ્વરૂપે અતિશય ભારે ત્વરિત ગતિથી સરી જતી જણાઈ. આખરે એક સ્થળે કળ દબાવતાં યંત્ર ગોટીમડાં ખાવા માંડ્યું અને કાળપ્રવાસી અધોમુખ સ્થિતિમાં જમીન પર પછડાયો.

કેવા પ્રકારની દુનિયા જોવા મળશે એવા કુતૂહલથી એ જમીન પર પટકાયો ત્યારે ત્યાં ઝાકળ વરસતું હતું અને ધુમ્મસ છવાયું હતું. આસપાસનો દેખાવ ફુલઝાડના બગીચા જેવો હતો, અને ત્યાં એક બહુ મોટું, જબરદસ્ત, ઘસાઈ ગએલું, સફેદ આરસનું, સ્ફિંક્સ જેવું પૂતળું હતું. જમીન પર નિશ્ચેતન અવસ્થામાં એ પડ્યો હતો તેમાંથી ઠેકાણે આવતાં એણે પેલા સફેદ પૂતળા નજીક આશરે ચાર ફૂટ ઊંચાં, જાંબુડિયા રંગના ઝભ્ભાવાળાં, કેટલાંક નાનાં, નાજુક, દોડતાં માનવ-પ્રાણીઓના ખભા અને માથાં દેખ્યાં. યંત્ર ઉપર નજર કરતાં અંતર બતાવનારા ચંદામાં આઠ લાખ બે હજાર સાતસો ને એકની સાલ પર કાંટો આવેલો જણાયો. ધુમ્મસનો પડદો હવે તદ્દન ઓછો થઈ ગયો હતો અને સૂર્યોદયની તૈયારી હતી.

તેમાંનું એક પ્રાણી કાળપ્રવાસીની નજીક આવી સ્મિત સાથે એની સામે જોઈ રહ્યું. પછી ઘણાં પ્રાણીઓ એની આસપાસ વીંટળાઈ વળી એને તપાસવા માંડ્યાં. તેઓ અતિશય લાવણ્યમય અને કોમળ હતાં, પણ તેમનામાં બુદ્ધિનો ઝાઝો અંશ ન હતો. તેમના વાળ એકધારા વાંકડિયા હતા અને તે બોચી તથા ગાલ આગળ આવી અટકી જતા હતા. ચહેરા પર એકે વાળ ન હતો. એમના કાન બહુ સૂક્ષ્મ હતા, મોં એકદમ નાનાં

હતાં અને હડપચીઓ અણીદાર હતી. આંખો મોટી ને કોમળ હતી, પણ રસવૃત્તિની એમનામાં ખામી હતી. તેઓ કૂજન કરતા હોય એમ એકમેકની સાથે વાતો કરતા હતા, પણ કાળપ્રવાસી અને તેઓ એકબીજાને પોતાની વાત સમજાવી શકતા ન હતા.

પૂરો નિહાળ્યા બાદ તેઓ એને એક જબરદસ્ત દરવાજાવાળા મોટા મકાનમાં લઈ ગયા. ત્યાં સ્થળે સ્થળે કોતરકામ કરેલું હતું અને જમીન કોઈ સફેદ કઠણ ધાતુની બનાવેલી હોઈ ખૂબ ઘસાઈ ગઈ હતી. તેમાં ઘસેલા પથ્થરનાં તૂટેલાં અસંખ્ય ટેબલો મૂકેલાં હતાં અને તેના પર કોઈક ફળના ઢગલા પડેલા હતા. ટેબલો વચ્ચે તકિયા વિખરાએલા પડ્યા હતા. એના પર તેઓ બેઠા અને કાળપ્રવાસીને પણ બેસાડ્યો. પછી તેમણે પેલાં ફળ ખાવાં શરૂ કર્યાં. ફળ બહુ મિષ્ટ હતાં અને તે જ માત્ર એમનો એકનો એક ખોરાક હતો.

નષ્ટપ્રાય ભપકાની સ્થિતિ પર આવી ગએલી દુનિયા તેણે દીઠી. મોટાં મકાનો ને મહેલાતો જીર્ણ અવસ્થાએ પહોંચેલાં જ્યાંત્યાં દૃષ્ટિએ પડતાં હતાં. નાનાં મકાનોનું તો નામનિશાન જણાતું ન હતું. કૌટુંબિક સંસ્થાનો પણ લોપ થએલો હતો. એ મનુષ્યોમાં નરનારીને જુદાં પાડી બતાવે એવો પોશાકનો ફેરફાર કે રીતભાતનો ભેદ જણાતો ન હતો. વળી, સ્થળે સ્થળે ઘુમ્મટો નીચે કુવાના જેવાં બાંધકામ નજરે પડતાં હતાં. એક ક્ષણ માટે એને ત્યાં સામ્યવાદ પ્રચલિત થએલો હોવાનો વિચાર આવ્યો, પણ એ વાસ્તવિક ન લાગ્યો. જનતા સંસ્કૃતિની ટોચ પર પહોંચી જઈ હવે ક્ષીણ દશામાં આવી પડેલી તેને લાગી. જે જનતા એક સમયે સબળ, ઉત્સાહી અને બુદ્ધિમાન બની હતી તેની પ્રતિક્રિયાનું કામ હવે શરૂ થયું હતું. એ લોકોની શારીરિક ક્ષુદ્રતા, બુદ્ધિની ખામી અને અસંખ્યાત ખંડેરો એ પ્રતિક્રિયાના પરિણામ રૂપે હતાં.

પોતાની નજરે પડેલા આ માનવ કુળના ભાવી વિષે તે મનન કરી રહ્યો હતો, એટલામાં એક વિચિત્ર ઘટના બની. સૂર્યાસ્ત થઈ ચૂક્યો હતો અને ચંદ્રનો ઉદય થયો હતો. જે સ્થળે એ બેઠા હતા ત્યાંથી પેલા પૂતળા તરફ નજર નાખતાં એનું કાળયંત્ર ગુમ થએલું જણાયું. એનો તો જીવ જ ઊડી ગયો! ગાંડાની જેમ એ આમ તેમ દોડવા માંડ્યો. એ કોણ લઈ ગયું એની તેને ગમ પડી નહિ. એને ભય વ્યાપ્યો કે પોતે કદાચ આ અજાણ્યા યુગમાં ફસડાઈ તો નહિ પડે! એણે પેલા મોટા મકાનમાં જઈ ત્યાં સૂતેલાં પ્રાણીઓને પ્રશ્નો પર પ્રશ્નો પૂછી અકળાવી નાખ્યાં. તેમને આમાં કાંઈ સમજ નહિ પડવાથી તેઓ ભયભીત થયાં. બહાર નીકળી તપાસ કરતાં એણે પેલા પૂતળા સુધી જમીન પર ઘસરકા પડેલા દીઠા, જેથી તે યંત્રને તે પૂતળા નીચેની બેસણીમાં સંતાડેલું હોવાની એને જાણ થઈ. એણે પથ્થર વડે બેસણીની તકતીઓ તોડવા પ્રયત્ન કર્યો, પણ તે તૂટી નહિ. પેલાંમાંનાં કેટલાંક પ્રાણીઓ એને એમ કરતો જોઈ બહુ નાખુશ થતાં જણાયાં. એણે તેમને એ બેસણી વિષે પ્રશ્ન પૂછવા માંડ્યા, પણ તેનો ઉત્તર આપવાને બદલે તેમને બહુ માઠું લાગ્યું, અને તેનાથી તેઓ દૂર ભાગવા લાગ્યાં. તેણે એ વાત પડતી મૂકી, એટલે એકબે દિવસમાં તેઓ તેના પ્રત્યે પ્રથમની માફક વર્તવા લાગ્યાં. તેણે એમને દીવાસળીઓ સળગાવી ખુબ ખુશ કર્યાં, કેમકે તેઓ દેવતાને અને દીવાસળીને સદંતર ભૂલી ગયાં હતાં!

પછી તેણે એમની ભાષા શીખવા માંડી. એ બહુ જ સાદી, થોડા શબ્દોવાળી અને બહુ સાદા વિચારો દર્શાવી શકે એવી હતી. પેલા ઘુમ્મટોની નીચે જે કાંસાનાં પતરાં મઢેલા કુવા જેવાં બાંધકામ એના જોવામાં આવ્યાં હતાં તે તરફ એ ગયો. એમાં મુદ્દલ પાણી જણાતું ન હતું. દીવાસળી સળગાવી તેમાં ધરતાં એની જ્યોતના હલનચલનથી તેણે જાણ્યું કે એમાં કોઈ યાંત્રિક પ્રબંધથી પવનનો પ્રવાહ ચાલતો હતો. એક કાગળની કાપલી તેમાં નાંખતાં તે પવનથી ખેંચાઈ અંદર સીધી ચાલી ગઈ.

વળી, એ કુવાઓનો સંબંધ અહીંતહીં માલૂમ પડતા મિનારાઓ સાથે હોવાનું તેણે કલ્પ્યું, કેમકે તે મિનારાઓમાંથી સૂક્ષ્મ વાયુની વરાળો નીકળતી જણાતી હતી. પણ આ લોકોમાં કોઈ પણ પ્રકારની સર્જક શક્તિ કે કોઈ પ્રકારના સંસ્કૃતિ સાથે સંબંધ ધરાવતા કાર્યનો પ્રબંધ જણાયો નહિ. ખાવું, પીવું, નાચવું, ગાવું ને સૂતા રહેવું તે સિવાય બીજું કોઈ કાર્ય તેઓ કરતા ન હતા. એકંદરે તેઓ અકર્મમય જીવન ગાળતા હતાં. દુઃખ અને જરૂરિયાતોની સરાણી પર મનુષ્ય પાણીદાર બને છે, પણ નિર્ભયતાની અને સુખમય પરિસ્થિતિ પ્રાપ્ત થતાં એ નિરંકુશ સરાણીનો નાશ થઈ ગએલો હોય છે એ ચોકખું જ છે; અને એ સ્થિતિ

એ લોકો પ્રાપ્ત કરી ચૂકયા હતા. પણ સુંદર કપડાં, ચાખડીઓ વગેરે તેમની સામાન્ય જરૂરિયાતની ચીજો તેઓ કેવી રીતે મેળવતા હતા તેની કાંઇ સમજ પડતી ન હતી. આ પ્રકારના એના મનના ગોટાળામાં કાળ-પ્રવાસીને તે સ્થળે એક મિત્રાચારીનું સ્થળ સાંપડ્યું. એક નાની બાળા નહાવા પડતાં ડૂબવાની તૈયારીમાં હતી તેને એણે બચાવી. એનું નામ વીણા હતું. પેલાઓમાંના ઘણા એને ડૂબતી જોઈ રહ્યા હતા, પણ તે લોકોની સમજશક્તિ અથવા બુદ્ધિ એવી ખામાભરેલી હતી કે તેમાંના કોઇએ એને બચાવવા પ્રયત્ન કર્યો નહિ. એ બાળાનો થોડા સમયમાં કરુણ અંત આવ્યો ત્યાં સુધી તે નિરંતર આ કાળપ્રવાસીની સોબતમાં રહી.

પેલા લોકો અંધકારથી બીતા હતા તેથી રાત્રે તેઓ બધાં મોટાં મકાનોમાં ટોળાબંધ સૂઈ રહેતાં હતાં. કાળ-પ્રવાસીને એક વખતે અંધકારમાં કેટલીક સફેદ આકૃતિઓ જણાઇ. તેઓ કોઇ કાળી વસ્તુને ઉપાડીને લઈ જતી હતી. એણે એક આકૃતિને જોવા દીવાસળી સળગાવી, તો તેના પ્રકાશથી ગભરાઈ તે માથું નીચું નમાવી દોડતી કાળા ઓળાઓમાં સંતાઈ ગઇ. વળી એક ઢગલા પાછળ અંધારામાં ઝગારા મારતી આંખો જોતાં એણે બીજી દીવાસળી સળગાવી, એટલે બીજી એક આકૃતિ ઝપાટાબંધ નજીકના કૂવા તરફ દોડી તેમાં ઊતરી ગઈ. તે કોઇ માનવપ્રાણી હોઇ જાણે માનવ કરોળિયો ન હોય એવું જણાતું હતું! કાળપ્રવાસીએ આના વિષે અનેક તર્કો કર્યા. છેવટે તે એવા નિર્ણય પર આવ્યો કે ભવિષ્યનું માનવી બે જાતિઓમાં વહેંચાઈ ગયું હતું. એક તો પેલું ઉપર રહેતું નાજુક સુ-લલિત પ્રાણી. અને બીજું આ રૂની પૂણી જેવું સફેદ, ગલીચ ભૂગર્ભમાં રહેતું નિશાચર પ્રાણી. ઉપર રહેતાં પ્રાણી 'ઈલોઈ' નામથી ઓળખાતાં હતાં, અને ભૂગર્ભનાં પ્રાણી 'મૉર્લોક' નામથી ઓળખાતાં હતાં. હવે આ ભૂગર્ભના કુવા ને ભોંયરા વિષે એને સમજ પડી. વળી આ દુષ્ટ પ્રાણીઓએ જ એનું કાળયંત્ર ખસેડ્યું હતું એની પણ એને ખાત્રી થઈ.

વીણા હવે કાળપ્રવાસી જોડે પૂરેપૂરી હળી ગઈ હતી. તે એને ખભાપર ઊંચકી બધે ફરતો. એક વખત ભૂગર્ભનાં પ્રાણીઓની તપાસ કરવા એ વીણાને બહાર મૂકી કૂવામાં ઊતર્યો. કૂવો આશરે બસો વાર ઊંડો હતો અને તેમાં ઊતરવાને ધાતુના કટકા ભીંતમાં જડેલા હતા. છેક નીચે પહોંચતાં અંધારાના ઓળાઓમાં કોઇ યંત્ર ચાલતાં તેણે દીઠાં. ત્યાં તે આરામ લેવા સૂતો અને સહેજ નિદ્રાથી ઘેરાયો, એટલામાં તો પેલામાંનાં કેટલાંક ગલીચ પ્રાણીઓ એને વળગી પડ્યાં. તે મહા મુસીબતે એમને મારતો, કૂટતો, એમનાથી છૂટ્યો, અને દીવાસળીઓ સળગાવી પ્રકાશમાં એમની આંખો આંજી નાખી. પછી ત્યાંથી દોટ મૂકી ભીંતોમાં જડેલા હાથા પકડી તે ઉપર આવ્યો.

હવે એને એ લોકો વિષે વધારે સમજણ પડી. જમીન નીચે રહેનારાં માનવીઓ માંસાહારી હતાં અને તેઓ ઉપરનાં મનુષ્યોના માંસનું ભક્ષણ કરતાં હતાં. આ પરથી ઉપરનાં મનુષ્યોનો અંધકાર વિષેનો ભય તે સમજી શકયો. મનુષ્યની વિકાસક્રિયામાંથી જન્મેલી આ બે જાતિઓ તદ્દન નવા સંબંધમાં જોડાવાને અધો-મુખ પ્રયાણ કરી રહી હતી, અગર નવો સંબંધ બાંધી ચૂકી હતી. 'ઇલોઇ' લોકો જે એક વખત કૃપાપાત્ર અમીર વર્ગનાં માનવી હશે તેઓ હવે સુંદર નિષ્ફળ-તાની અધોગતિએ પહોંચ્યાં હતાં, અને 'મૉર્લોક' લોકો અસંખ્ય જમાનાઓથી એમનાથી ચડિયાતા દરજ્જાના માનવીઓથી ભૂગર્ભમાં ધકેલાએલા હોઇ હવે પ્રકાશિત ભૂમિતળને સહન કરી શકતા ન હતા, અને ઉપરનાં માનવીઓની કપડાં વગેરેની જરૂરિયાતો પૂરી પાડ-વાનું કાર્ય, માત્ર સેવા ઉઠાવવાની જૂની ટેવ હજી તેમનામાં રહેલી હોવાથી, કર્યે જતા હતા. હવે જૂનો ક્રમ થોડે અંશે ઉલટાવા માંડ્યો હતો. મનુષ્યે પ્રકૃતિ પર અને પોતાના ભાઇ પર એક સમયે વિજય મેળવ્યો હતો, અને હવે ઈશ્વરી ન્યાય ઝપાટાબંધ આવી પહોંચ્યો હતો. 'ઈલોઇ' લોકો જેઓ ભયને સમૂળગો ભૂલી ગયા હતા તેઓ હવે બીકથી પુનઃ પરિચિત થતા હતા, અને 'મૉર્લોક' લોકો પોતાને ખાવાનું ખૂટવાથી ઉપર રહેનારા પોતાના ભાઇઓનું માંસ ખાવાનું શીખ્યા હતા!

પોતાનું કાળયંત્ર પાછું મેળવવા કાળપ્રવાસીએ એ પ્રદેશમાં ખૂબ ભટકવા માંડ્યુ. એને 'મૉર્લોક' લોકોની ખાસિયતોથી વાકેફ થવું હતું અને તેમને મહાત કરવા સાધનોની પ્રાપ્તિ કરવી હતી. ફરતાં ફરતાં તે એક ચીનાઇ ચલાણાના જેવી વસ્તુની બનાવેલી મહેલાત પાસે આવી પહોંચ્યો. તે આપણા પછીના ઘણા લાંબા

કાળનું એક સંગ્રહસ્થાન હતું. એમાં આપણા કાળના તથા ત્યારપછીનાં અગણિત વર્ષોના કાળના જાતજાતના નમૂનાઓ, કેટલાક નાશ પામેલા, કેટલાક અર્ધ નાશ પામેલી સ્થિતિમાં, અને કેટલાક જળવાઈ રહેલા એના જોવામાં આવ્યા. વિવિધ પ્રકારનાં નવીન યંત્રો, અજ્ઞાત પ્રાણીઓના અવશેષો, પુસ્તકોનાં બદામી રંગનાં ચીંથરાં જેવા થઈ ગએલાં પાનાના કટકા, જુદીજુદી જાતનાં હથિયારો, રાસાયણિક પદાર્થો વગેરે વિવિધ વસ્તુઓ તેણે ત્યાં જોઈ. એ બધાંમાં એક કાચની સીલ કરેલી બરણીમાં જળવાઈ રહેલો કપૂરનો કટકો, અને તે વખતના સમય સુધી જળવાઈ રહેલી દીવાસળીની પેટી એ બે વસ્તુઓ 'મૉર્લૉક' લોકોને બીવડાવવાના ઉપયોગમાં આવે એવી જણાવાથી એણે બહુ આનંદ સાથે લઈ લીધી. વળી, યંત્રોના આખા તથા ભાગ્યાતૂટ્યા સંગ્રહમાંથી એક ગદા જેવો જાડો સળિયો મૉર્લૉક લોકોને ફટકારવા તેણે પસંદ કરી લીધો. સૂર્યાસ્તનો સમય થતાં એણે તે સ્થળ છોડ્યું.

ત્યાંથી નીકળી પેલા પૂતળાના માર્ગ તરફ પ્રયાણ કરતાં એક જંગલ આવ્યું. રાત્રિ પડવા માંડી હતી અને કૃષ્ણપક્ષના અંધકારમાં પેલા 'મૉર્લૉક' લોકોના ઉપદ્રવની એને ભારે બીતિ હતી. જંગલની મધ્યમાં આવ્યા બાદ અહીંતહીંથી સૂકા સાંઠીઓ ભેગી કરી પોતાને પ્રકાશ મળે એટલા માટે તે સળગાવી દેવતા પેટાવ્યો, અને વીણાને પોતાના જૅકેટમાં લપેટી એને ઊંચકી આગળ ચાલવા માંડ્યું. એટલામાં ધૂ ધૂ કરતા અવાજો એના કાને પડ્યા અને જંગલમાં હલનચલન જણાવા માંડ્યું. એનો પેટાવેલો અગ્નિ હવે દૂર પડી ગયો હતો, અને મૉર્લૉકોનાં ટોળે ટોળાં એના પર ધસી આવ્યાં. એ ધમાચકડીમાં એણે વીણાને જમીન પર મૂકી ગજવામાંથી દીવાસળીની પેટી કાઢવા માંડી. દીવાસળીની પેટી કાઢી પ્રકાશ કરી પેલું કપૂર સળગાવ્યું અને 'મૉર્લૉકો'ને આંજી નાખી પેલી ગદાથી મારઝૂડ કરી હાંકી કાઢ્યાં, પણ વીણા ગુમ થઈ હતી! વળી એ એની દિશા ભૂલ્યો અને એના પેટાવેલા અગ્નિએ હવે ચારે તરફ સળગી રહ્યો હતો ત્યાં આવી પહોંચ્યો. એ અગ્નિમાં કેટલાક 'મૉર્લૉકો' અંજાઈને પડ્યા અને મરી ગયા. એણે વીણાની બહુ તપાસ કરી, પણ એનું શબ હાથ આવ્યું નહિ, પણ અગ્નિ બધે પ્રસરી ગએલો હોવાથી તે એના ભયંકર ભાવીમાંથી બચી ગયું હતું એની એને ખાત્રી થઈ.

ત્યાંથી નાસી તે પેલી બેસણી આગળ આવી પહોંચ્યો. આશ્ચર્યકારક ઘટના એ બની કે એનાં કમાડ નીચે બેભણોમાં કોતરી ખુલ્લાં થઈ ગયાં હતાં. કાળયંત્ર પણ અંદર એક ખૂણામાં પડ્યું હતું. એ અંદર પેઠો એટલે કમાડ બીડાઈ ગયાં અને 'મૉર્લૉકો'ના અટ્ટહાસ્યનો ધ્વનિ એના કાને અથડાયો. કેટલાક 'મૉર્લૉકો' એને વીંટાઈ વળી ચારે તરફથી પકડી એના ગળા પર દાંત બેસાડવા માંડ્યા. પેલી ગદાથી તેમને ઝપાટો કાઢી એ જીન પર બેસી ગયો અને કળના દાંડા દબાવી યંત્ર ચાલુ કર્યું. એના શરીરને કેટલાક હાથ વળગેલા હતા તે તરત જ એના પરથી સરી ગયા, અંધકારનો પડદો આંખ પરથી દૂર થયો અને પ્રથમની માફક ભૂખરા તેજમાં અને તોફાનમાં એ પડ્યો.

યંત્ર હજી ભવિષ્યમાં આગળ ચાલતું હતું. આખરે અનેક સૈકાઓ પસાર કર્યા બાદ તેને બંધ કરતાં એ એવા કાળમાં આવી પહોંચ્યો કે જે સમયમાં માનવ જાતિ નાશ પામી ચૂકી હતી અને મોટાં કાચબા જેવાં રાક્ષસી પ્રાણીઓ અને સુકાતા તેમજ પોપડા બાઝતા પાણીવાળા દરિયા પર શેવાળ જેવી લીલોતરી સિવાય કોઈ પ્રકારનું જીવન રહ્યું ન હતું. ત્રણ કરોડથી વિશેષ વર્ષના અંતર બાદ એણે સૂર્યના કદમાં વૃદ્ધિ થએલી દેખી. સૂર્યે રાતા ગરમ ઘુમ્મટની માફક અંધકારમય આકાશનો દસમો ભાગ આવરી લીધો હતો. પૃથ્વીની ધરી પરની ગતિ સ્તંભી ગઈ હતી અને તેનો અંતકાળ પાસે આવતો હોય એવું લાગવા માંડ્યું હતું. સર્વત્ર મૃત્યુમય શાંતિ ફેલાઈ રહી હતી અને અંધકાર ચારે બાજુ પ્રસરી રહ્યો હતો. એને અતિશય ત્રાસની લાગણી થઈ, શ્વાસોચ્છ્વાસ લેવામાં મુશ્કેલી પડવા માંડી અને તે ધ્રૂજવા માંડ્યો તથા જીવ જતો રહે એવી એને ઓકારી આવવા માંડી. એકદમ એણે અવળી દિશામાં મુસાફરી શરૂ કરી અને ધીમે ધીમે જોએલા દૃશ્યનો ઉલટક્રમ આરંભાયો. યંત્રના ચંદાનો કાંટો આરંભના સ્થળ તરફ જવા માંડ્યો. પ્રયોગશાળાની જાણીતી દીવાલો એની આસપાસ આવી અને એણે બહુ જ ધીમેથી યંત્રની ગતિ ઓછી કરી ઊભું રાખ્યું. આમ તે જ્યાંથી ઊપડ્યો હતો ત્યાં પાછો આવ્યો.

કાળપ્રવાસીએ વાત પૂરી કરી; પણ તે કોઇના માન્યામાં ન આવી. પ્રવાસ દરમ્યાન વીણાએ કેટલાંક ફૂલ એના ગજવામાં નાખેલાં તેમાંનાં બે સુકાઈ ગએલાં એને હાથ આવ્યાં તે મિત્રોને બતાવતાં પણ તેમને આ વાતમાં વિશ્વાસ પડ્યો નહિ. કાળપ્રવાસીને થયું કે તે પોતાની સાથે નાનું સીને મશીન લઈ ગયો હોત તો સાબિતી માટે એ સમયના ફોટોગ્રાફ તે લઈ શકત.

થોડા દિવસ બાદ એ કૉડૅકનું બાનું સીને મશીન વગેરે જરૂરી વસ્તુઓ લાવી પોતાના એક મિત્રને અર્ધી કલાક રાહ જોવાનું કહી બીજા પ્રવાસે ગયો. મિત્રે ઘણી વાટ જોઈ પણ તે પાછો ફર્યો નહિ; અને હવે સાચો ફરશે કે નહિ તે શકપડતું છે, કેમકે એને ગયે બે વર્ષ થઇ ગયાં છે, પણ હજી તે પાછો આવ્યો નથી!

ચંદ્રમણિશંકર જેઠાલાલ પંડિત

Our Friends Abroad — પરદેશી મિત્રોના પત્રો

(નીચેનો મેળવનાર: વિનોદચંદ્ર ચુનીલાલ દેસાઈ - અંકલેશ્વર)

81 Peter Road'
Walton, Liverpool (Eng.)

પ્રિય વિનોદચંદ્ર,

હિંદ ખાતે જૅનાથને તમને કલમમિત્ર તરીકે મેળવી આપ્યા તેથી હું બહુ જ રાજી થઈ. મને આશા છે કે આપણે ખૂબ પત્રવ્યવહાર કરીશું.

આવતી તા. ૩૦મી ઑક્ટોબરે મને તેર વર્ષ પૂરાં થશે. તમે સમજી શક્યા હશો કે હું અહીં લિવરપૂલમાં જ રહું છું. બધાં બંદરોની જેમ એ પણ ધમાલભર્યું છે, એટલે મને તો ખાસ બહુ ગમતું નથી; પણ અહીં બીજું ઘણું જાણવાજેવું છે. લિવરપૂલ મર્સી નદીને કાંઠે આવેલું છે અને દુનિયાભરમાં મોટામાં મોટી ગોદી તથા ધક્કા ધરાવે છે. કંઇક દેશોનાં વહાણો અહીં નાંગરે છે. માલ પણ જાતજાતનો ઊતરે છે. બંદર પર જાઓ તો માલની ગબલખ ચડઊતર જોવા મળે.

લિવરપૂલમાં વળી એક મોટી ટનલ (ભોંયરામાર્ગ) છે. તે મર્સી નદીની નીચે હોવાથી તેને મર્સી ટનલ કહે છે. તે અઢી માઇલ તો લાંબી છે. બંદર પરનાં ભારગાડાં તે વાટે નીકળી જાય છે. હું બે વાર તેમાં જઇ આવી છું.

બીજાં કેટલાંક મકાનો જાણીતાં છેઃ સેંટ જ્યૉર્જ હૉલ, ટાઉન હૉલ, લિવરપૂલ બિલ્ડિંગ્સ, લાયબ્રેરી, મ્યૂઝિયમ વગેરે. બે મોટાં દેવળો બંધાય છે તે દુનિયાભરમાં મોટાં ગણાશે. પણ હું તે પૂર્ણ થએલાં જોવા પામીશ નહિ.

હું સ્ટુઅર્ટ કૉલેજમાં ભણું છું અને પંચમશ્રેણીમાં છું. છેલ્લી ટર્મમાં મારે વધારેમાં વધારે માર્ક હતા, એટલે એક ઈનામ મળ્યું હતું. પરીક્ષામાં પણ હું સૌથી ઉપર હતી. મારી પ્રિય રમત ટેનિસ છે. આ સત્રમાં હું તેમાં એક જ વાર હારી હતી. તમે કેવીક રમતો રમો છો ?

મારે ભાઇબેન છે નહિ, પણ બે પાળેલાં પ્રાણીઓ છે. એક છે કુતરી અને બીજું બજરીગાર પંખી. બંને મને વહાલાં છે. કુતરી કંબરલૅન્ડ પરગણાની શીપડૉગ–ભરવાડી કુતરાની જાતની છે અને તેનું નામ લેડી છે. પક્ષીને હું રૅકેલી કહું છું. તે કેટલુંયે બોલે છે. મેં કેટલાંક ગીતો તેને પઢાવ્યાં છે. ઘરનાં બધાંનાં નામ પણ તે બોલી શકે છે. મારા બાપા ઘણીવાર મોટી મુસાફરીઓ બેડી ચૂકયા છે મુંબાઈ પણ બેત્રણ વાર તે આવી ગયા છે. હું હમણાં 'ફાકાફળ' મંડળમાં જોડાઇ છું; પણ પત્રમિત્રો હોય તે તો કેટલું ગમતું છે!

મારી ખાત્રી છે કે તમે તમારા મુલકની ઘણી જાણવા જેવી બાબતો લખશો. તુરતમાં જ તમારી તરફથી એક કાગળ મળશે એવી ઈંતેજારી હાલ ધરાવું છું. તમારો પત્ર આવશે કે તુરત હું લખી નાખીશ, એટલે પત્રો માટે બહુ રાહ જોવી નહિ પડે.

મારા પિતા પંદર દિવસથી લશ્કરીઓની જોડે છાવણીમાં રહ્યા છે. દેશમાં તો હું મારાં માતપિતા જોડે ખૂબ ફરી છું, પણ પરદેશનો પ્રવાસ કદી કર્યો નથી. શાળાનો અભ્યાસ પૂરો થયા પછી જરૂર એકવાર નીકળવું છે.

હવે આ પત્ર જવા દઉં છું અને તમને પૂર્ણ સુખાકારી વખતે મળશે. તમારો પત્ર જલદી આવે એવી આશા સાથે

તમારી અંગ્રેજ પત્રમિત્ર જીન હેઇગ.

નવા પત્રમિત્રોનાં સરનામાં:

Tom Bowman (19 years)
303 West Center Street
WELLSTON Ohio (U.S.A.)

Anthony Gomes, Jr. (20 years)
Rua Dufue de Caxias, 386
Porto Aleqre
RIO GRANDE DO SUL
Brasil (South America)

Mr. Ted Mc-Adam
ITHACA Michigan (U.S.A.)

T. Mehta, c/o Mohamedali Nurbhoy & Sons,
P. O. Box 619,
MOMBASA (B. E. AFRICA)

મીણબત્તીનું ભૂત!

[શ્રી અનંત કાણેકરની ‘બે મીણબત્તીઓ’માંની એકનું]

મૂળ લેખક - શ્રી વિ. સ. ખાંડેકર



ખરેખર, લેખક જાદુગર જ હોય છે! જ્યાં આપણને કાંઇ જ દેખાતું હોતું નથી, ત્યાંથી જ તે સુંદર નવી સૃષ્ટિ નિર્માણ કરે છે. નહિ તો વળી ‘બે મીણબત્તીઓ’માંથી એકાદ સુંદર તત્ત્વનું પ્રતિપાદન કરવા જેવું તે શ્રી કાણેકરને ક્યાંથી સૂઝે? ‘બે મીણબત્તીઓ’ તો શું, પણ પેટ્રોમૅક્સના પાંચદસ દીવા દેખાને પણ આપણને ચાર છ લીટી લખવાનું કદી સૂઝ્યું છે?

બે મિત્રો અને બે મીણબત્તીઓ! જીવનનાં બે વિરોધી ચિત્રો નજર સામે મૂર્તિમંત ઊભાં કરી કાણેકરે કેટલા ટૂંકાણમાં એક સુંદર તત્ત્વ સિદ્ધ કરી બતાવ્યું છે!

‘બે મીણબત્તીઓ’ નામના એમના એ લઘુનિબંધનું રસગ્રહણ કરનારું ભાષણ લખીને પૂરું કરતાવેંત આ જ વિચાર મારા મનમાં આવી ગયો.

પણ તે રાત્રે સૂતા પછી મને એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નામાં પેલી બૂઝાઇ ગએલી મીણબત્તી મારી નજર સામે તરવરવા લાગી. એ મનમાં ને મનમાં બબડ્યા કરતી હતી એ ચોક્ખું દેખાતું હતું.

મેં તેને પ્રશ્ન કર્યો: ‘કોણ છે રે તું?’

‘હું? હું ભૂત છું!’

‘ભૂત?’

‘હા, ભૂત! પેલું પહેલી મીણબત્તીનું ભૂત! પેલા કાણેકરે અને તેં તમારા લેખમાં જેની ભરપૂર નિંદા કરી છે તે જ મીણબત્તી હું છું’’

ભૂતપ્રેતો પર તો મને વિશ્વાસ નથી, પણ એ કદરૂપી મીણબત્તીના એ વિચિત્ર શબ્દો સાંભળી હું મનમાં ખચકાયા વગર તો રહ્યો નહિ.

મીણબત્તી દાંત કચકચાવી કહેવા લાગી: ‘પેલા કાણેકરના ‘‘બે મીણબત્તીઓ’’ના નિબંધ પર તેં પ્રશસ્તિ-લેખ લખ્યો છે ને? હમણાં જ ફાડી નાખ તે! મેં જ તે સળગાવી મૂક્યો હોત. પણ શું કરું? શરીરમાં તો આગ આગ ઊઠી છે, પરંતુ તેને બહાર આવવાની જગ્યા નથી. આ આગ જો બહાર પડી હોત તો, બધાને પ્રકાશ દેનારી મીણબત્તીને, જગતને માર્ગ દેખાડનારી મીણબત્તી કહીને તેં જ મારી પ્રશંસા કરી હોત’’

તેને શું કહેવું છે તે મને બરાબર સમજાયું નહિ; પણ તેના આ ઉકળાટ પછવાડે કંઇક ઊંડો ભાવાર્થ તો છે જ એવો મને ભાસ થયો. મેં ધીમા સ્વરે કહ્યું: ‘તારે શું કહેવું છે તે તું છૂટથી મને કહે.’

‘તમે લેખકો બડા લુચ્ચા હો છો એટલું જ મારે કહેવું છે! તમને સૌંદર્યનો મોહ જાગે છે, ને પોતાની નબળાઈ પર ઢાંકપિછોડો કરવા માટે સૌંદર્ય એટલે જ સત્ય એમ તમે જગતને બૂમ મારીને કહેવા લાગો છો.’

કોરાઈ ગએલી એ મીણબત્તી એકાદ બોલકી વિદુષી માફક એકાદ બોલવા લાગી. સત્ય અને સૌંદર્ય જુદાં નથી એ કવિ કીટ્સનું વચન એને સંભળાવી બોલતી બંધ કરવાનું મને મન થઇ આવ્યું, પણ તે વિચાર મનનો મનમાં જ સમાવી દેવો પડ્યો. લેખકો લુચ્ચા હોય છે એમ તે હમણાં જ બોલી હતી. મેં કવિ કીટ્સનું નામ એની પાસે લીધું હોત તો કવિઓ વળી લેખકો કરતાં યે વધુ લુચ્ચા હોય છે એ સિદ્ધાંત મને સંભળાવવાનું પણ એણે બાકી રાખ્યું ન હોત.

હું કાંઇ જ બોલતો નથી એમ જાણી તે બોલી: ‘એ બે મીણબત્તીઓ પૈકી બીજી માટે તને શું લાગે છે?’

‘આદર-માન’’

‘અને પહેલી માટે?’

‘ધિક્કાર.’ મેં અચકાતાંઅચકાતાં જવાબ આપ્યો.

‘શા માટે?’

‘વાહ! સરસ પ્રશ્ન કર્યો! પેલી બીજી મીણબત્તીએ સતી પ્રમાણે પોતે સળગી જઇને બીજા માટે પોતાના

● ● ● 'કુમાર'માં હમણાં આવતા શ્રી અનંત કાણેકરના લઘુનિબંધોથી વાચકો સુપરિચિત છે. એ માળાની શરૂઆત ગયે વર્ષે ૨૭૩ અંકમાં આવેલા 'બે મીણબત્તીઓ' નામના જે નિબંધથી થઇ તે, સર્વમાં ઉત્તમ ગણાયો છે. એમાં દર્શાવેલા વિચારોને પ્રત્યુત્તર આપતો, મહારાષ્ટ્રના એક બીજા સમર્થ સાહિત્યકારનો આ લઘુનિબંધ (મૂળને અનુસંધાને વાંચવાથી) વાચકોને રસ આપશે એમ જાણી પ્રકટ કરીએ છીએ. ● ● ●



મહારાષ્ટ્રના એક ખૂણે બેસી મરાઠી સાહિત્યની મૂંગી સેવા કરી રહેલા શ્રી વિ. સ. ખાંડેકરની લેખિનીમાં ભાષાપ્રભુત્વ, કલ્પનાચમત્કૃતિ, ભાવનાવિલાસ, સંવાદવૈચિત્ર્ય ઇત્યાદિ કલાગુણ સાથે નવા દૃષ્ટિકોણથી માનવ સ્વભાવનું માર્મિક આલેખન અને વાસ્તવ જીવન તરફ વ્યાપક સહાનુભૂતિથી જોવાનું સામર્થ્ય રહેલાં છે. એમણે લખેલાં લઘુનિબંધો અને લઘુકથાઓનાં ડઝનેક પુસ્તકો, 'દોન ધ્રુવ' 'દોન મન' અને 'ઉલ્કા' જેવી નવલકથાઓ, 'વન-ભોજન' 'મધુમક્ષિ' ને 'છ ભાષણો' જેવા વિવેચનસંગ્રહો અને 'છાયા' 'દેવતા' 'સુખાચી શોધ' તથા 'અમૃત' જેવાં ચિત્રપટ-કથાનકો ખૂબ લોકપ્રિય નીવડયાં છે. હમણાં સોલાપુર ખાતે ભરાએલા ૨૫મા મરાઠી સાહિત્ય સંમેલનના પ્રમુખપદે એમને ચૂંટીને મહારાષ્ટ્રીય જનતાએ એમની સાહિત્યસેવાની સુયોગ્ય કદર કરી છે.

આયુષ્યનું બલિદાન આપ્યું; જ્યારે પહેલી . . . . .'

'એટલે હું—'

હવે સ્પષ્ટ રીતે બોલ્યા સિવાય છૂટકો જ નહોતો. મેં બને એટલા કઠોર બનીને તે મીણબત્તીને કહ્યું: 'તું અભરાઈ પર નીરાંતે પડી રહી. તારા જેવા સ્વાર્થી, એકલપેટા નીરૂપયોગી માણસની જગતને શી જરૂર છે?'

હવે તેણે શાંતપણે જવાબ આપ્યો: 'જગતને મારો કશો ઉપયોગ થયો નહિ, એ હું કબૂલ કરૂં છું. મારા પ્રકાશમાં એકાદા કવિએ સુંદર કવિતા લખી હોત, એકાદા દુઃખી વાચકને સારૂં પુસ્તક વાંચીને આશ્વાસન મળ્યું હોત, એકાદી વિધવા માતાએ પોતાના નાના બાળક સામું જોઇને મુસ્કેલીઓ સામે ઝઝૂમવાનું બળ મેળવ્યું હોત, કાંઈ નહિ તો રસ્તે આથડતા એકાદા મનુષ્યને મારા સળગી રહેલા શરીરના પ્રકાશે સુરક્ષિત રાખી ઠોકરાતો અટકાવ્યો હોત, એ બધું શું મને નહોતું ગમતું?

તેનું આ વ્યાખ્યાન સાંભળી હું સ્તબ્ધ જ બની ગયો.

તે આગળ બોલવા લાગી: 'તારો પેલો લેખક લખે છે: 'એ મીણબત્તીઓને જીવ હોત તો, આપણે કોઈના પણ ઉપયોગમાં આવ્યાં નહિ, આપણું આયુષ્ય નિરર્થક સડી ગયું એવો દુઃખમય વિચાર મરતાં મરતાં એકના મનમાં આવ્યો હોત.' તારા એ લેખકને જઇને કહે કે પોતાનું આયુષ્ય નિરર્થક ગયું એનું ખૂબ ખૂબ દુઃખ એ મીણબત્તીના દિલમાં છે ખરૂં, પણ એના એ આયુષ્યનું સત્યાનાશ કોણે વાળ્યું એ જો એ જાણે તો . . .'

હું એ કદરૂપી મીણબત્તી સામે સાશ્ચર્ય જોઇ રહ્યો. તેની આંખમાં વિલક્ષણ તેજ ચમકી રહ્યું હતું.

ક્રૂર હાસ્ય કરીને તે બોલી: 'મારૂં આયુષ્ય વ્યર્થ ગયું, કીડી વાંદાંઓએ મને કરડીકરડી નકામી કરી દીધી એ ખરૂં, પણ એની બધી જવાબદારી મારા માલિક પર. તારા એ મનગમતા લેખકના શિરે છે એ પણ તું ભૂલતો નહિ.'

'એટલે?'

'એટલે એમ કે અભરાઇને એકાદ ખૂણે એણે મને ક્યાંય નાખી દીધી. કોઈ દિવસ પણ હું ક્યાં છું એની તપાસ કરી નહિ. અભરાઈ પર કીડી વાંદાઓ હોય છે એની એને ખબર હોવા છતાં, કોઈ દિવસ પણ એણે મારા દીદાર સામે ભૂલેચૂકે દૂરથી પણ જોવાની દરકાર કરી નહિ. મારી એ જ જગ્યા પર જો પેલી બીજી મીણબત્તી હોત તો તેની પણ એ જ દશા થઈ હોત! પણ આ વાત તમારા જેવા લેખકોની નજરમાં કદી જ આવવાની નથી! તમે પ્રકાશ પાથરી

જલી જનારી મીણબત્તીની પ્રશંસા કરવાના અને જેને પ્રકાશ દેવાની તક મળી નહિ, તેની નિંદા કરવાના. પણ એકને મળેલી તક બીજાને મળ્યા સિવાય . . .'

મારી સામે દેખાતી તે મીણબત્તી એકદમ અદૃશ્ય બની;

હું જાગી ગયો અને વિચાર કરવા લાગ્યો.

ગડકરીની 'એકાદાનું નશીબ' એ કવિતા મને સાંભરી. કોઈક ફૂલો કામિનીના કેશકલાપની શોભા વધારે છે, જ્યારે કોઈક મૃત માનવીનાં શરીર પર વેરવામાં આવે છે. તેમાંનાં પહેલાં સારાં અને બીજાં ખરાબ એવું કાંઈ થોડુંક જ હોય છે!

અસ્વસ્થ મને હું ઊઠ્યો અને બહાર ફળિયામાં આંટા મારવા લાગ્યો. આંખો સામે આંગળી ધરી હોય તો એ દેખાય નહિ એવું ગાઢ અંધારું સર્વત્ર પ્રસરેલું હતું! મને વિચાર આવ્યો કે આવી અંધારી રાત ચોરોને ખૂબ જ ઉપયોગી બને છે. પણ તરત જ બીજા વિચારે મારા મનની અસ્વસ્થતામાં વધારો કર્યો. ચોર થવાની કોઈને હોંશ થોડીક જ થાય છે!

નાના છોકરાઓની હોંશ પણ હમેશાં વિચિત્ર જ જ હોય છે. 'તું શું થવાનો છે?' એમ જો કોઈને પૂછીએ તો લેખકનો પુત્ર 'હું ડ્રાઇવર થઈશ' એમ કહેશે ને કૉલેજના પ્રિન્સિપાલની છોકરી 'હું પોલીસ થઇશ' એમ જવાબ દેશે. મિલના મજૂરોનાં છોકરાંઓને આ પ્રશ્ન કરીએ તો 'અમે મિલમાલિક થઇશું' એમ પણ કદાચ કહેશે. પણ 'હું ચોર થઇશ' એવો જવાબ તો એક પણ છોકરો સંભળાવશે નહિ.

આમ છતાં સમાજમાં માત્ર ચોરોનો જ ઉપદ્રવ વધતો જતો જણાય છે. આની જવાબદારી ખવાઈ જઇને વ્યર્થ ગએલી પડેલી મીણબત્તીની જવાબદારી પેઠે તેના પોતાના પર નથી, તેમ જ સમાજમાં વધતા જતા ચોરોની જવાબદારી પણ એ ચોરો પર નથી, પણ ગરીબોને પ્રામાણિકપણે જીવવાનું અશક્ય કરનારી સમાજરચના પર જ છે. ચોરોને ચોરી કરવા લગાડનારા શાહુકારો જ અધિક ગુનેગાર છે.

મેં ઉપર જોયું. અંધારામાં ચમકતા તારા કહેતા હતા: મીણબત્તીઓ માફક માણસો કાંઈ નિર્જીવ હોતા નથી. આજ કાં કાલ, પણ આ વિષમ સમાજરચના વિરુદ્ધ બંડ જગાવ્યા સિવાય એઓ રહેવાના નથી જ.

મારા મનમાં વિચાર આવ્યો: કાણેકરનો 'બે મીણબત્તીઓ' વાળો લઘુનિબંધ સુંદર છે. પણ આ વિષય પર જો લખવાની મને ઇચ્છા થાય તો હું તો, પેલી બીજી મીણબત્તીના પ્રકાશથી અભરાઈ પર પડેલી પડેલી ખવાઇ ગએલી મીણબત્તી પણ લેખકને દેખાય છે એમ લખું, એટલું જ નહિ પણ પેલી જલી રહેલી મીણબત્તીની જ્યોતિથી બીજી પણ બળવા લાગે છે, પ્રકાશ દેવા લાગે છે એવું ચિત્ર ખડું કરું.

આ કાંઈ માત્ર કલ્પનાની રમત નથી. કાણેકરના લઘુ નિબંધવાળો શ્રીમંત મિત્ર પેલા વધેલી દાઢીવાળા બીજા મિત્રને મળ્યો હોત તો તેના અંતઃકરણ પર કશો જ પ્રકાશ પડ્યો ન હોત એમ કોણ કહેશે?

મરાઠી ઉપરથી અનુવાદક: **નંદલાલ વલ્લભદાસ મહેતા**


પ્રાચીન ગ્રીસનું ગૌરવ

(અનુસંધાન આગળના પાન ૨૧૨થી)

ઍથીનિયન સરદાર અને સૉક્રેટિસના શિષ્ય ઝેનોફોન પાસે એક જણે પોતાના પુત્રને ભણવા મોકલ્યો. તે ભણીને આવ્યો એટલે એના પિતાએ પ્રશ્ન પૂછ્યો: 'ભાઇ, તું શું શીખી આવ્યો?' પુત્રે ઉત્તર આપ્યો, 'તમને એ જલદી માલૂમ પડશે,' અને પછી એક શબ્દ પણ બોલ્યો નહિ. બાપે ફરી પ્રશ્ન પૂછ્યો; પણ તે મૂંગો જ રહ્યો. પિતાને પુત્રની આ દેખીતી મૂર્ખાઇ પર બહુ અફસોસ થયો અને તેને ખૂબ ઝાટકી નાખ્યો, પણ પુત્રે તો ધૈર્ય ધારી સર્વ સાંખી લીધું. આખરે પિતાએ કહ્યું: 'આ મૌન ધારણ કરીને તું શું કહેવા માગે છે?' પુત્રે જવાબ દીધો: 'મને ઝેનોફોને શીખવ્યું તે એ જ છે.'

ગ્રીસના ગત ગૌરવ વિષે અને એના મહાન પુરુષો વિષે આવાં તો અનેક દૃષ્ટાંતો આપી શકાય એમ છે. આવા ભૂતપૂર્વ ગૌરવશાળી દેશનું ભાવી કેવું હશે? શું તે હમેશ માટે પરાસ્ત રહેશે, એ એક પ્રશ્ન છે. આશા તો છે કે વિશેષ ચડિયાતા બળથી મહાત થએલો હોવા છતાં એનું જલદી પુનરુત્થાપન થશે. હિંદની સંસ્કૃતિને અને ઇતિહાસને એની સાથે ઘણું સામ્ય છે. આપણને એમાંથી ઘણો બોધ મળી શકે એમ છે.

ચંદ્રમણિશંકર જેઠાલાલ પંડિત



ઍક્રૉપૉલિસ–ઍથેન્સની રૂપસુંદર રાજગઢી

શહેર વચ્ચે ઊંચી ટેકરી પર. આખા નગર પર દૃષ્ટિપાત કરતો અને મુખ્ય મકાનો ધારણ કરતો કિલ્લો તે ઍક્રૉપૉલિસ. પ્રાચીન ગ્રીસમાં ઘણાં શહેરોમાં આવી ગઢીઓ હતી. ઍથેન્સની આ ગઢી પ્રાચીન ગ્રીસની ગૌરવાન્વિત કલાનો ખ્યાલ આપે છે.

પ્રાચીન ગ્રીસનું ગૌરવ

પોતાની પાછળ મહાન તવારીખની પશ્ચાદ્-ભૂમિ ધરાવતો ગ્રીસ, એક ગૌરવાન્વિત પ્રાચીન દેશ છે. એ વીર લોકોની ભૂમિ હતી, અને કળા તેમજ વિદ્યાનું મોટું ધામ હતું. જગતની પ્રાચીન સંસ્કૃતિઓમાં મહાન ગણાતી ગ્રીક સંસ્કૃતિનું એ જન્મસ્થાન હતું. પોતાના પાંચ હજાર વર્ષના ઇતિહાસના ગાળામાં એણે રોમન, સેલ્ટ, જર્મન, સ્લાવ, ઈરાની, તુર્ક અને આરબ લોકો તરફથી અનેક હુમલાના ઘા સહન કરેલા છે. એણે મહાન કવિઓ, તત્ત્વજ્ઞાનીઓ, વિજ્ઞાનવેત્તાઓ અને લડવૈયાઓને જન્મ આપેલો છે. વળી, આજથી ૨૫૦૦ વર્ષ પર એના એક તત્ત્વવેત્તા દ્વારા એણે લોકોને અહિંસાનો સંદેશ પણ પાઠવ્યો હતો. ચડતીપડતીના અનેક રંગો એણે અનુભવ્યા છે.

ચડતીના સમયમાં એ દેશ પૃથક પૃથક શહેરોનાં નાનાં સ્વતંત્ર રાજ્યોમાં વિભક્ત થએલો હતો. પછી એને ઇ. સ. પૂર્વે ચોથા સૈકામાં મેસીડોનના બીજા ફિલિપે જીતી લીધો. આશરે બસો વર્ષના ગાળા પછી એને રોમન લોકોએ જીત્યો અને તે ઘણા સૈકા સુધી રોમના સંસ્થાન તરીકે રહ્યો. તે દરમ્યાન, ગ્રીક સંસ્કૃતિએ, ગ્રીસ જીતાએલો હોવા છતાં પણ રોમન લોકોની સંસ્કૃતિ પર એવી તો પ્રબળ અસર કરી કે તેના સંબંધમાં ઇતિહાસનું એવું કથન છે કે 'Captive Greece made captive its Roman conquerers (ગુલામ ગ્રીસે એના રોમન વિજેતાઓને પોતાને આધીન બનાવ્યા.) ત્યાર બાદ ઇ.સ. ના ૧૪મા સૈકામાં એને તુર્કોએ જીત્યું. ૧૯મા સૈકાની શરૂમાં તે એ ધૂંસરીમાંથી સ્વતંત્ર થયું. તે પછી હમણાં એનું જર્મનોના હાથે પતન થયું.

એણે અનેક પ્રકારની કળાઓને અને વિદ્યાઓને જન્મ આપ્યો હતો, તેમજ યુદ્ધની સામગ્રી બનાવવામાં પણ મોટો ફાળો આપ્યો હતો. આધુનિક કાળનાં જીવલેણ આયુધોમાંનાં ઘણાંખરાં બે હજાર વર્ષ પૂર્વે ગ્રીકોએ શોધી કાઢ્યાં હતાં, અથવા તો તેમની શોધનાં પગરણ કર્યાં હતાં. આર્કીમીડીસ નામના તેના મહાન ગણિતશાસ્ત્રીએ સૌથી પ્રથમ યાંત્રિક બળોની શોધ કરી હતી. તેમનો શોધેલો અગ્નિ વરસાવતો 'ગ્રીક ફાયર' જે પ્રવાહી અગ્નિના નામથી પણ ઓળખાતો હતો તેને જ્વાળોત્પાદક બૉંબોના પુરોગામી તરીકે ગણી શકાય. રાળ. ગંધક, સુરોખાર અને નેપ્થાના મિશ્રણથી તે બનતો



પ્રાચીન ગ્રીસના પહેરવેશ
ડાબી બાજુથી: (૧) ગ્રીક રમણી-ની સાડી (૨) કન્યાનો પોશાક (૩) કમરપટા અને ચંપલવાળો પોશાક (૪) ટૂંકા જભ્ભાવાળો યુવક-નો પોશાક (૫) લડવૈયાનો પોશાક

અને પાણીમાં પણ તે બળી શકતો. પૌરસ્ત્ય રોમન સામ્રાજ્ય પોતાની પડતીના સમયમાં એની મદદથી મુસ્લિમોના હલ્લા સામે પ્રારંભમાં કૉન્સ્ટૅન્ટિનોપલનું અનેક વખત રક્ષણ કરી શક્યું હતું. અને જ્યારે એનો નુસખો મુસ્લિમોના હાથમાં ગયો ત્યારે તેમણે 'સારેસન ફાયર'ના નામથી ખ્રિસ્તિઓની સામે તેનો ઉપયોગ કર્યો.

ગ્રીસની સંસ્કૃતિ મહાન હતી. એણે પ્લેટો અને ઍરિસ્ટોટલ જેવા મહાન તત્ત્વવેત્તાઓને જન્મ આપ્યો; 'ઇલીયડ' અને 'ઑડિસી' જેવાં મહાકાવ્યોના સર્જક વિખ્યાત કવિ હોમરને. તથા ગ્રામ જીવનના કવિ હેસિ-ઓડને ઉત્પન્ન કર્યા. વળી, મહાન ઇતિહાસકાર હીરો-ડોટસ, પ્રખર વક્તા ડીમોસ્થનિસ અને કરુણ રસના નાટ્યકારો યુરિપાઇડીસ, ઍરિકલસ, અને સોફોક્લિસ પણ ગ્રીક હતા. પાશ્ચાત્ય વૈદ્યવિદ્યાનો પિતા હિપોક્રે-ટીસ ગ્રીક ધન્વંતરિ હતો. એના ખગોળવેત્તા હિપા-ર્કસે અક્ષાંશ અને રેખાંશની ગણત્રી શોધી કાઢી હતી. કવિ પિંડારે ગેય કાવ્યો સર્જ્યાં. મહાન ઍથીનીયન રાજનીતિજ્ઞ, સેનાપતિ અને વક્તા પેરિક્લિસે એના પાટનગર ઍથેન્સને પૂર્ણ વૈભવે પહોંચાડયું. તત્ત્વવેત્તા ને ખગોળશાસ્ત્રી પિથેગૉરસ, ભૂમિતિના રચનાર ગણિત-શાસ્ત્રી યુક્લિડ, અને પશુપક્ષીઓની વાર્તાઓ દ્વારા નીતિશાસ્ત્રનો પ્રણેતા ઇસપ, એ સર્વ ગ્રીક વિભૂતિ-ઓનાં નામ સૌને સુવિદિત છે. 'એલ્જિન માર્બલ્સ'ના નામથી બ્રિટિશ મ્યુઝિયમમાં સંગ્રહાએલા આરસપહાણ-ના શિલ્પના નમૂના ગ્રીક શિલ્પશાસ્ત્રી ફીડિયાસની ઉત્તમ શિલ્પકળાની સાક્ષી પૂરે છે.

ગ્રીસના ઑલિમ્પસ પર્વત, સ્વર્ગના અધિપતિ અને દેવો તથા માનવોના પિતા ઝ્યુસ અથવા જ્યુપીટરના, તેમજ બીજા ગ્રીક દેવદેવતાઓના નિવાસસ્થાન તરીકે નામના મેળવી હતી. પ્રત્યેક ચાર વર્ષે ત્યાં જગપ્રસિદ્ધ 'ઑલિમ્પિક ગેમ્સ'ના ઉત્સવો ઉજવાતા, તેમાં સાહિત્ય, કળા. નાટક, કાવ્યશાસ્ત્ર, સંગીત અને વ્યાયામની સ્પર્ધા યોજવામાં આવતી હતી. આ પ્રણાલિકા લગભગ બે હજાર વર્ષ ચાલુ રહી હતી. ગ્રીસની હાલની રાજધાની ઍથેન્સ તે સમયે કળા ને વિદ્યાનું ધામ હતું, અને ત્યાં રાજ્યની તથા જનસમાજની ભવ્ય મહેલાતો હતી. એવું જ બીજું વિખ્યાત નગર સ્પાર્ટા બહાદુર લડવૈયા-ઓનું સ્થાન હતું. ત્યાંના કાયદાના પ્રણેતા લાઇક-રગસે સખ્ત કાયદાકાનૂનોથી ત્યાંના રહેવાસીઓને સાદું અને કઠોર જીવન ગાળતા કર્યા હતા. ત્યાં પુરુષ જાતિને સાત વર્ષની વયથી પોતાની માતાઓથી વિખૂટી પાડી રાજ્યની દેખરેખ નીચે અતિશય સખ્તાઇભરેલું જીવન ગાળવાની ફરજ પાડવામાં આવતી. સ્ત્રીપુરુષ બંનેને અતિશય ઉગ્ર વ્યાયામના અભ્યાસક્રમમાંથી પસાર થવું પડતું, જેથી તેઓ અતિશય કઠણ બનતા. ત્યાંના લોકોનાં શૌર્ય અને પરાક્રમ તો જગજાહેર છે. થર્મો-પિલીના યુદ્ધમાં સ્પાર્ટન લોકોએ જે શૌર્ય દાખવ્યું તેની જોડ દુનિયામાં મળી શકે એમ નથી. ઇરાનના શાહ ઝર્ક્સિસે અસંખ્યાત યોદ્ધાઓના લશ્કર સાથે ગ્રીસ પર હુમલો કર્યો, તેનો સ્પાર્ટાના રાજા લિયોનિડાસે માત્ર ત્રણસો માણસોથી સામનો કર્યો. થર્મોપિલીના એ નેળના સાંકડા માર્ગે આગળ એનાં માણસોએ ઊભા રહી પ્રવેશ કરતા ઇરાની સૈન્યનાં પુષ્કળ માણસોનો સંહાર કર્યો, અને તેમને દાખલ થવા દીધા નહિ. આખરે ફૂટ થવાથી ઇરાની લશ્કરને બીજો માર્ગ જડયો, અને તેણે એ રસ્તે આવી આ મૂઠીભર માણસોને ઘેરી લીધા. પ્રત્યેક લડવૈયાએ મરણિયા બની કેસરિયાં કર્યાં, અને એ ત્રણસોમાંથી એક પણ બચ્યો નહિ. જ્યાં આગળ આ બનાવ બન્યો ત્યાં જ એ લડવૈયાઓનાં શબ દાટવામાં આવ્યાં, અને નીચેના અર્થનો લેખ

ત્યાં મૂકવામાં આવ્યો.

Stranger, tell Sparta, here thy sons are laid,
Such was her law, and we have that law obeyed.

'હે આગંતુક, જઇને સ્પાર્ટાને કહે કે અહીં તારા સુપુત્રો પડેલા છે; એ જ એનો (સ્પાર્ટાનો) આદેશ હતો, અને અમે તેને સંપૂર્ણપણે પાળ્યો છે.'

આ બનાવ બન્યા પછી ઍથેન્સના મહાન નૌકાસેનાધિપતિ થેમિસ્ટોક્લિસે સેલામિસના નૌકાયુદ્ધમાં ઝર્ક્સિસના જબરદસ્ત કાફલાનો નાશ કરી ગ્રીસને બચાવ્યું. અત્યારના ઇટાલિયન નૌકામથક રહોડ્ઝના ટાપુમાં ગ્રીક કલાવિદો અને કાવ્યશાસ્ત્રીઓ રહેતા હતા, અને હાલનો આંતરરાષ્ટ્રીય કાયદો મોટા ભાગે એના નૌકાકાનનના આધારે રચાયો છે. વળી, ક્રીટનો ટાપુ જ્યાં હાલની ગ્રીક સરકારે સ્થળાન્તર કર્યું હતું અને જે હમણાં જ જર્મનોને હાથ ગયો છે તે પણ દુનિયાની મહાન શ્રમસાધ્ય સંસ્કૃતિનું ઉત્પત્તિસ્થાન છે. કોરિંથનું પ્રાચીન નગર પણ અનેકવિધ કળાઓ અને રમતોનું આશ્રયસ્થાન હતું.

ગ્રીક તત્ત્વવેત્તા ડાયોજિનિસ એક ઉદાસીનતાપ્રિય, સુખને તિરસ્કારનાર તત્ત્વવેત્તા હતો. 'ડાયોજિનિસ અને એના ટબ'ની વાર્તા તો સુપ્રસિદ્ધ છે. જીવનના સુખ પ્રત્યે અનાદર દર્શાવવા તેણે એક ટબમાં જ પોતાનો વાસ કર્યો હતો. મહાન સિકંદરે એના ટબ સામે ઊભા રહી એની મરજીમાં આવે એ વરદાન માગવાનું કહેતાં એણે ઉત્તર દીધેલો: 'મારી નજર આગળથી દૂર રહે.' એણે વળી બજારમાં એક તંબુ ઊભો કર્યો હતો અને ત્યાં 'ડહાપણ વેચાતું મળે છે' એવું પાટિયું માર્યું હતું. એક ધનવાન વ્યાપારીએ પૈસા આપી પોતાના માણસને ડહાપણ વેચાતું લેવા મોકલ્યો, તેને એણે આ સંદેશો વેચાતો આપ્યો: 'હમેશાં પ્રત્યેક કાર્યના પરિણામનો પહેલાં વિચાર કરવો.'

અતિશય પ્રજ્ઞાવાન મહાન તત્ત્વજ્ઞાની સૉક્રેટિસના નામથી તો કોઈ ભાગ્યેજ અજાણ હશે. એ અતિશય કદરૂપો હતો. એક સમયે એ પોતાના શિષ્યોને શીખવતો બેઠો હતો ત્યારે કોઈ મુખસામુદ્રિકવિદ્યાના જાણનારે એને જોઇને કહ્યું કે, સૉક્રેટિસ વિષયી, ક્રોધી, શરાબી વૃત્તિવાળું દુરાચારી વલણ ધરાવનારો મનુષ્ય છે. આ સાંભળી એનો શિષ્યવર્ગ ખૂબ રોષે ભરાયો, પણ સૉક્રેટિસે તેમને વારીને કહ્યું, 'ખરેખર, આ મનુષ્ય સત્ય કહે છે. અતિશય સંભાળથી તત્ત્વજ્ઞાનના અભ્યાસ અને સદાચાર તરફ મેં મારું મન ન વાળ્યું હોત તો હું એવો જ થાત. મનુષ્ય સારું કરવા કરતાં બૂરું કરવા જલદી પ્રેરાય છે. પણ બુદ્ધિમાન પ્રાણી તરીકે એણે આત્મસંયમ અને આત્મશોધન કરવાની હમેશાં ટેવ પાડવી જોઇએ.' એના શિક્ષણનો મુખ્ય સિદ્ધાંત આ હતો: 'કોઈ પણ પ્રકારના તર્કજ્ઞાન કરતાં આત્મજ્ઞાન વધારે ચડિયાતું છે; સત્ય ને સન્માર્ગ એકમેકથી જુદાં ન પડી શકે એવાં છે; અને અજ્ઞાન એ દુર્ગુણનું મૂળ છે.' વળી, અહિંસા એનો મુદ્રાલેખ હતો. રાજ્યે કરેલી અન્યાયી શિક્ષા અનુસાર એણે પોતાના મિત્રો સમક્ષ ઝેરનો પ્યાલો પીને પોતાનો દેહ છોડ્યો. એને ઝેન્થીપ નામની કર્કશા ભાર્યા હતી. એક સમયે એ પોતાના શિષ્યોને તત્ત્વજ્ઞાન સમજાવતો હતો, ત્યારે તેણે બારીમાંથી એને તથા એના શિક્ષણને ખૂબ ગાળો ભાંડી. સૉક્રેટિસે લેશ પણ રોષ ન લગાડતાં પોતાનું કામ ચલાવ્યે રાખ્યું, એટલે પેલીએ ખિજાઇને બારીમાંથી એના પર પાણીનો ઘડો ઢાળ્યો. સૉક્રેટિસે માત્ર એટલું જ કહ્યું કે 'વાવાઝોડું થયા પછી વરસાદ તો આવે જ ને!'

દુનિયાનો એક મહાન સ્મૃતિકાર (કાયદા ઘડનાર) સોલન ગ્રીસના સાત ડાહ્યા પુરુષોમાંનો એક થઈ ગયો. લીડિયાના રાજા ક્રીસસનો એ મિત્ર હતો. એ રાજા પાસે અઢળક ધન અને પુષ્કળ સાહ્યબી હતી. એક સમયે સોલન તેની મુલાકાતે ગયો ત્યારે તેણે એને પોતાની અતુલ સમૃદ્ધિ બતાવી અને પછી ગર્વોન્માદથી પૂછ્યું, 'મારા જેટલો દુનિયામાં કોઈ સુખી હશે?' સોલને ઉત્તર દીધો: 'કોઇ પણ મનુષ્ય મૃત્યુ પહેલાં સુખી હોતો નથી.' ક્રીસસના માન્યામાં આ વાત આવી નહિ. થોડા સમય બાદ ઇરાનના શાહ સાયરસે ક્રીસસ પર હુમલો કરી એનું રાજ્ય જીતી, એને કેદ પકડ્યો અને જીવતો બાળી મૂકવા હુકમ કર્યો. ક્રીસસને ખડકેલી ચિતા પર બાળવાને બાંધવામાં આવ્યો તે વખતે એને સોલનના શબ્દો યાદ આવ્યા. અને એણે 'સોલન, સોલન, સોલન,' એમ ત્રણ વખત ઉચ્ચાર કર્યો. સાયરસે આશ્ચર્યચકિત થઇ એને છોડવા હુકમ આપ્યો. અને એનો અર્થ સમજાવવા કહ્યું. એની હકીકત સાંભળી સાયરસના મન પર એટલી બધી અસર થઈ કે ક્રીસસને તેણે છોડી મૂકવા હુકમ કર્યો, અને એને એનું રાજ્ય પાછું સોંપી પોતાનો મિત્ર બનાવ્યો. (અનુ૰ પાછળ પૃ.૨૦૮ મે)



સંસારનાં શહેરો

૨૨-ઍથેન્સ

યુરોપનો ઇતિહાસ જેનાથી ઊજળો છે તે ગ્રીક સંસ્કૃતિ અને સામ્રાજ્યનું એક કાળનું પાટનગર ઍથેન્સ, હજી હમણાં જ જર્મનોએ પાદાક્રાન્ત કરેલા આધુનિક ગ્રીસના પ્રજાસત્તાકનું પણ રાજનગર હતું. એ બે ગાળાઓની વચ્ચે આ નગરે ઇતિહાસના અનેક વારાફેરા જોઇ નાખ્યા છે.


દરિયાકિનારાથી ચારેક માઈલ દૂર, રમણીય પાર્વતીય પ્રદેશમાં ટેકરીઓના એક નાના ઝૂમખા પર તથા તેની તળેટીઓમાં વસેલા આ નગરની ભૌગોલિક સ્થિતિ જ એવી આકર્ષક, મનોહર અને આરોગ્યભરી છે કે છેક પ્રાગૈતિહાસિક કાળથી માનવજાતિએ ત્યાં વસવાટ કર્યાના અવશેષો (કાંસા યુગ તથા લોહયુગના) મળી આવે છે. ઈ. સ. પૂર્વે ૧૦૦૦થી તો ત્યાં વિખ્યાત ગ્રીક સંસ્કૃતિનો ઉત્તરોત્તર વિકાસ થયો. શરૂમાં તો શહેર તેની મુખ્ય ટેકરી પરના ઍક્રોપોલિસ (રાજગઢી) અને તેની આસપાસની વસાહતોમાં જ સમાઇ જતું, પણ ઇ સ. પૂર્વેની છઠ્ઠી સદીથી તેનો વિસ્તાર અને વિકાસ વધતાં ગયાં. પેરિક્લિસના સમયમાં તેની સંસ્કૃતિ પરાકાષ્ઠાએ પહોંચી અને તેનાં ઇતિહાસપ્રસિદ્ધ શિલ્પ-સ્થાપત્યનાં સૌંદર્યો એ જ કાળમાં સર્જાયાં. ઇ સ.પૂર્વે ૪૮૦માં ઈરાનીઓએ ઍથેન્સ પર હલ્લો કર્યો તે પહેલાં ગ્રીસનું નૌકાબળ પણ આ શહેરે જ સર્વોપરિ બનાવી દીધું હતું. અને ઇ.સ. પૂર્વેની ચોથીથી પહેલી સદી સુધીના સુવર્ણયુગ ગણાતા 'હેલેનિસ્ટિક યુગ'માં તો ઍથેન્સે દુનિયાભરનાં સાહિત્ય-કલાનું કેન્દ્રસ્થાન ધારણ કરી લીધું હતું.

ત્યાર પછી ગ્રીસ રોમનોના હાથમાં ગયું. છતાં તેની સંસ્કૃતિ તો અખંડ જ રહી, અને રોમનોએ પણ ઍથેન્સની સ્વતંત્રતા કાયમ રહેવા દીધી; અને ફરી પાછો હાડ્રીઅનના અમલમાં તેનો સાહિત્યકલાનો સૂર્ય પૂર્ણ કળાએ તપી રહ્યો. નામચીન રોમનો ત્યાંની જ વિદ્યાપીઠોમાં શિક્ષણ લેતા, અને દેશના વિજેતા જો કે રોમનો હતા, છતાં સંસ્કારમાં તો ગ્રીકોએ જ રોમનો ઉપર સરસાઈ ભોગવી.

પણ હવે ધીરેધીરે ઍથેન્સની પડતી દશા બેઠી. પાંચમી સદીના અંતકાળમાં ત્યાંનો જૂનો ધર્મ રાજાજ્ઞાથી રદ કરવામાં આવ્યો ત્યાં સુધી તેનાં કલાધામો અખંડ રહ્યાં, પણ ખ્રિસ્તીધર્મની આણ વર્તતાં ઘણાં મંદિરો પરિવર્તન પામ્યાં, તેની કલાલક્ષ્મી લૂંટાઇને કૉન્સ્ટાન્ટિનોપલના પ્રાસાદો શણગારાયા, અને ફરીથી ૧૧મી સદીના ગાળામાં તો તે કેવળ બાઇઝેન્ટાઇન ગામડું બની રહ્યું. ઇ.સ. ૧૨૦૪થી ૧૪૫૮માં તુર્કોએ તે છીની લીધું ત્યાં સુધી ત્યાં લાટીન અમલ રહ્યો અને ત્યાર બાદ ૧૮૩૩ સુધી તે તુર્કીની તાબેદારીમાં રહ્યું.

૧૮૩૪માં ગ્રીકોએ બળવો કરી ગ્રીસનું નવું રાજ્ય સ્થાપ્યું અને આજ સુધી કરબા જેવું રહેલું ઍથેન્સ ફરી પાછું પાટનગર બનવાની સાથે તેની રોનક ફરવા લાગી. આધુનિક સંસ્કૃતિ અને સગવડનાં સાધનોવાળી નગર-રચનાથી તેની સૂરત ફરી હસતી થઈ અને તેની વચ્ચે શોભતા પ્રાચીન કલાના ભવ્ય સૌન્દર્યાવશેષો જૂનું ગૌરવ સંભારતાં મલકાવા લાગ્યાં. ભૂતકાલીન ગૌરવાન્વિત સંસ્કૃતિના અવશેષો ધારતા સાડા સાત લાખની વસ્તીવાળા એ નગરે વિદ્યાકલામાં પણ અજબ પ્રગતિ કરી ને પુરાતત્ત્વશાસ્ત્રમાં તો દુનિયા આખીને માટે આંતરરાષ્ટ્રીય અભ્યાસધામ બની રહ્યું.

રાજગઢીવાળી તેની વિખ્યાત ઍક્રોપૉલિસ ટેકરી પરથી પગ આગળ વિસ્તરી રહેલા આધુનિક ઍથેન્સ પર નજર કરતાં તેનું પ્રાચીન ગૌરવ સંભારીને એક નિસાસો નંખાઈ જાય છે, છતાં કલાનો રસિયો અને ઇતિહાસનો અભ્યાસી તો આ શહેર તથા તેની કમનીય કુદરતીસ્થિતિ જોઇ દિલચસ્પી અનુભવ્યા વિના રહી શકતો નથી.



વચ્ચે ટેકરી અને આજુબાજુ નગર, એવાં ઍથેન્સનાં વિશિષ્ટ દશ્યોમાંનું એક-આધુનિક યુનિવર્સિટીનાં મકાનો સાથે



જીવનનું પરોઢ

ભાગ ત્રીજો

પ્રકરણ · સત્તરમું

મિસ શ્લેશીન અને નવાં ફીનિક્સવાસી

બાપુજીને પકડાયે તથા એક વરસની સજા થયે દસપંદર દિવસ માંડ વીત્યા હશે, ત્યાં એક સાંજે કાપેલા વાળ, ધોળું ખમીસ અને કાળો ઘૂંટણથી સહેજ નીચે પહોંચતો કડક ચણિયો પહેરીને એક ગોરી છોકરી મગનકાકા પાસે આવી ઊભી. ડરબનમાં ગોરી છોકરીઓ બહુ યે જોઇ હતી, પણ આ ઘણી વધુ પ્રભાવશાળી હતી. જેટલી પહેરવેશમાં સાદી એટલી જ ચહેરે ગંભીર. બહુ જ ચિંતાયુક્ત વદને તેણે મગનકાકા સાથે કંઇક વાત કરી અને પછી વાતવાતમાં એનું હસવું શરૂ થયું. હસતી વખતે એના ગાલમાં પડતા ખાડા (ખંજન) સૌનું ધ્યાન ખેંચે એવા હતા. એવું તાજગીભર્યું અને સતત હાસ્ય મારા જોવામાં જવલ્લે જ આવ્યું છે. એ ગોરી બાઈ કોણ છે એ પૂછવાને હું દેવદાસકાકા પાસે પહોંચ્યો. એમણે કહ્યું: 'એ જ મિસ શ્લેશીન.'

નામ સાંભળતાંની સાથે મારું કુતૂહલ મટી ગયું અને શ્રદ્ધા જાગી. મિસ સૅાન્જા શ્લેશીનને જોવાને હું વરસોથી આતુર હતો. એમની ચતુરાઈ અને ચપળતા વિષે ફાર્મના લોકો ફીનિક્સ આવ્યા ત્યારથી હું સાંભળ્યા કરતો હતો. એ બહુ ભણેલી ને હોશિયાર હતી. બાપુજી-ની વકીલાત ચાલતી ત્યારે કલાકોના કલાક સુધી એને લખલખ કરવું પડતું પણ એ થાકતી નહિ. શૉર્ટહૅન્ડ લખવામાં એની એટલી ઝડપ હતી કે દક્ષિણ આફ્રિકા-માંના એ વિદ્યા જાણનારાઓમાં એ મોખરે ગણાતી.

એ જેટલી હોશિયાર હતી એટલી જ રમતિયાળ અને તોફાની પણ હતી. બાપુજીનું વૈતરું રાતદિવસ કરતી તે સાથે તેમને પજવતી પણ ખરી. એનો મસ્કરો સ્વભાવ બાપુજી પાસે યે ઊછળી આવતો. બાપુજીના વકીલાતના દિવસોનો એક કિસ્સો અમારી વચ્ચે વધુ જાણીતો હતો. એને બીડી વગેરેનું કશું વ્યસન તો ન હતું, પણ એક દિવસ કેવળ ગમ્મતને ખાતર તેણે બાપુજી ઑફિસમાં આવ્યા ત્યારે સીગરેટ સળગાવી અને બાપુજી સામે જ પીવા માંડી તેમજ બાપુજી પાસે પહોંચી ધુમાડો ઉડાડ્યો. બાપુજીએ આડુંઅવળું કશું કહ્યા વિના મિસ શ્લેશીનને બે તમાચા ચોડી દીધા! ઑફિસ રૂમમાં એ તમાચા ગાજી ઊઠ્યા. એ વખતે બાપુજીના બીજા ગોરા મદદનીશો પણ ત્યાં હાજર હતા. બાપુજીના મળતાવડાપણાની સૌને પિછાન હતી. પણ બાપુજીને ચીડવાય નહિ, એમનું અપમાન ન થાય, એ સૌ જાણે. મિસ શ્લેશીને જરા વધુ હિંમત કરી અને તેને ગમ્મતની મર્યાદા સમજાઈ. બાપુજીનો તમાચો પોતાના અપમાનનો બદલો લેવાને મરાયો હતો એમ નહિ. મિસ શ્લેશીન બાપુજી પાસે દીકરી બનીને રહેલી. એને આડેઅવળે રસ્તે જતી બાપુજી સાંખી શકે એમ ન હતું. એના જેવી નિર્મળ બાઈ બીડીનો સ્પર્શ કરે જ કેમ! વિનોદ પણ એ જાતનો તો ન જ હોય! આવી ધારણાથી બાપુજી જેમ મને કે દેવદાસકાકાને સજા કરે એ ભાવે અને એ રીતે એમણે સજા કરી. અને મિસ શ્લેશીને પણ એ જ ભાવે એ સજા ઝીલી. આ પછી બાપુજીનો સત્સંગ મેળવી પોતાનો વિકાસ સાધ-વામાં એણે ઘણી પ્રગતિ કરી હતી.

આ સિવાયના પણ મિસ શ્લેશીનના અનેક કિસ્સા હું સાંભળતો અને ત્યારે મને થતું કે એ ફીનિક્સ ક્યારે આવે અને એની મજા જોવા મળે. પોતાના સત્યા-ગ્રહના ઇતિહાસમાં બાપુજીએ મિસ શ્લેશીનને જે ઊંચી કોટિએ વર્ણવેલી છે એમાં બાપુજીએ સંયમ વાપર્યો છે. એની મહત્તા બાપુજી હજુ ઘણી વધુ વર્ણવી શકે.

મગનકાકા સાથે મિસ શ્લેશીનની પ્રારંભિક વાતો પૂરી થયા પછી અમારું ભોજન વગેરે પત્યું ત્યાં સુધી એમની વાતો સાંભળવાનું મળતું જ રહ્યું. ચાર્લ્સ-ટાઉનથી ઊપડેલી ચાર હજાર હડતાલિયાઓની કૂચમાં મિસ શ્લેશીન સાથે ને સાથે હતાં. બાપુજી, મિ. પોલૉક અને મિ. કૅલનબૅકના પકડાયા પછી પણ જ્યાં સુધી બધા હડતાલિયાઓને પકડી થાળે પાડવામાં ન આવ્યા ત્યાં સુધી તેઓ એ કામ કરતાં રહ્યાં. તે પછી એમને



મિસ સૉન્જા સ્લેશીન

વહેલી તકે ફીનિક્સ પહોંચી જવાનું બાપુજીએ જ કહેલું.

મારું કામ તો સાંભળવાનું ને જોવાનું, એટલે હું કંઈ ઝાઝી વાત કરી ન શકું; પણ બીજાઓ મિસ સ્લેશીનને જાતજાતના પ્રશ્ન પૂછતા રહે અને દરેકને સચોટ જવાબ મળે.

આજથી અઠ્ઠાવીસ વરસ ઉપરના એ જમાનામાં સ્ત્રીઓ માથે વાળ ન રાખે એવું ભાગ્યે જ દેખાતું. કોઈએ મિસ સ્લેશીનને પૂછ્યું: 'માથે વાળ કેમ નથી રખાવ્યા?' તો સચોટ જવાબ મળ્યો: 'એ બધું સાફ કરવું એની ટાપટીપમાં વખત બગાડવો શા સારુ! એમાંથી ઊગરી જવાનો હક્ક શું મરદોને એકલાને જ છે? શું બધા હક્ક પુરુષોએ જ રાખવાના હોય છે!' એમની બધી વાત દરમિયાન ઉપલું વાક્ય વાતવાતમાં સાંભળવા મળતું. 'શું પુરુષોને જ બધી જાતના હક્ક છે! સ્ત્રીઓ શું માણસ નથી?' અને ખરેખર, કોઈ પણ મરદ મિસ સ્લેશીનને ઢીલાં પાડી શકે એમ ન હતું. કામ કરવાની સ્ફૂર્તિનાં તો જાણે એ સાંગોપાંગ માલિક હતાં. કાળી રાતે પણ તેઓ એકલાં સ્ટેશને દોડી જાય. લખવામાં, કામ કરવામાં, વ્યવસ્થા રાખવામાં, હુકમ કરવામાં અને ખરે ટાંકણે કામ ઉકેલવાનો રસ્તો ખોળી કાઢવામાં તેઓ હોશિયારમાં હોશિયાર પુરુષની તોલે આવે એવાં હતાં. તેમના આવ્યા પછી, અમારા યંત્ર પણ જો ચાલુ લડતના સમાચાર મળે તો ગમે તેમ કરી 'ઇંડિયન ઓપિનિયન'નાં યંત્ર પર ચડી ચૂકેલાં પાનાંઓમાં તે ગોઠવી આપવામાં મગનકાકાને તેઓ મોંઘી મદદ આપતાં.

હડતાલિયાઓની સહાયની જવાબદારીના કામમાં નાતાલ અને ટ્રાન્સવાલમાં દોડાદોડ કરવાની હોવાથી લડત પૂરી થતાં સુધી મિસ સ્લેશીન ફીનિક્સમાં સ્થાયી રહી શક્યાં નહિ. પણ પહેલી વાર ફીનિક્સ આવ્યા પછી એ અમારાં સદાનાં સાથી થઈ પડ્યાં. આગળ જતાં તેઓ અમારી નિશાળનાં ઉપરી બન્યાં અને અમને — ખાસ કરીને મને — ઘણુંઘણું શીખવ્યું. મને નિબંધો લખતાં અને અંગ્રેજી સ્પેલિંગોથી ન ગભરાતાં શીખવ્યું. પણ એ પ્રસંગો હવેનાં પ્રકરણોમાં જ ગૂંથી શકાય. અહીં તો એટલું જ કહું કે મિસ સ્લેશીનના આવ્યા પછી અમારું ફીનિક્સનું સૂનાપણું પોણો સો ટકા ઓસરી ગયું. એમનું મિલનસારપણું, એમનો નિખાલસ વિનોદ અને અમ બાળકોના મિત્ર બની રહેવાની એમની કળાને લીધે ફીનિક્સનાં ખાલી ઘર અને નિર્જન બગીચા ભર્યાંભર્યાં લાગવા માંડ્યાં.

મિસ સ્લેશીન સાથે એક બીજી બહેન પણ ફીનિક્સમાં આવી હતી. એની ઓળખાણ પાડતાં મિસ સ્લેશીને કહ્યું: 'આ ફાતિમા. ઈમામ અબ્દુલ કાદર બાવાઝીરની મોટી દીકરી. એના પિતા જેલમાં ગયા છે, એટલે બાપુજીની સલાહથી એને અહીં મોકલી છે. એ ઘરકામ સરસ કરી જાણે છે. શીવણ કામમાં એ ઘણી હોશિયાર છે. એ તમારી સાથે ભણશે પણ ખરી. એ યે મારા જેવી રમતિયાળ અને તોફાની છે.'

મિસ સ્લેશીનની પાછળ કાળાં કાળાં કપડાંમાં લપેટાએલી ફાતિમા જ્યારે અમારે ત્યાં આવી ત્યારે એને જોઈને મને અચંબો ઊપજેલો. પાછળથી મને ખબર પડી કે એ મુસલમાન છે, એટલે એને એની જાતનો પોશાક પહેરવો જ પડે. બુરખાનું આ દુઃખ જોઈને મને ફાતિમા પ્રત્યે એવી જ દિલસોજી ઊપજી, જેવી રોજના દિવસોમાં દિવસ આખો પાણી પણ ન મળવાને કારણે એક મુસલમાન મિત્ર પ્રત્યે ઊપજે છે. જ્યારે ફાતિમાએ બુરખાનો સંબંધ પોતાના મજહબ ધર્મ સાથે અનિવાર્ય બતાવ્યો ત્યારે થોડી દિલસોજી ઉપરાંત બીજું કશું અમારા બિરાદરાનમાં આવી શકે એમ ન હતું.

થોડાજ દિવસમાં ફાતિમા અમારી સાથે ભળી ગઈ. એની ઉમર દસ વર્ષની આસપાસ હતી. હું ભૂલતો ન હોઉં તો એ મારાથી ચાર છ મહિના નાની હતી. અમને મજા પડી. અમે દસ બાળકો હતાં તેનાં અગિયાર થયાં. શાકપાન સાફ કરતાં અને વાસણ-સફાઇ ઉકેલતાં ફાતિમા પાસેથી નવીનવી વાતો અમને જાણવા મળતી. ફાતિમા દેખાવે ગોરી છોકરી જેવી હતી, એટલું જ નહિ પણ વાતોમાં પણ એ મિસ સ્લેશીનની નાની બહેન જેવી હતી. અંગ્રેજી ઝપાટાબંધ બોલ્યે જતી. એને શરૂમાં થોડું હિંદી આવડતું; પણ ઝાઝી વાતો તો અંગ્રેજીમાં જ કરતી. અમને–ખાસ કરીને મને–તેણે એક નવી, ડચ બોલી સંભળાવી. અમને એમાં કશું સમજાતું નહિ, પણ એનાં મધુર ઉચ્ચારણવાળાં સુંદર ગીતો ફરીફરી સાંભળવાનું મન થતું.

ફાતિમા ઈમામસાહેબની કથા સંભળાવતાં થાકતી જ નહિ. ભારે પિતૃભક્ત હતી. જોહાનિસબર્ગમાં તેઓ ઘણી ગરીબ હાલતમાં પહોંચેલા. પોતાના જ બાહુબળથી તે રાજા સમા બન્યા હતા. તેઓ ઘોડાગાડી ચલાવવાનો ધંધો કરતા. ઘોડાને કોચમૅન જરા પણ દુઃખી કરે તો તેમનું દિલ બહુ કચવાતું. ભલભલા ગોરા સામે પણ તે પોતાનું પાણી ફિક્કું પડવા ન દેતા. પહેલીવાર તેઓ જેલ ગયા ત્યારે એમના ધંધાને બહુ નુકસાન પહોંચેલું. આ વેળા ફરી તેઓ ઊપડ્યા ત્યારે મિત્રો ને બાપુજીની સલાહ વિરૂદ્ધ તેઓ લડાઈમાં કૂદ્યા છે. તેઓએ આવો ધંધો સંકેલી લીધો છે અને જેલમાંથી છૂટી તેઓ અહીં જ આવશે. આ બધી વાતો સાંભળી ફાતિમાના પિતાજી પ્રત્યે અમને યે ફાતિમા જેવી જ શ્રદ્ધા ઊપજતી અને ઈમામ સાહેબ પ્રત્યે માન ઊપજતું.

પિતાજીનાં આટલાં વખાણ કર્યાં પછી ફાતિમા પોતાને સગી મા ન હોવાનું ને સાવકી મા હોવાનું દુઃખ પણ ગાતી. એની સાવકી મા એને શું દુભવતી એનો તો કોઈ કિસ્સો આજે નથી સાંભરતો, પણ વાર્તાઓમાં સાવકી મા અને તેનાથી હેરાન થતાં બાળકોની હકીકતો સાંભળેલી ને પ્રત્યક્ષ સાંભળવામાં ઊંડો રસ મળતો.

ફાતિમાની કથા અહીં જ પૂરી કરૂં. ત્રીજી લડતની જીત પછી ઈમામ સાહેબ અને ફાતિમાનાં સાવકાં મા તથા સાવકી બહેન, હાજી સાહેબા અને અમીના, પણ ફીનિક્સ આવી વસ્યાં. ત્યાંથી છેવટે તેઓ સાબરમતીમાં યે આવ્યાં અને સૌ અમારા આશ્રમ-પરિવારનાં મહામૂલાં સદસ્યો બની રહ્યાં. અમીનાનાં મા હાજી સાહેબાનાં દર્શન પાવનકારી હતાં. ભારે ઉદ્યમી અને શાંત પ્રકૃતિનાં. ફાતિમાની ફરિયાદોનું મૂળ કેટલું સાચું છે એ મને જોવા મળ્યું ન હતું. કદાચ કંઈક નિમિત્ત હોય. પણ એ તેનો એક જાતનો પૂર્વગ્રહ જ હતો એવું મારૂં ધારવું છે. હાજીસાહેબા હિંદુસ્તાની નહિ પણ મલાયલી હતાં, તેથી પણ કદાચ એવો વિરોધ તેના મનમાં આવ્યો હોય. એક પોતાની સાવકી માની વાત સિવાય મેં ફાતિમાને સદા યે હસમુખી, પ્રસન્ન ને ઉદ્યોગી જાણી છે. અમે ફીનિક્સ રહ્યા ત્યાં સુધી એ અમારી સહપાઠી હોવાથી એની હોશિયારી જોઇજોઇને એની પાસેથી મને ઘણું શીખવાનું મળતું. સાબરમતીમાં યે એની છેવટની ઘડી સુધી અમારી દોસ્તી કાયમ રહી. વીસ વરસ જેટલી કાચી વયે જ્યારે સાબરમતી આશ્રમમાં ફાતિમાએ આ નશ્વર દેહ છોડ્યો ત્યારે મને મોત ઉપર ગુસ્સો આવ્યો. કોઈ નહિ ને આવું પ્રસન્ન ફૂલ કરમાવી નાખવાનું એને કેમ સૂઝ્યું હશે!

હું નથી ધારતો કે ફાતિમા મુસલમાન ન હોઈ હિંદુ હોત તો એની મૈત્રીનો કોઇ વધુ લાભ કે આનંદ મને મળ્યો હોત. અમારી પરસ્પર દિલસોજી ધર્મને વાંકે સંકાચાઈ રહે એવી હતી જ નહિ. ઈમામ સાહેબના ગુણ તો ગુજરાતભરમાં જાણીતા છે. પણ ઈમામ સાહેબની સુપુત્રીના ગુણ જગજાહેર થવાની વિધિએ તક ન



[illegible]

આપી. એ ખૂબ જ બહાદુર, વિચારવાન અને ગુણી હતી.

કાંતિમાબેનના જીવનની વાતમાં હું પ્રસ્તુત પ્રસંગથી ઘણો આગળ નીકળી ગયો. હવે ફરી ફીનિક્સની વાત પર આવું. કાંતિમા અને મિસ સ્લેશીન આવ્યાં એ જ અરસામાં એક મોટા માણસ પણ ફીનિક્સ આવી વસ્યા. એ શ્રી કુપ્પારાભાઈ.

કુપ્પારાભાઈ અગિયાર વાર જેલમાં જઈ આવ્યા હતા. જોહાનિસબર્ગમાં વગર પરવાને ફેરી કરે ને જેલમાં જાય. ત્યાંથી છૂટે કે ફરી કાયદો તોડે. આમ દક્ષિણ આફ્રિકાના જેલયાત્રીઓમાં તેઓએ પોતાનું નામ રોશન કર્યું. અગિયાર વાર સજા પામેલા બીજા કોઈ કેદી ન હતા. હવે એમને જેલયાત્રા બંધ કરી હડતાલિયાઓની મદદ કરવા સારુ ફીનિક્સ મોકલવામાં આવ્યા હતા.

એમની આ મદતા સાંભળી મને એમની દરેક વાતમાં રસ પડતો; પણ એ બગાસું ખાતા અને તેમના મોંમાંથી છૂટેલી બીડી તમાકુની વાસ આખા ઓરડામાં ફેલાઈ જતી ત્યારે એમના પ્રત્યે કંટાળો આવતો.

કુપ્પારાભાઈ જ્યાં બેઠા હોય ત્યાંથી સહેજે ઊઠે નહિ. બેઠાબેઠા વાતોના ચાપડા માર્યા જ કરે, પણ જ્યારે ઊઠે ત્યારે કામ કરવે જબરા. એમને માથે ભૂખ્યા હડતાલિયાઓને સીધું તોળી આપવાનું કામ હતું. એ કામ તેઓ લાગલાગટ બારબાર ને પંદરપંદર કલાક સુધી કરતા અને કોઈને જરા યે તુંકારો ન કરતા. કદી કદી એક એક દિવસમાં આઠસો હજાર હડતાલિયાં ભાઈબેનોને સીધું તોળી આપવું પડતું. હું કુપ્પારાભાઈનો મદદનીશ નીમાયો હોઈ મારે પણ તેમની સાથે ખૂબ જોતાવું પડતું. મારી એ વીતકની કથા આવતા પ્રકરણમાં.

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**

જીવી જાણનારા]૧૨[જે માનવજીવનનું સાચું મૂલ્ય શીખવી ગયા

અમરકુમારી માર્ગરેટ

માર્ગરેટ મૅન્હાર્ટ (Manhart) નામે સોળ વર્ષની કુમારિકાની સમાધિ આગળ એક દિવસે એક લાખ વિયેનાનગરવાસીઓ ટોળે મળ્યા હતા.

માર્ગરેટ પારકે ઘેર કામ કરીને નિર્વાહ ચલાવતી હતી. એક વાર એ એના શેઠનાં છોકરાંને લઈ ને ફરવા નીકળી. એ જાણતી નહોતી કે આ તો એનું મહાભિનિષ્ક્રમણ હતું.

નાની છોકરી બાબાગાડીમાં હતી, અને ત્રણ વર્ષના છોકરાને માર્ગરેટે આંગળીએ વળગાડ્યો હતો. તે એની સાથે કાલી કાલી વાતો કરતો હતો. થોડેક ગયા પછી માર્ગરેટ કહે, 'હવે આપણે રસ્તો ઓળંગશું. તું મારો હાથ ઝાલ, ને બીજે હાથે હું બાબાગાડીને ધક્કેલીશ.'

ખૂણે વાંક હતો ત્યાંથી માર્ગરેટ રસ્તો ઓળંગવા જાય છે ત્યાં તો એક બારે ઘોડાગાડું ભયંકરવેગે આવી ચડ્યું. હાંકનારો ઘોડાની લગામ ખેંચીને એને ઊભા રાખે એટલો વખત નહોતો, અને માર્ગરેટને પણ પાછા વળવાની કે ઘોડાના મોઢા આગળ થઈ ને પોતાના બેવડા બોજા સાથે ધસી નિકળવાની તક રહી નહિ.

આ અપૂર્વ અવસરે શું કરવું એનો માર્ગરેટના મહાન્ આત્માએ તરત નિર્ણય કરી લીધો. પોતાના શરીરમાં બળ હતું તે બધું એકત્ર કરીને એક હાથે એણે બાબાગાડીને પ્રચંડ હડસેલો માર્યો, અને બીજે હાથે છોકરાને જડેલા પત્થરની પગથી ઉપર પાછો ફેંક્યો. બીજી ક્ષણે પડછંદ ઘોડાઓએ માર્ગરેટને પછાડી, અને તે પૈડાં નીચે આવી ગઈ.

અકસ્માત જોનારામાંથી કેટલાક છોકરાંને સંભાળી લીધાં, અને કચરાયેલી કુસુમાંજલિ જેવી માર્ગરેટની દેહલતા ઉપરથી છોકરાની આંખ પ્રેમપૂર્વક ફેરવી. ચાયલગાડી(ઍમ્બ્યુલંસ) આવી, તેમાં માર્ગરેટના શરીરને હળવે હાથે ઊપાડીને મૂક્યું, પણ ઇસ્પિતાલે પહોંચ્યા પહેલાં જ એનો શરીર જીવ ઊડી ગયો.

એની શ્મશાનયાત્રામાં એક લાખ લોકોએ ભાગ લીધો. રસ્તાઓ ઉપર માણસ માય નહિ; બબ્બે કલાક પગપાળા ચાલીને પણ અનેક લોકો આવી પહોંચ્યા, અને ઘણાખરા માર્ગરેટના અક્ષરદેહ ઉપર ચડાવવા ફૂલ લઈ ગયા; તેથી કરીને એની સમાધિ ઉપર પુષ્પરાશિને રૂપે જાણે સ્તૂપ ચણાઈ ગયો.

(માના અંગ્રેજી ઉપરથી) **હે. વા. ગો.**

મલાડનો ગ્રીષ્મ વ્યાયામવર્ગ

(અનુ૦ પાછળના પાન ૧૯પથી) કરવા પહોંચી જઇએ. અમારો વ્યાયામ બે કલાક (છ થી આઠ) ચાલે. એ બે કલાકમાં તો ઘણુંઘણું શીખી લઇએ. લાઠી ફેરવતા હોઇએ ત્યારે તો એમ જ માનીએ કે અમે તોફાની ટોળા વચ્ચે ઘૂમી રહ્યા છીએ. પણ થાક લાગે ત્યારે એ નશો ઊતરે અને પહેલાંના જેવા જ કમજોર જણાઇએ!

કસરત પૂરી થાય એટલે થોડો આરામ લઇ દૂધ પીવા જઇએ. દૂધની સાથે મોટે ભાગે પલાળેલા ચણા હોય. કોઈ દિવસ ભાખરી પણ હોય. દૂધ પીને ભાષણ થતાં હોય તો તે સાંભળવા આંબાવાડિયામાં જઇએ. પાંચસાત મોટા આંબાઓની ઘટાથી બનેલું 'આંબાવાડિયું' એ અમારૂં વ્યાખ્યાન-ગૃહ. ત્યાં એક બાંકડા ઉપર બેસીને કે ઊભા રહીને વક્તા બોલે અને અમે નીચે બેસી સાંભળીએ. સવાર-બપોરનાં વ્યાખ્યાનો પણ અહીં જ થાય. વ્યાખ્યાન સાંભળી નહાવાધોવા જઇએ. અને નહાઇધોઈ હજી માંડ પરવાર્યા હોઇએ ત્યાં તો 'લાઉડસ્પીકર' બોલી ઊઠે: 'અલ્યા, જાઓ જમવા; જલદી જાઓ. ત્રણ મિનિટ પછી જશે તેને ખાવાનું નહિ મળે.' અને બધા 'ભોજન કે લિયે હોશિયાર' થઈ રસોડા તરફ દોડે. રસોડાના મંડપ નીચે અમારા માટે આસનો બિછાવ્યાં હોય. થાળીવાટકા પણ ગોઠવ્યાં હોય. અમારે તો જઇને બેસી જ જવાનું. સ્વયંસેવકો પીરસી દે એટલે રસોઇઘરના સંચાલક શ્રી દેવરાજ વોરા 'વંદેમાતરમ્'નો શંખનાદ ગજવે અને અમે ભૂખ્યા વરૂની જેમ રોટલી, દાળ-ભાત, શાક ઉપર તૂટી પડીએ. જમતી વખતે 'લાઉડ સ્પીકર'માંથી રેકર્ડ્ઝ ગાયનો છોડે. કોઇ વખત જુથિકા રૉય ગાતી હોય, કોઈ વખત સાયગલનું ગાણું ચાલતું હોય; તો કોઇ વખત અમારામાંનો કોઇ વિદ્યાર્થી જ એના કડા રાગે માઇક્રોફોનના અવાજને વધુ ઘેરો બનાવી એમ સાબિત કરવા મથતો હોય કે જેમ ધાટી દાળ કોઇ વખત સ્વાદિષ્ટ લાગે છે તેમ ઘોઘરો અવાજ પણ આનંદ આપે તેવો હોય છે! દુહા પણ અમને ખાવાની વધુ તાકાત આપતા. આ રસાનંદમાં ડૂબેલા અમે શાક બે વખત આવ્યું હોય તોપણ એક વખત આવેલું માની બીજી વાર માગીએ. આવો એ સંગીતનો પ્રભાવ!

જમીને અમે ટહેલતા હોઇએ ત્યાં ફરી પાછાં ભૂંગળાં પોકારી ઊઠે: 'હલો, હલો, હલો, સુનિયે ... અબી સબ વિદ્યાર્થી અપઅપની રાવટી મેં જા કર સો જાય. કોઈ ભી બહાર મત ટહલે.' અને શ્રી પૃથ્વીસિંહજીની આવી ત્રાડ સાંભળી સૌ પોતાની રાવટીમાં ભરાઇ જાય. બપોરના અઢી વાગ્યે ફરી પાછી ત્રાડ સંભળાય. 'જો સોતે-હોં વો ઉઠ જાય. જો ઉઠે હો વો આંબાવાડિયે મેં જાય. કોઈ ભી વિદ્યાર્થી રાવટીમેં મત રહે. અભી પાંચ મિનિટમેં ભાષણ શુરુ હોગા.' દરેક જણ ધીખતા બપોરે માથે 'હૅટ' કે ટુવાલ નાખીને તથા હાથમાં એક નોંધપોથી લઇને આંબાવાડિયામાં પહોંચી જાય. ત્યાં કોઇ ને કોઇ મહેમાન આવ્યા જ હોય. તેમનું કોઈ પણ વિષય ઉપર વ્યાખ્યાન થાય. વ્યાખ્યાન સાડા ચાર સુધી ચાલે, ત્યાં તો નાસ્તાનો વખત થાય. નાસ્તો કરી સવા પાંચે અમે સાંજની કસરત કરવા ઊપડીએ. બે કલાક સુધી કસરત કરીએ. તેમાં રમતો પણ રમીએ. સાંજનું વાળુ સાડા આઠ સુધીમાં પતી જાય. સાડા આઠ પછી બધા રેડિયો-કુટિર આગળના મેદાનમાં એકઠા થાય. ત્યાં કાં તો કોઈ મહેમાન થોડાં વચનામૃતો સંભળાવે અથવા સરદારજી પોતે 'ઘરકી બાત' કરે. 'ઘરકી બાત'માં સૌથી પહેલી વાત સ્વચ્છતાની હોય; કારણકે આઠસો-નવસો માણસોના સમૂહજીવનમાં સૌથી અગત્યનું સ્થાન સ્વચ્છતાનું જોઇએ. ટટ્ટી અને મુતરડીની સ્વચ્છતા માટે સરદારજી ખૂબ આગ્રહ રાખે છે, કેમકે એ સ્વચ્છતા ન હોય તો ભયંકર રોગ ફાટી નીકળવાનો ભય રહે છે. પહેલા પંદર દિવસ સરદારજીએ ટટ્ટીની સફાઇના પદાર્થપાઠ આપવામાં ગાળ્યા છતાં અમે એટલી નાની સરખી પણ ચોખ્ખાઇ રાખી શકતા નથી એટલી અમારી કુટેવ ઊંડી ઊતરી છે. સરદારજીને આ જ નથી ગમતું. આપણે આપણી ટેવોના ગુલામ બની ગયા છીએ એ જ વાત એમને બહુ સાલે છે. એ અમારી પાસેથી તાત્કાલિક કોઇ બહુ મોટી આશા રાખતા નથી. પરંતુ અમે આઠસો યે જણા અમારી સુસ્તી અને મંદતાને દૂર કરી, ટેવ ઉપર વિજય મેળવી, એક નાનામાં નાનું કામ પણ સંગઠિત રૂપમાં અને સમૂહગત રીતે કરી શકીએ એ જ જોવાની તેમને હોંશ છે. તેમને મન આ વર્ગનો મુખ્ય ઉદ્દેશ સમૂહજીવનનું શિક્ષણ છે. તેમને પૂછ્યું કે 'તમે વિદ્યાર્થીઓને આ વર્ગ દ્વારા શું આપવા માગો છો? અને વિદ્યાર્થીઓ પાસેથી તમે શી આશા રાખો છો?' ત્યારે તેમણે આપેલો જવાબ જરા નિરાશાની છાંટવાળો હતો. તેમણે કહ્યું, 'મારે તમને બહુ મોટી-

મોટી વાતો નથી શીખવવી. મારા દિમાગમાં તો તમને શીખવવાનું ઘણુંઘણું ભર્યું છે. પરંતુ અવકાશ નથી. મારે તો તમને એટલું જ શીખવવું છે કે તમે આટલા બધા જણા એક થઈને રહો. એકબીજાને માટે સહન કરતાં શીખો. મારે તો તમને સમૂહમાં કેમ જીવવું એ જ શીખવવું છે. તમારામાંથી કોઈના વ્યક્તિગત વિકાસ ગમે તેટલો થાય તેની મને પડી નથી. મારે તો સમૂહવિકાસ જોઈએ છે. તમે બધા એકસાથે પોણા પાંચ વાગે ઊઠો છો અને એકસાથે લાઠી ફેરવો છો એ જ મારા માટે સંતોષની વાત છે. આટલો વિકાસ પણ ઘણો ગણી મારે તો આગળ ચાલવાનું. આ ધરતી તો હજી વણખેડી છે. તેની પાસેથી એકદમ સારા પાકની આશા ન રાખી શકાય. સમષ્ટિની કમજોરીઓ કાઢવા માટે તો ખૂબ ધીરજ જોઈએ.'

પરંતુ વિદ્યાર્થીઓ તેમનો આ ઉદ્દેશ નથી સમજ્યા એમ લાગે છે. તેને માટે અહીં મળેલું સુખ-સગવડિયું અને ઘર જેવું વાતાવરણ પણ જવાબદાર હશે; પરંતુ વધુ જવાબદાર તો આજના વિદ્યાર્થીની મનોદશા લાગે છે. અહીં ઘણા બુદ્ધિશાળી વિદ્યાર્થીઓ આવ્યા હતા. તેમને જીવનઘડતરની વાતો તુચ્છ લાગતી હતી. તેમણે તો આન્તરરાષ્ટ્રીય પ્રશ્નોની ચાવળી છણાવટની આશા રાખી હતી; પરંતુ અહીં તો રવિશંકર મહારાજ, સ્વામી આનંદ, નાનાભાઈ ભટ્ટ, મહાદેવ દેસાઈ, કાકા સાહેબ કાલેલકર જેવા જીવન-શિલ્પીઓના મુખેથી કઠોર જીવનનો ઉપદેશ સાંભળી તેમને કંટાળો આવતો. એટલે 'સરદાર પૃથ્વીસિંહે અહિંસા દિલથી સ્વીકારી કે ફક્ત એક નીતિ તરીકે?' એવી એવી ચર્ચામાં પડ્યા રહેતા અને પોતાની બુદ્ધિને વલોવીવલોવીને છેવટે 'પૃથ્વીસિંહજીએ નછૂટકે અહિંસા સ્વીકારી' એવો નિર્ણય કરી આત્મસંતોષ મેળવતા. આ રીતે અહીં અપાતા બૌદ્ધિક ખોરાકની અસર બહુ ઓછી થતી લાગે છે. તેમાં એકલા વિદ્યાર્થીઓનો પણ વાંક નથી. જીવનને સમગ્ર રીતે સમૃદ્ધ અને શિસ્તમય બનાવવાનું શિક્ષણ આપવાનો જે ઉદ્દેશ આ વર્ગનો છે તેને માટે જોઈતું વાતાવરણ સર્જી શકાયું નહોતું. કારણ કે તેની પાછળ શક્તિ અને સમયનો પૂરતો ખર્ચ નહોતો થઈ શક્યો.

ગમે તેટલી કાર્યશિથિલતા અને માનસિક વ્યગ્રતા છતાં અમે વિદ્યાર્થીઓએ ૧૯મી મેનો સરદાર પૃથ્વીસિંહનો પુનર્જન્મદિન એટલા ઉત્સાહ અને સ્ફૂર્તિથી ઊજવ્યો કે તેમને પોતાને પણ અમારા માટે ઠીક ઠીક આશા બંધાઈ. ૧૯૩૮માં એ દિવસે સરદારજી મહાત્માજીને શરણે ગયા અને અહિંસાધર્મ સ્વીકાર્યો. એ એમના જીવનનો ઐતિહાસિક દિન છે. એ દિવસે અમે આખી છાવણીની સફાઈ કરી, અમારી રાવટીઓ શણગારી, બીજું બધું કામ જાતે કર્યું, બહેનોએ અને કેટલાક ભાઈઓએ મળી રાંધવાનું કામ ઉપાડી લીધું. આ રીતે આ દિવસે અમે કામદારોને આરામ આપ્યો અને એક દિવસનું શ્રમભર્યું જીવન ગાળવાનો નાનો પણ ઉત્સાહભર્યો પ્રયાસ કર્યો. સરદારજીએ આ ઉત્સાહ વખાણ્યો. પરંતુ અમારું કામ તેમને પરદેશના કુમારોની પ્રગતિની સરખામણીએ પાશેરામાં પહેલી પૂણી પણ ન લાગ્યું. અલબત્ત, પોચાપોચા ગાદી-તકિયા પર ઝૂલતા મુંબઈના સુકુમાર હાથ માટે તો આ કામ ખરેખર કપરું હતું; પરંતુ દેશની કંગાલિયત અને સમયની કૂચમાં આપણા દેશનું સ્થાન જોતાં આવા પ્રયોગો તમાશા જ લાગે. સરદારજીએ જ પોતાના વ્યાખ્યાનમાં કહ્યું: 'તમે આજનો દિન ઊજવો છો એથી મને જરા પણ આનંદ નથી થતો. તમારા આજના પ્રયત્નો મને તમાશો લાગ્યા છે. મેં તો તમારી પાસેથી ઘણીઘણી આશા રાખી હતી. તમારામાંથી કેટલાએ એવો નિશ્ચય કર્યો કે આજથી અમે સાચા નવજુવાન તરીકે જીવવા યત્ન કરીશું? શું આ એક દિવસનો શ્રમ તમારું જીવન ઘડી દેશે! એ શ્રમને પાયામાં રાખી જીવન ઘડવાનો કેટલાએ નિશ્ચય કર્યો? મારો દિન ઊજવવા તો એ જ યુવકો લાયક છે જે મારા જેવું જીવન ગાળવાનો નિશ્ચય કરે. મારા આખા જીવનનું તાત્પર્ય સમજી લઈ તેમણે દેશની આઝાદી ખાતર બલિદાન બનવા તૈયાર થવું જોઈએ. જો આ ભાવના તમારામાં ન જાગે તો તમે મારી આજ્ઞા માનો કે મારા માટે માન રાખો તેનો કંઈ જ અર્થ નથી. તમારે તો દેશના સૈનિક બનવાનું રહ્યું.'

જનાર્દન રાવળ

પંખાઓ અને શાડાઓ જેમ સરસમાં સરસ ફળને ખરાબ કરે છે, એવી જ રીતે ચુગલીખોર માણસ હંમેશાં આબરૂદાર માણસને જ ખરાબ કરે છે.

પંચતંત્રની વાર્તાઓ


આમ જ્ઞાનગોષ્ઠી ચાલે છે ત્યાં ચિત્રાંગ નામે લુબ્ધકથી ત્રાસેલો હરણ તરસ્યો થઈને તે સરોવરે પાણી પીવા આવ્યો. એને જોઈને ભયચકિત થયેલા મન્થરકે પાણીમાં ડૂબકી મારી, હિરણ્યક બોણમાં પેસી ગયો, અને લઘુપતનક આ તે શું છે એવી જિજ્ઞાસાથી ઊડીને વિશાલ વૃક્ષ ઉપર ચડી બેઠો. લઘુપતનકે આકાશમાં ઊડી યોજન જેટલે આંખ ફેરવી મન્થરકને કહ્યું: 'આવ, આવ, તને કાંઈ ભય નથી. મેં જોયું તો કેવળ મૃગલો પાણી પીવા આવ્યો છે.' એટલે અભ્યાગતવત્સલ મન્થરક પાણી બહાર આવ્યો ને હરણને કહ્યું, 'સારંગભાઈ, પાણી સુખેથી પીઓ ને નહાઓ. આ વનગહનમાં કેમ આવી ચડ્યા?' હરણ કહે, 'અસ્વાર ને કૂતરા વાંસે લાગ્યા હતા એનાથી માંડ ભાગી છૂટ્યો છું ને હવે આપ સાથે મૈત્રી કરવા માગું છું.' મન્થરક કહે, 'અમારી અલ્પકાયની હારે મૈત્રી કરીને શું કરવું છે? મૈત્રી તો પ્રત્યુપકારસમર્થની હારે કરવી ઘટે. ચિત્રાંગ કહે, 'અલ્પકાયમહાકાયનો કાંઈ અર્થ જ નથી. અને એવું સંભળાય છે:

કરવા જ સદા મિત્ર બળવાન્ દુબળા તથા ।
હસ્તિયૂથ વને બદ્ધ મૂષકે બંધ તોડિયા ॥
પૂ૦૨-૧૧૯॥

મન્થરક પૂછે છે: 'એ કેમ?' ચિત્રાંગ કહે છે:

કથા ૭ (પૂર્ણભદ્રની)

એક ઉજ્જડ ભૂમિપ્રદેશ હતો. ત્યાં ઉંદરનું મોટું ગામ વસી ગયું હતું. એક વાર ગજસહસ્રના પરિવારવાળો એક ગજપતિ ત્યાં થઈને નીકળ્યો. એનાં પગ નીચે કંઈક ઉંદર છૂંદાઈ ગયા. આમ વારંવાર બને તો આપણે બીજરોપ પણ નહિ રહિએ એમ વિચારીને કેટલાક ઉંદર ગજપતિ આગળ ગયા. અને પ્રણામ કરીને કહ્યું, 'દેવ, અહિં પડખે જ વંશપરંપરાએ ઉતરી આવેલો અમારો વાસ છે. ત્યાં પુત્રપૌત્રપરંપરાથી અમે વૃદ્ધિ પામ્યા છિએ. પણ આપ પાણી પીવા અહિંથી નિકળ્યા તેમાં અમારા જાણ સહસ્રશઃ નાશ પામ્યા. અને ફરીને આપ જો એ જ માર્ગે જશો તો તો અમારો ઘાણ જ નિકળે એમ છે. એટલે અમારા ઉપર કૃપા કરીને બીજે પંથ લેજો. કારણ અમારા જેવા ક્ષુદ્રજન્તુનું પણ આપ





મધુકરી

એક નયા સંસાર બસા લેં, એક નયા સંસાર !
કિ જિસમેં ધરતી હો આઝાદ,
કિ જિસમેં જીવન હો આઝાદ,
જનતાકા હો રાજ જગતમેં જનતાકી સરકાર,
જગે દેશકી ગલીગલીમેં નવયુગકા ત્યૌહાર ! —એક૦
આજ મન્દિરોં કી દીવારેં ડોલ ઊઠીં,
આજ મસ્જિદોં કી મીનારેં બોલ ઊઠીં,
કહતી બારમ્બાર પુકાર પુકારઃ
બન્દ કરો મજ્હબ કે ઝગડે આપસ કી તકરાર ! —એક૦

(નયા સંસાર)

—કવિ પ્રદીપ

શંકર દાજી પદે

દેશદાઝ તેની રગરગમાં હતી. આધુનિક યુગમાં આયુર્વેદનો ઉદ્ધાર કરવાનું ભગીરથ કાર્ય હાથ ધરનાર, ઉત્તમ વૈદ્યો તૈયાર કરવામાં અને વૈદકશાસ્ત્રના અનેક ગ્રંથો પ્રસિદ્ધ કરવામાં પોતાનું સમસ્ત જીવન ખરચી નાખનાર, ગરીબોનાં દુઃખ દૂર કરવા સારૂ પોતાના સર્વસ્વનો ભોગ આપનાર અને એકલે હાથે અનેક ગહાન કાર્યો કરી બતાવનાર દેશના એ સાચા સપૂતનું નામ શંકર દાજી પદે.

તેમના પૂર્વપુરુષો પૂના જિલ્લાના નારાયણ ગામમાં રહેતા, પરંતુ તેમના પિતા જ્યોતિષશાસ્ત્રનો ધંધો કરવા સારૂ મુંબાઈ આવીને વસ્યા હતા. અહીં તેમણે પોતાના ધંધામાં ધન અને નામના સારી મેળવી હતી. શંકર દાજીનો જન્મ મુંબાઈમાં ૧૯૨૩ના ફાગણ વદ ૧૦ના રોજ થયો હતો. તેઓ જાતે દેશસ્થ બ્રાહ્મણ હતા

માત્ર આઠ વર્ષની ઉમરમાં શંકરરાવે મરાઠી અભ્યાસ પૂરો કર્યો. ત્યાર પછી તેઓ સાહિત્યાચાર્ય પંડિત ગટ્ટુલાલજી પાસે સંસ્કૃત સાહિત્ય, ન્યાય, વ્યાકરણ, મીમાંસા વગેરે શીખવા લાગ્યા. વિદ્યાર્થી અવસ્થામાંથી જ સાર્વજનિક કામો કરવાની તેમને ટેવ હતી.

બાર વર્ષની ઉમરે તેમણે પોતાના મોટાભાઈ અને કેટલાક મિત્રોની સહાય લઈ 'બાલમિત્ર' નામનું માસિક કેવી રીતે પ્રકટ કર્યું એ બીના જાણવા જેવી છે. પિતા તરફથી જે નાણાં વાપરવા મળતાં તેમાંથી તે પત્રનું ટપાલખર્ચ અને અન્ય ખર્ચ કાઢવા લાગ્યા. જગદીશ્વર પ્રેસના માલિક સાથે એવો કરાર કર્યો કે માસિકનું જે છપામણખર્ચ થાય તેના બદલામાં પોતે પ્રેસનાં બધાં પ્રુફ જોઈ આપે. થોડા સમય પછી 'વિદ્યાપ્રકાશ'માં તેમના લેખો આવવા લાગ્યા. મરાઠી ભાષામાં પ્રસિદ્ધ થતા 'સયાજીવિજય'ના તંત્રીએ પોતાના પત્રના સંપાદનકાર્ય સારૂ તેમને વડોદરે બોલાવ્યા. અહીં તેમણે બે વર્ષ રહી તે પત્રને ખૂબ પ્રસિદ્ધિમાં લાવી મૂક્યું. પિતાના ગાઢ પ્રેમને લીધે તેમને મુંબાઈ પાછા ફરવું પડ્યું. વિશાળ વાચન અને મનનને પરિણામે તેઓ હવે ઉચ્ચ કોટિના લેખક ગણાવા લાગ્યા. કેટલીક વાર તેમના લેખો મરાઠી સમાજમાં ભારે ખળભળાટ મચાવતા હતા. 'ભારતધર્મ મહામંડળ' અને 'થિયૉસૉફી'ને લગતા તેમના લેખોએ હિંદી પત્રોનું ખાસ ધ્યાન ખેંચ્યું હતું અને 'કેસરી' જેવા નામાંકિત પત્રને પણ પોતે સ્વીકારેલા પક્ષનું સમર્થન કરવાનું છોડીને એ પ્રસંગે ચૂપ રહેવું પડ્યું હતું. ગંભીર અને વિકટ પ્રશ્નોની ચર્ચા કરવામાં તેઓ કદાપિ કાળે પાછા પડતા નહોતા.

૨૧ વર્ષની ઉમરે તેમનું લગ્ન થયું. વિવાહ પછી તરત જ તેમનાં પત્ની બીમાર થયાં. એ બીમારીમાં અનુચિત ઔષધિ આપવાથી તેમનું સ્વાસ્થ્ય બગડ્યું. સંતાન થવાની આશા ન રહી. ઘરનાં માણસોએ અનેકવાર આગ્રહ કર્યાં છતાં તેમણે બીજી વાર લગ્ન કરવાની હાં ના પાડી, એટલું જ જ નહિ પરંતુ એકપત્નીવ્રતના એ હિમાયતીએ પોતાના દાંપત્યપ્રેમમાં જરાયે ન્યૂનતા આવવા ન દીધી.

તેમના પિતા જ્યોતિષશાસ્ત્રી હતા, પરંતુ તેમનાં માતા વૈદક વિષયનું સારૂં જ્ઞાન ધરાવતાં હતાં. તેમની પડોશમાં ભાનુ વૈદ્ય ફુલકર્ણી નામના એક જાણીતા વૈદ્ય રહેતા હતા. એ વૈદ્યનો પ્રેમ સંપાદન કરીને તેમનાં જ્ઞાન અને અનુભવનો લાભ શંકરરાવે સારી રીતે લીધો. આ ઉપરાંત તેમણે



આસનનો છેડો ઊંચો કરી નારાયણ પંડિતે પૈસા બતાવ્યા

એકના આઠ

પ્રભાતના મધુર વાતાવરણમાં ગંગાબાઈ સૂર્યની સામે બેસી પ્રભુના જાપ કરતાં હતાં, એવામાં સામેના તુલસીછોડ પર બેઠેલી નાની ચકલી પાસે ચકલાએ આવી ચણના બેચાર દાણા મૂક્યા અને શાંત 'ચીંચીં' 'ચીંચીં' અવાજ કરી દાણા ચણી બંને ઊડી ગયાં.

આ દૃશ્ય જોઈ ગંગાબાઈના મનમાં વિચાર આવ્યો: ગામનો રાજા હમેશાં હજાર રૂપિયાનું દાન કરે છે, છતાં મારા પતિ કોઈ દિવસ યાચવા ગયા નહિ અને એ રૂપિયા લાવી મારા હાથમાં મૂક્યા નહિ. ધન્ય નહિ આ ચકલી, કે તેના પતિની કંઈક તો પ્રસાદી પામે છે!

એટલામાં 'હરિ ૐ'ના નાદ કરતા નારાયણ પંડિત પૂજા વિસર્જન કરી બહાર આવ્યા.

'આજ તો મારી એક વિનંતી જરૂર સાંભળો.' ગ્લાનિભર્યા વદને ગંગાબાઈએ કહ્યું.

'ખુશીથી.'

'આપણા રાજાજી હમેશાં આટઆટલું દાન કરે છે, પણ તમે કોઈ દિવસ ગયા નથી. કાલે જાઓ તો પાંચ રૂપિયાની પ્રાપ્તિ થાય, આપણી તંગી કંઈક ટળે.'

હસીને નારાયણે કહ્યું: 'આપણું આ સાત્ત્વિક જીવન તમને કઠણ લાગ્યું! એવા મહેનત વગરના અલક્ષ્મીના દાન કરતાં ચાર ઘરની પવિત્ર માધુકરી મને તો વધુ મીઠી લાગે છે. આશીર્વાદ દઈ ઋણમુક્ત થઈએ છીએ. બીજાનું દાન લેતાં એ ધનનાં પાપપુણ્યમાં હિસ્સો રાખવા કરતાં સત્કાર્યમય પ્રભુમય જીવન ગાળવું શું ખોટું?'

'ખોટું તો કંઈ નહિ!' જરા ઢીલાં પડતાં ગંગાબાઈ બોલ્યાં. 'પણ પાંચ રૂપિયા મળે તો આપણે બે મહિના માધુકરી માગવી નહિ; લક્ષ્મી તો પવિત્ર છે, વળી હાથોહાથ લેવી છે, અને કુમાર્ગે વાપરવી નથી.'

પત્નીનો આગ્રહ જોઈ નારાયણ પંડિત બોલ્યા: 'તો એક છૂટ આપો.'

'**મ**ને આપો.' 'મને આપો'ના પોકારોથી કોલાહલ મચી રહ્યો હતો. 'આ તો ઘણી વખત લઈ ગયો છે...હું આઘેથી જ આવ્યો છું...હું પહેલો જ આવ્યો છું...ફરી આવીશ નહિ...મને આપો, બાપુ, મને આપો...મારી આંતરડી દુવા દેશે...બાપુ મને આપો. મને...મને...'

આવા કોલાહલ મચાવતા યાચકોના અવાજોથી કંટાળેલા રાજા આસન ઉપર બેઠાબેઠા તેમનાં મુખ ઉપરના અનેક ભાવ જોઈ રહ્યા છે, એવામાં તેની નજર દૂર એક દીવાલને અઢેલી સ્વસ્થ પ્રસન્ન મુખે ઊભા રહેલા નારાયણ પંડિત ઉપર પડી. યાચકોના ટોળામાં આવેલા છતાં કમળપત્ર જેવા અલિપ્ત એમના વદન પર એક પણ એવી રેખા ન જોઈ જેમાં દાન લેવાની કે લક્ષ્મી ઝડપી લેવાની જરા પણ આકાંક્ષા હોય. રાજા આથી આનંદાશ્ચર્ય પામ્યો અને સૌને યથાશક્તિ આપી વિદાય કરીને નારાયણ પંડિત પાસે જઈને કહ્યું: 'મહારાજ, આપ કેમ કંઈ ઇચ્છા બતાવતા નથી? આપની અનાસક્તિ જોઈ હું ખૂબ પ્રસન્ન થયો છું. આપ ઇચ્છા હોય તે માગો. ચાહે તેટલી લક્ષ્મી માગો.'

નારાયણ પંડિતે વિનયપૂર્વક શાન્તિથી કહ્યું: 'રાજન! આપની પાસે સાચી લક્ષ્મી હોય તો મને આપો!'

'ઓહો! એટલું જ ને.' પધારો રાજ્યભંડારમાં. ત્યાં અનેકવિધ રત્નો, માણિક્યો, મોતી ને સુવર્ણ ભર્યાં છે. આપને તેમાં જે કાંઈ સાચી લક્ષ્મી લાગે તે ખુશીથી લઈ મને આશીર્વાદ આપો.' નારાયણની માગણીથી રાજા ખૂબ ખુશ થયો. બંને રાજ્યભંડાર તરફ વળ્યા.

આખો ભંડાર ફરી વળીને જોવા છતાં નારાયણે તેમાંથી ફૂટી બદામ પણ લીધી નહિ. એ જોઈને રાજાને નવાઈ લાગી. તેણે આશ્ચર્યથી કહ્યું: 'મહારાજ! આપને આટલી અઢળક લક્ષ્મીમાં કંઈ જ સાચું ન લાગ્યું? તો પછી મારે સાચું શું સમજવું?'

'એ હું તો શી રીતે કહું, મહારાજ! સાચું કે ખોટું એ તો આપ આપના હૃદયથી નક્કી કરી શકો. એ રીતની સત્ય લક્ષ્મી મને જે કંઈ આપશો તે સ્વીકારી હું

અંતરના આશીર્વાદ આપી સંતોષ માનીશ.' એમ કહી નારાયણ પંડિતે 'કલ્યાણમસ્તુ !' કહી વિદાય લીધી.

'આજ આપ આટલા બધા તે શા વિચારમાં છો? કૃપા કરીને કહો તો હું પણ ચિંતામાં ભાગ લઉં.' રાજાને ઊંડા વિચારમાં ગરકાવ થએલો જોઇ રાણીએ પૂછ્યું.

'આજ એક સુપાત્ર સાધુ પુરુષ યાચવા આવી મૌન ઊભો રહેલો. સેંકડો દાન લેનારમાં એ તરી આવતો હતો. તેની મુખમુદ્રા ઉપર સાત્ત્વિકતાનું તેજ હતું. મેં તેને કહ્યું કે જે માગો તે આપું. ત્યારે તેણે કહ્યું કે 'સાચું નાણું આપો.' મેં આખો ભંડાર બતાવ્યા છતાં તેણે એક પાઇને પણ સ્પર્શ કર્યો નહિ. મને નવાઇ તો એ લાગે છે કે લક્ષ્મીની જેને જરા યે લાલચ ન હોય અને છતાં દાન લેવા આવ્યો હોય એવા યાચકને મારી જિંદગીમાં આજે જ જોયો. અને આવી માગણી કરનાર પણ આજે જ મળ્યો. હવે મારે તેને આપવું શું?'

રાણી બહુ ચતુર હતી. સત્ય અસત્યનો મર્મ સમજનારી હતી. તેણે કહ્યું: 'યાચકના વિચારોનું તથ્ય હું સમજી છું, અને મને એક માર્ગ સૂઝ્યો છે. પણ આપને તે રૂચશે કે કેમ તે નથી જાણતી.'

'કહો, જરૂર કહો!'

'આપણે કોઇ સાચી મજૂરીનું કામ કરીએ અને તે મહેનતનું નાણું પેલા યાચકને આપીએ.'

તરત એક ખાનગી હજુરિયાને બોલાવી બે જોડ મજૂરનાં કપડાં મંગાવવામાં આવ્યાં, અને બીજે દિવસે વહેલે પરોઢિયે મજૂરીએ જવાનો બંનેએ નિશ્ચય કર્યો.

'મજૂર જોઇએ છે, મજૂર!' વહેલે મળસ્કે નગરના સામાન્ય મહોલ્લાઓમાં રાણીનો તીણો અવાજ શાંતિને ભેદી રહ્યો. સત્યની શોધ થાય ત્યારે દરેક હૈયું સવેળા જાગે છે. પાંચસાત અવાજમાં તો એક મમરા ભૂંજનારો જાગી ઊઠ્યો. તરત જ પોતાની દુકાન ઉઘાડી આ બંને મજૂરને તેણે બોલાવ્યાં અને લીલી કમોદનો ઢગલો બતાવી કહ્યું: 'અલ્યાં, આ કમોદ ભૂંજી દેશો?'

રાણીએ કહ્યું: 'ખુશીથી! શું આપશો?'

'બે આના. એક કલાકનું કામ છે. જુઓ આ ચૂલ અને આ રેતી ને તાવડો. લાકડાં નાખી ચેતાવો અને કામ પતી રહે એટલે મને બોલાવજો.' આટલું કહી વેપારી ઘરમાં ગયો. રાજાને જરા ક્ષોભ થયો, પણ રાણી હોશિયાર હતી. તરત જ ચૂલ સળગાવી તાવડો મૂક્યો. રાજા પવાલાં ભરી દેતો જાય, રાણી લાકડાના કકડા વડે હલાવી મમરા ફોડતી જાય અને તે બતાવે તેમ રાજા હાથમાં સૂપડુ લઇ મમરા ઉડાડી ઢગલો મારતો જાય.

એક કલાકમાં તો કામ પતી ગયું. રાણીએ વેપારીને બોલાવી કામ સોંપી દીધું. ગુલાબનાં ફૂલ ભર ઉનાળે ધગધગતા રસ્તામાં નાખ્યાં હોય અને જે દશા થાય તેવી દશા રાજારાણીની થઈ હતી. બંને પરસેવાથી રેબઝેબ થઈ ગયાં હતાં. ગાલ ઉપર શ્રમની લાલ છાંયો ઊડી રહી હતી. શ્વાસની ધમણો જોસભેર ચાલી રહી હતી.

'લ્યો આ તમારી મજૂરી.' કહી વેપારીએ રાજાના હાથમાં રોકડા આઠ પૈસા મૂકયા.

રાજારાણી ગુપચુપ મહેલમાં જતાં રહ્યાં અને આરામ લઇ નિત્યકર્મ કરી હંમેશના નિયમ મુજબ રાજા દાનચોરે ગયો.

એ જ દેખાવ, એ જ કોલાહલ. અને એટલા જ ભિખારી, યાચક અને આગંતુક. કાલે આવેલા નારાયણ પંડિત પણ એક દીવાલને અઢેલી અદબ વાળી ઊભેલા હતા. રાજાએ તરત જ ત્યાં જઈ પોતાની મૂઠી નારાયણ તરફ ધરી કહ્યું: 'ગુરૂદેવ! આ સાચું નાણું આટલું મળ્યું છે તે આપ સ્વીકારી આશીર્વાદ આપો.'

નારાયણ આઠ પૈસા પોતાની મૂઠીમાં લઇ 'કલ્યાણમસ્તુ'ના શબ્દથી રાજવીને આશીર્વાદ આપીચાલતાથયા.

ઘેર આવી નારાયણ પંડિતે આઠે પૈસા પૂજાના આસન નીચે મૂકયા. થોડીવારે ગંગાબાઇ બહારથી આવ્યાં અને પતિનો આનંદિત ચહેરો જોઇ તેમને ઉમંગ થયો કે જરૂર રાજાએ આજ સારી દક્ષિણા આપી હશે.

નારાયણે ગંગાબાઇને આપવા માટે એક પછી એક સાત પૈસા આસન નીચેથી કાઢ્યા અને જેવો આઠમો પૈસો કાઢવા જાય છે ત્યાં પાછા આસન નીચે આઠના આઠ પૈસા થઇ ગએલા જોયા! નારાયણ પંડિતની ખાતરી થઇ કે જરૂર રાજાએ સાચી જ લક્ષ્મી મને આપી છે. રાજા મારૂં કથન બરાબર સમજી ગયા અને દાનના પાપમાંથી મને બચાવ્યો. તેમણે સાત પૈસા ગંગાબાઇને આપ્યા અને આ બાબત મૌન પકડ્યું. રોજ તેમણે ગંગાબાઇને સાત પૈસા આપવા માંડ્યા.

પણ ગંગાબાઇને આ વ્યવહાર ગમ્યો નહિ. સાત પૈસાથી વધુ કોઇ દિવસ નારાયણ ન આપે એ બનાવે

તેના મગજમાં અંદેશો ઉત્પન્ન કર્યો અને એક દિવસ મોંકો દેખી આપતાં કહ્યું, 'મારી અને તમારી આટલી ઉમરમાં તમે કદિ કોઈ વાત મારાથી છુપાવી નથી. પરંતુ રાજાએ તમને શું દાન આપ્યું તે વાત મારાથી છુપાવો છો અને મને દર વખતે સાત પૈસાથી વધુ નથી આપતા. આમાં શું રહસ્ય છે તે મને નહિ જ કહો!'

નારાયણ હસી પડ્યો અને આસનનો એક છેડો ઊંચો કરી કહ્યું: 'આ શું છે!'

ગંગાબાઈએ પૈસા ગણી કહ્યું: 'આઠ પૈસા.'

'તેમાંથી સાત તમે લઈ લો.'

ગંગાબાઈએ સાત પૈસા લઈ લીધા કે તરત જ નારાયણે ઊંચો કરેલો છેડો નીચે મૂકી દીધો. પછી તેને ફરી ઊંચો લઈ કહ્યું: 'હવે જુઓ જોઈએ શું છે!'

વિસ્મિત થઈ ગંગાબાઈએ કહ્યું: 'આઠ પૈસા!'

'ફરીથી તેમાંના સાત લઈ લો.'

ગંગાબાઈએ ફરી સાત પૈસા લઈ લીધા. વળી છેડો ઢાંક્યો. ફરી ત્રીજી વખત સાત પૈસા લીધા. આમ પાંચસાત વખત પૈસા લીધા છતાં છેડો ઢાંકતાં એકના આઠ થતા જ હતા તે જોઈ ગંગાબાઈ આશ્ચર્યચકિત થઈ ગયાં. નારાયણે તેને બધો ખુલાસો કરી દીધો.

હવે નારાયણે આ કામ ગંગાબાઈને સોંપી દીધું. પછી તો ગંગાબાઈ એકના આઠ કરવાના મહાન કાર્યમાં ગૂંથાયાં. હમેશાં દસપંદર રૂપિયા એકઠા કરે. બેચાર મહિનામાં તો મકાન બાંધવાની પણ શરૂઆત કરી, અને છ આઠ માસમાં તો આલિશાન મકાન ઊભું પણ થઈ ગયું. જ્યાં એકના આઠ થાય ત્યાં શું બાકી રહે!

કળિયુગના વાથી રંગાએલા કોઈ કૂડા અમલદારની નજર આ મકાન ઉપર પડી. જે નારાયણ છસાત માસ પહેલાં દાનની આશાએ આવી ઊભા હતા અને રાજાએ જેને ગુપચુપ કંઈ આપ્યું હતું તે જ આ વ્યક્તિ, એવો પાકો પત્તો મેળવી તેણે રાજા પાસે જઈ ઈર્ષ્યાથી સળગતાં ચાડી ખાધી: 'મહારાજ! પેલો દરિદ્ર નારાયણ જેને આપે ગુપચુપ કંઈક આપ્યું હતું તે તો આજે મોટી મહેલાતો ખડકી રહ્યો છે. આપે શું આપ્યું તે તો દીનાનાથ જાણે, પણ ખૂબ પૈસાવાળો થઈ ગયો છે. કોઈ કહે છે કે જાદુ કરે છે. કોઈ કહે છે કે રાજ્યલક્ષ્મી સેરવવાની તેને વિદ્યા વરી છે અને આપે જે આપ્યું તેના ઉપર મંત્રની શક્તિથી ખજાનામાંથી રૂપિયા ખેંચી લે છે, કોઈ કહે છે કે રાજાએ પારસમણિ આપી દીધો છે એટલે લોઢાને સ્પર્શ કરી સોનું બનાવે છે.'

પોતાને પૂરી ખાતરી હતી કે નારાયણને પોતે માત્ર આઠ જ પૈસા આપ્યા છે, છતાં આ ભંભેરણીથી રાજાના મનમાં શંકા જાગી અને એક દિવસ પ્રધાનને સાથે લઈને નારાયણને ઘેર ગયો.

નારાયણે આશીર્વાદ આપી રાજાને આસન આપ્યું અને કૃતજ્ઞતાપૂર્વક જણાવ્યું કે 'આપની સાચી લક્ષ્મીના પ્રતાપે બહુ જ સુખી છું.'

રાજાએ કહ્યું કે 'તમે સાચી લક્ષ્મી, સાચી લક્ષ્મી કહો છો અને તેના જ પ્રતાપે આટલા સુખી છો તો મને તે પ્રત્યક્ષ સમજાવો. મને તો ઊલટી કુશંકાઓ જાગી છે. ક્યાં છે એ સાચી લક્ષ્મી?'

તરત જ નારાયણ બંનેને સાથે તેડી એક ઓરડામાં ગયો અને એક સુંદર આસનનો છેડો ઊંચો કરી કહ્યું: 'પ્રધાનજી! આમાંથી સાત પૈસા લઈ લો.' પ્રધાને તે લીધા. તરત જ છેડો મૂકી બીજી વખત ઊંચો કરી એમ જ કરવાનું કહ્યું. બેચાર વખત આમ લીધા છતાં એકના આઠ થઈ જતા જોઈ રાજા અને પ્રધાન આશ્ચર્યમુગ્ધ બની ગયા! નારાયણે હાથ જોડી કહ્યું. 'મહારાજ! હવે આપે આ આઠ પૈસા કેમ મેળવ્યા હતા તેનો ઇતિહાસ પણ મને કહેવો જોઈએ.'

રાજાએ સાફ દિલથી પોતે મેળવેલા આઠ પૈસાની હકીકત કહી. પ્રધાન તો દિંગ્મૂઢ બની ગયો.

જ્યાં સાચી લક્ષ્મી એકની આઠગણી થાય છે, ત્યાં સાચી પ્રભુભક્તિ કેટલાગણી થતી હશે એ વિચારે રાજા ને પ્રધાનને સાચું જ્ઞાન થયું. નારાયણ પંડિત જગતમાં રહ્યા છતાં કમળપત્ર પેઠે રહ્યા હતા એ એમને માટે સાચો પદાર્થપાઠ હતો. **'અદ્વૈત'**

પતિ: (ઑફિસમાં ટેલિફોન પર પત્નીની તરફથી 'જલદી આવો'નો સંદેશો મળતાં હાંફળાફાંફળા ઘેર આવી) કેમ, કંઇ નવાજૂની થવા પામી છે?

પત્ની: હા, પણ સહેજ મોડા પડ્યા, નહિતર આપણો આ બાબો અંગૂઠો ચૂસતો હતો એ જોવાની બહુ મઝા આવત!

~

રમણ: (કનુને) તું આંખ બંધ કરી અરીસામાં શા માટે જુએ છે?

કનુ: હું સૂઈ જાઉં છું ત્યારે કેવો લાગું છું તે જોવા માટે.



મધુકરી

એક નયા સંસાર બસા લેં, એક નયા સંસાર !
કિ જિસમેં ધરતી હો આઝાદ,
કિ જિસમેં જીવન હો આઝાદ,
જનતાકા હો રાજ જગતમેં જનતાકી સરકાર,
જગે દેશકી ગલીગલીમેં નવયુગકા ત્યૌહાર ! —એક૦
આજ મન્દિરોં કી દીવારેં ડોલ ઉઠીં,
આજ મસ્જિદોં કી મીનારેં બોલ ઉઠીં,
કહતી બારમ્બાર પુકાર પુકારઃ
બન્દ કરો મજહબ કે ઝગડે આપસ કી તકરાર ! —એક૦
—કવિ પ્રદીપ

(નયા સંસાર)

શંકર દાજી પદે

દેશદાઝ તેની રગેરગમાં હતી. આધુનિક યુગમાં આયુર્વેદનો ઉદ્ધાર કરવાનું ભગીરથ કાર્ય હાથ ધરનાર, ઉત્તમ વૈદ્યો તૈયાર કરવામાં અને વૈદકશાસ્ત્રના અનેક ગ્રંથો પ્રસિદ્ધ કરવામાં પોતાનું સમસ્ત જીવન ખરચી નાખનાર, ગરીબોનાં દુઃખ દૂર કરવા સારૂ પોતાના સર્વસ્વનો ભોગ આપનાર અને એકલે હાથે અનેક ગહાન કાર્યો કરી બતાવનાર દેશના એ સાચા સપૂતનું નામ શંકર દાજી પદે.

તેમના પૂર્વપુરુષો પૂના જિલ્લાના નારાયણ ગામમાં રહેતા, પરંતુ તેમના પિતા જ્યોતિષશાસ્ત્રનો ધંધો કરવા સારૂ મુંબાઈ આવીને વસ્યા હતા. અહીં તેમણે પોતાના ધંધામાં ધન અને નામના સારી મેળવી હતી. શંકર દાજીનો જન્મ મુંબાઈમાં ૧૯૨૩ના ફાગણ વદ ૧૦ના રોજ થયો હતો. તેઓ જાતે દેશસ્થ બ્રાહ્મણ હતા

માત્ર આઠ વર્ષની ઉમરમાં શંકરરાવે મરાઠી અભ્યાસ પૂરો કર્યો. ત્યાર પછી તેઓ સાહિત્યાચાર્ય પંડિત ગટ્ટુલાલજી પાસે સંસ્કૃત સાહિત્ય, ન્યાય, વ્યાકરણ, મીમાંસા વગેરે શીખવા લાગ્યા. વિદ્યાર્થી અવસ્થામાંથી જ સાર્વજનિક કામો કરવાની તેમને ટેવ હતી.

બાર વર્ષની ઉમરે તેમણે પોતાના મોટાભાઈ અને કેટલાક મિત્રોની સહાય લઈ 'બાલમિત્ર' નામનું માસિક કેવી રીતે પ્રકટ કર્યું એ બીના જાણવા જેવી છે. પિતા તરફથી જે નાણાં વાપરવા મળતાં તેમાંથી તે પત્રનું ટપાલખર્ચ અને અન્ય ખર્ચ કાઢવા લાગ્યા. જગદીશ્વર પ્રેસના માલિક સાથે એવો કરાર કર્યો કે માસિકનું જે છપામણખર્ચ થાય તેના બદલામાં પોતે પ્રેસનાં બધાં પ્રુફ જોઈ આપે. થોડા સમય પછી 'વિદ્યાપ્રકાશ'માં તેમના લેખો આવવા લાગ્યા. મરાઠી ભાષામાં પ્રસિદ્ધ થતા 'સયાજીવિજય'ના તંત્રીએ પોતાના પત્રના સંપાદનકાર્ય સારૂ તેમને વડોદરે બોલાવ્યા. અહીં તેમણે બે વર્ષ રહી તે પત્રને ખૂબ પ્રસિદ્ધિમાં લાવી મૂક્યું. પિતાના ગાઢ પ્રેમને લીધે તેમને મુંબાઈ પાછા ફરવું પડ્યું. વિશાળ વાચન અને મનનને પરિણામે તેઓ હવે ઉચ્ચ કોટિના લેખક ગણાવા લાગ્યા. કેટલીક વાર તેમના લેખો મરાઠી સમાજમાં ભારે ખળભળાટ મચાવતા હતા. 'ભારતધર્મ મહામંડળ' અને 'થિયૉસૉફી'ને લગતા તેમના લેખોએ હિંદી પત્રોનું ખાસ ધ્યાન ખેંચ્યું હતું અને 'કેસરી' જેવા નામાંકિત પત્રને પણ પોતે સ્વીકારેલા પક્ષનું સમર્થન કરવાનું છોડીને એ પ્રસંગે ચૂપ રહેવું પડ્યું હતું. ગંભીર અને વિકટ પ્રશ્નોની ચર્ચા કરવામાં તેઓ કદાપિ કાળે પાછા પડતા નહોતા.

૨૧ વર્ષની ઉમરે તેમનું લગ્ન થયું. વિવાહ પછી તરત જ તેમનાં પત્ની બીમાર થયાં. એ બીમારીમાં અનુચિત ઔષધિ આપવાથી તેમનું સ્વાસ્થ્ય બગડ્યું. સંતાન થવાની આશા ન રહી. ઘરનાં માણસોએ અનેકવાર આગ્રહ કર્યા છતાં તેમણે બીજી વાર લગ્ન કરવાની હા ના પાડી, એટલું જ જ નહિ પરંતુ એકપત્નીવ્રતના એ હિમાયતીએ પોતાના દાંપત્યપ્રેમમાં જરાયે ન્યૂનતા આવવા ન દીધી.

તેમના પિતા જ્યોતિષશાસ્ત્રી હતા, પરંતુ તેમનાં માતા વૈદક વિષયનું સારૂં જ્ઞાન ધરાવતાં હતાં. તેમની પડોશમાં ભાનુ વૈદ્ય ફુલકર્ણી નામના એક જાણીતા વૈદ્ય રહેતા હતા. એ વૈદ્યનો પ્રેમ સંપાદન કરીને તેમનાં જ્ઞાન અને અનુભવનો લાભ શંકરરાવે સારી રીતે લીધો. આ ઉપરાંત તેમણે

વૈદકશાસ્ત્રનો રીતસરનો અભ્યાસ કર્યો. થોડા જ સમયમાં 'રાજવૈદ્ય' નામનું મરાઠી માસિક પ્રસિદ્ધ કર્યું અને પાંચ છ વર્ષ પછી 'આર્યભિષક' કાઢી તેની સાથે તેને જોડી દીધું.

આયુર્વેદનો અભ્યાસ કર્યા પછી તે શાસ્ત્રનો ઉદ્ધાર કરવાની સ્વયંસ્ફૂર્તિ તેમનામાં જાગ્રત થઈ. એ સમયે પ્રમાદી બની ગએલા વૈદ્યોનો ધંધો ડૂબવાની અણી પર હતો. તેમણે મુંબઇ ઈલાકાના તે સમયના વિદ્વાન અને મોટા ગણાતા પુરુષોને એકઠા કર્યા અને તેમની સમક્ષ આયુર્વેદના ઉદ્ધારની પોતાની આખી યોજના રજૂ કરી કોઇએ મૌખિક સહાનુભૂતિ દર્શાવી અને કોઇએ શેખચલ્લી ગણી હસી કાઢ્યા છતાં મહાપુરુષ થવા સર્જાયેલા શંકરરાવ હિંમત ન હાર્યા. નક્કી કરેલા જીવનકાર્યને તેઓ મક્કમપણે વળગી રહ્યા.

શંકરરાવે લગભગ ૭૫ પુસ્તકોનો અનુવાદ, ટીકા, સંપાદન, પ્રકાશન વગેરે કાર્ય કર્યું. વૈદકશાસ્ત્રનાં કેટલાંક સારામાં સારાં પુસ્તકો તેમના હાથે લખાયાં. વૈદક વિષયના ૭૦૨ પ્રાચીન ગ્રન્થોનું સૂચિપત્ર તેમણે તૈયાર કર્યું.

ગુજરાતી ભાષામાં પણ તેમણે વૈદકનું એક માસિક ચલાવ્યું. પોતાના જ્ઞાનનો લાભ હિંદી વાચકોને મળે તેટલા સારૂ તેમણે સં. ૧૯૬૦માં 'સદ્વૈદ્ય કૌસ્તુભ' નામનું હિંદી માસિક શરૂ કર્યું. આ માસિક દ્વારા હિંદી ભાષામાં પણ પાંચસાત પુસ્તકો તેમણે પ્રકટ કર્યાં. આ ઉપરાંત ડૉ. પોપટ પ્રભુરામ સાથે મળીને મુંબાઈમાં તેમણે 'આયુર્વેદ વિદ્યાલય'ની સ્થાપના કરી. થોડા સમયમાં તે સંસ્થાને સારી સ્થિતિ પર લાવી મૂકી. ત્રણચાર વર્ષ પછી તેમણે નાસિકમાં આયુર્વેદ વિદ્યાપીઠ સ્થાપી અને નાસિક તેમજ નાગપુરમાં વૈદક વિદ્યાલયો શરૂ કર્યાં.

વૈદકશાસ્ત્રની ઉન્નતિ ઈચ્છતા વૈદ્યો, હકીમો અને ડૉક્ટરોને ઉત્સાહિત કરવા માટે હજારો રૂપિયા ખર્ચીને તેમણે ભારતવર્ષના તમામ વૈદ્યોનું એક રાષ્ટ્રીય સંમેલન ભર્યું. વૈદ્યોની પરીક્ષા લઇને તેમને યોગ્ય ઉપાધિઓ આપવા લાગ્યા. તેમની પાસેથી મેળવેલી ઉપાધિવાળા અનેક વૈદ્યો આજે સમસ્ત હિંદમાં વિદ્યમાન છે.

હિંદીને રાષ્ટ્રભાષા અને નાગરી લિપિને સર્વવ્યાપી બનાવવા માટે પણ તેમણે અથાગ પરિશ્રમ ઉઠાવ્યો હતો. 'ભારતધર્મ' નામના પત્રને ૧૧ વર્ષ સુધી ત્રણ ભાષામાં પ્રકટ કરીને તેમણે ભારે ખોટ સહન કરી હતી. જે સમયે મેળાવડાની ઉપયોગિતા કોઇને લાગતી નહોતી એવા વખતે 'રાષ્ટ્રીય જાગૃતિનું કામ આવા જલસા દ્વારા સારી રીતે થઈ શકે છે' એ વાત તેઓ બરાબર રીતે સમજતા હતા. આ હેતુ પાર પાડવા માટે તેમણે 'આર્ય મિત્ર મેળા'ની સ્થાપના કરી અને તેને ૨૦ વર્ષ સુધી ચલાવી આપ્યો. હાલમાં તે મેળો ગણપતિ ઉત્સવના એક સ્તંભ સમાન ગણાય છે.

તેમનો મિલનસાર સ્વભાવ અને મીઠી વાણીથી તેઓ સૌને પ્રિય થઇ પડ્યા. રાજા મહારાજાઓ સાથે મૈત્રી હોવા છતાં તેમણે પોતાના માટે કંઈ જ ધન એકઠું ન કર્યું. પોતાને જે કંઇ મળતું તે સાર્વજનિક કામોમાં વાપરી નાખતા. ગરીબો પ્રત્યે તેમને ખૂબ દયાભાવ હતો. તેમની તેઓ મફત દવા કરતા, એટલું જ નહિ પરંતુ આદર્શ વૈદ્ય તરીકે તેમની ખૂબ સંભાળ લેતા હતા.

તેમના જીવન અને કર્મની સુવાસ ચારે બાજુ પ્રસરી ગઈ. ઠેરઠેરથી તેમની વાણી સાંભળવા માટે આમંત્રણો આવવા લાગ્યાં. સંયુક્ત પ્રાંતમાં એક પ્રાંતિક કાર્યાલયની ઉદ્‌ઘાટન વિધિ અને વૈદક વિદ્યાલયનો પાયો નાંખવા માટે તેમને બોલાવવામાં આવ્યા. સં. ૧૯૬૬માં તેઓ આ કાર્ય માટે પ્રયાગ ગયા. ત્યાં તેઓ એકાએક બીમાર થયા અને રામનવમીના પવિત્ર દિવસે બધાને રડતા મૂકી ચાલ્યા ગયા.

(અભ્યાસગૃહ પત્રિકા)

ઈરાકની અદ્‌ભુત તેલનળી

યુરોપીય યુદ્ધમાં આજે જે દેશનું નામ મોખરે ગવાઈ રહ્યું છે તે નાના ઇરાકને જે ઘણાં કારણોને લીધે મોટાઈ મળી છે તેમાં મુખ્ય તે ત્યાંના પેટ્રોલના કૂવા. એ કૂવાઓનું આધિપત્ય મેળવવા માટેની યુરોપનાં રાજ્યોની મથામણો અને ખટપટોનો ઇતિહાસ જેટલો રસિક છે, એટલો જ રસભર્યો ઇતિહાસ, એ કૂવાઓમાંથી નીકળતા પેટ્રોલને ઠેઠ દરિયાકિનારા સુધી પહોંચાડનારી એક ગંજાવર પાઈપ લાઇન–તેલનળીનો છે. એશિયાના વેરાનમાં કાળા માથાના માનવીએ સર્જેલું એ એક અદ્‌ભુત ઈજનેરી સાહસ છે.

કાળી ગરમીથી ધગધગતા ઈરાકના એ વેરાન મુલકમાં સાડા અગિયારસો માઇલ સુધી પથરાઇને ઠેઠ ભૂમધ્ય સમુદ્ર પરનાં બંદરોને તેલ પહોંચાડતી એ ગંજાવર લોખંડી તેલનળી એક કરોડ પૌંડને ખર્ચે બંધાઇ છે અને ઈજનેરી સાહસ તથા કૌશલ્યનો અજબ નમૂનો છે. બ્રિટન અને ફ્રાન્સનાં આર્થિક શરીરોની તો એ ધોરી નસ છે.

જગતનાં તેલક્ષેત્રો (પેટ્રોલના કૂવાઓ)નો ઇતિહાસ અનેક કાવાદાવાઓ અને વિદ્વેષથી ખરડાએલો છે. ઇરાકની આ તેલનળીનો પણ એવો જ ઇતિહાસ છે. 'ઇરાક પેટ્રોલિયમ કંપની' માટે બ્રિટિશ ઈજનેરોએ એનું નિર્માણ કર્યું છે અને ઍંગ્લો-પર્શિયન ઑઇલ કં.ના પ્રેસિડેન્ટ સર જોન કેડમનના પ્રમુખપણા નીચે બ્રિટિશ, ફ્રેન્ચ અને અમેરિકન હિતો તેની સાથે સંકળાએલાં છે.

સ્વયંભૂ અગ્નિની ભોમ સમા લેખાતા ગેહલા નજીકના કિરકુક મુકામે આજથી અગિયાર વરસ પહેલાં અખતરા રૂપે એક શારડી જમીનમાં ઉતારવામાં આવી ને પરિણામે તેલનો જબરો ધોધ ફૂટી નીકળ્યો. માત્ર ૩૦૦૦ ફૂટનું ડ્રિલિંગ થયું ત્યાં તો રોજના ૨૦૦૦ ટન જેટલા ગંજાવર જથ્થાએ આત્મસમર્પણ કરી દીધું.

મહાયુદ્ધ પહેલાં તુર્કી પર સુલતાનનું શાસન હતું. ને એશિયાના અનેક મુલ્કો પર વિસ્તરેલું. ઈરાકનો મુલ્ક એ વિસ્તારમાં સમાઇ જતો. એમાં પેટ્રોલિયમની ગંધ આવતાં પશ્ચિમનાં ગીધડાં એ પર તૂટી પડ્યાં. અમેરિકા, ફ્રાન્સ, ઇંગ્લંડ ને જર્મની વચ્ચે જબરી રસાકસી ચાલી. અનેક કાવાદાવાને અંતે બ્રિટને એમાંથી ૭૫ ટકા જેટલો હિસ્સો મેળવી લીધો, ને બાકીનો હિસ્સો જર્મનીને ફાળે ગયો.

ત્યાં મહાયુદ્ધ આવ્યું. ઘણાનું માનવું છે કે આજની દુનિયામાં તેલનું (પેટ્રોલનું) આધિપત્ય જ એ મહાવિગ્રહનું મૂળ હતું. એ યુદ્ધમાં રૉકફેલર ને ડીટરડિંગ વચ્ચેની, સ્ટૅન્ડર્ડ ઑઇલ અને રૉયલ ડચ વચ્ચેની, વૉશિંગ્ટન અને લંડન વચ્ચેની હરીફાઈ નેત્રે મુકાઈ ને જર્મનીનું તેલાધિપત્ય નષ્ટ કરવાની હોડ ખેલાઈ. ઇરાકના એકેએક શેખમાં ફૂટ પાડવામાં આવી અને અંતે બ્રિટન તથા ફ્રાન્સે પોતાનું કામ કાઢી લીધું, ને વૉશિંગ્ટન ઊંચું રહી ગયું. પણ રાજપ્રાય હરીફાઈના એ કાવાદાવાઓને બાજુએ મૂકી આપણે આ તેલનળીના ઇજનેરી તલેસ્માત પર જ આવીએ.

દર વરસે ૪૦ લાખ ટન જેટલા જથ્થામાં નીકળતા પેટ્રોલના એ પ્રવાહી સુવર્ણને બંદરી માર્ગે પોતાના દેશભેગું કરવાની નિકાસમાં સરળતા મળે એટલા ખાતર આ અદ્ભુત સાહસ સરજવામાં આવ્યું. એક વરસ એની પ્રાદેશિક મોજણીમાં વીત્યું. એના નકશા ચીતરાયા. નળો માટે જેમ બને તેમ સીધો માર્ગ લેવાની યોજનાઓ વિચારાઈ અને છેવટે અમલમાં મુકાઇ. કિરકૂકથી ૧૫૬ માઇલ ઉપર યુફ્રેટિસ નદી પર આવેલા હદીસ સુધી મોટી તેલનળી પહોંચાડવામાં આવી; અને ત્યાંથી તે બે શાખામાં ફંટાઈ. એક છેડો ૬૨૦ માઇલ દૂર આવેલા પાલેસ્ટાઇનના હાઈફા સુધી પહોંચાડવામાં આવ્યો, અને બીજો ૫૩૦ માઇલ પર ફ્રેન્ચ સીરિયામાં આવેલા ટ્રિપોલી સુધી. નવનવ વરસ સુધી દસ હજાર આદમીઓનો સતત શ્રમ નીચોવ્યા પછી લોખંડ અને પથ્થરનું એનું કલેવર ઘડાયું છે. રેલવે વગર, જીવનનિભાવનાં અધૂરાં સાધનો ને કુદરતના ઓથ વગર, તરાપા વગર, પાકા રસ્તાઓ સામે લડીલડીને મૂર્ત કરાએલું એ સાહસ પ્રશંસાનું સર્વથા અધિકારી નીવડે છે. ઇરાક અને ટ્રાન્સજૉર્ડાનિયા, પાલેસ્ટાઇન અને સીરિયાના ભૂમિવૈવિધ્ય પર પથરાએલી એ તેલગર્ભ નળી ક્યાંક દરિયાની સપાટીથી પણ ૨૬૦૦ ફૂટની મહત્તર ઊંચાઇએ ચડે છે. તો ક્યાંક એ સપાટીથી યે ૮૫૦ માઈલ નીચે ઊતરી જાય છે, અને કેટલીક ઇતિહાસખ્યાત નદીઓ પર તો એ તારગૂંથણીના હીંચકે હીંચકી રહે છે.

એના નિર્માણ માટે દૃઢનિશ્ચય બનેલા માનવીઓની ખડતલતા યે ઓછી નહોતી. મોં ને નાકમાં ઊડીઊડીને પ્રવેશતી રેતી એમના ખોરાક સાથે પેટમાં યે ઊતરી જતી ને ક્યારેક તો એન્જિનોમાં પેસી એમને બંધ પાડી દેતી. છાયાનું નામનિશાન ન ધરાવતા એ વેરાનમાં દિવસે તાપ ૧૨૦ ઉષ્માંશ પર પહોંચતો તો રાતે થર્મોમીટરનો પારો શૈત્યબિન્દુથી યે હેઠો ઊતરી જતો. ક્યારેક કાળમીંઢ ખડકોનાં કાળજાં કોરવાં પડતાં, ક્યારેક બદબોથી લદાએલો કાદવ ઉલેચવો પડતો; ક્યારેક જીવાતોના હલ્લાનો સામનો કરવો પડતો, તો ક્યારેક જંગલી બદુઓના હલ્લાનો. આ બધી દુષ્કરતાઓ સામે મથીમથીને યુરોપની યોજકબુદ્ધિ અને એશિયાનાં પાંચ રાષ્ટ્રોના બાહુબળે આ અદ્ભુત તેલનળી એની સંપૂર્ણતાએ પહોંચી. પણ એ છલાછલ ભંડારની યુરોપને ન્યામત કરનાર ઇરાકે બદલામાં શું મેળવ્યું? નિકાસ થતા એ તેલ પર દર ટને ચાર શિલિંગની 'રૉયલ્ટી'!

ઈરાક

મૂળ તો તીગ્રીસ અને યુફ્રેટિસ એ બે નદીઓ વચ્ચેનો મુલક, જેને અંગ્રેજીમાં મેસોપોટેમિયા કહેતા હતા તે ઇરાક. તેનો ઇતિહાસ જૂનો છે. બગદાદમાં ખલીફાની ગાદી થતાં એ પ્રદેશ વિશ્વવિખ્યાત બન્યો.

વર્તમાન ઇતિહાસ મુજબ તો, સને ૧૯૧૪ પહેલાં એ મુલક તુર્કીના સામ્રાજ્યનો એક વિભાગ હતો. બર્લિન-બગદાદ રેલવેનું કૈસરનું સ્વપ્ન આ પ્રદેશની ભૂમિ ઉપર જ રચાયું હતું. બગદાદથી ઠેઠ બૉસ્ફરસ સુધી રેલવે છે અને બગદાદથી ઈરાન તથા અફગાનિસ્તાનમાં થઇને હિંદુસ્તાન જઇ શકાય છે. એ રીતે બળવાન બ્રિટિશ નૌકાકાફલાથી બચીને સીધા હિંદુસ્તાન પહોંચી શકાય એ આ પ્રદેશની લશ્કરી ઉપયોગિતા બતાવે છે. મોસલના તેલના કૂવાઓ ઉપર તો દુનિયા આખીની નજર છે. એ સમૃદ્ધિના માલિક તરીકેની આ પ્રદેશની બીજી ઉપયોગિતા છે. એનું ક્ષેત્રફળ લગભગ દોઢ લાખ ચોરસ માઈલ અને વસ્તી પાંત્રીસ લાખની છે. ૧૯૧૪ના યુદ્ધમાં અંગ્રેજોના હાથે જીતાયા પછી, તેમની દોરવણી નીચે ૧૯૨૪માં ઈરાકની પ્રજાએ એક નવા બંધારણનો સ્વીકાર કર્યો જેની રૂએ ૧૫૦ ચૂંટાએલા સભ્યોની બનેલી એક આમસભા અને ૨૦ નીમાએલા સભ્યોની બનેલી એક ખાસસભા તથા શાહ ફૈઝલ મારફત ચલાવાતા જવાબદાર રાજ્યતંત્રની સ્થાપના થઇ.

૧૯૨૭ના ડિસેમ્બરની ૧૪મીએ બ્રિટને ઈરાકની સંપૂર્ણ આઝાદીનો સ્વીકાર કર્યો. ૧૯૩૨માં ઈરાક રાષ્ટ્ર-સંઘનું સભ્ય બન્યું અને બ્રિટનના 'મૅન્ડેટ' પૂરા થયા. અત્યારે ઇરાક સ્વતંત્ર રાજ્ય છે. પરંતુ બ્રિટન સાથે તાજા કરેલા સંધિ મુજબ ત્યાં બ્રિટિશ લશ્કરી થાણું છે, ત્યાંના પોલિસદળમાં બ્રિટિશ અમલદારો છે અને ઇરાકનાં જુદાંજુદાં હવાઈ મથકો ઉપર બ્રિટનના શાહી વિમાની દળની ટુકડીઓના પડાવ છે. અમુક ઉંમરે દરેક ઈરાકીને ફરજિયાત લશ્કરમાં જોડાવું પડે છે. (જન્મભૂમિ)

આ મહિનો (જૂન) ઇતિહાસમાં

તા. ૨ ઇટાલીના મુક્તિદાતા જિસેપ ગૅરીબાલ્ડીનું અવસાન—ઇ. ૧૮૮૨

તા. ૩ 'શારદા કાયદા'થી હિંદભરમાં જાણીતા થએલા શ્રી હરવિલાસ સારડાનો જન્મ—ઈ. ૧૮૬૭ ● ● જેને ખાતર પોતે બ્રિટિશ સામ્રાજ્યની રાજગાદીનો ત્યાગ કર્યો તે મિસિસ વૅાલિસ સિમ્પસન સાથે ડ્યૂક ઑાવ વિંડસરે લગ્ન કર્યાં—ઈ. ૧૯૩૧

તા. ૯ અંગ્રેજ પ્રજાના આમવર્ગનું જીવંત ચિત્ર આલેખનાર મહાન અંગ્રેજ નવલકાર અને પત્રકાર ચાર્લ્સ ડિકન્સનું અવસાન-ઇ. ૧૮૭૦

તા. ૧૨ લૉર્ડ એલ્ગિનના અમલમાં હિંદમાં ભયંકર ભૂકંપ-૧૮૯૭

તા. ૧૮ જગનામી રશિયન સાહિત્યકાર મૅક્સિમ ગૉર્કીનું ૬૮ની વયે અવસાન-ઈ. ૧૯૩૭

તા. ૧૯ વિખ્યાત અંગ્રેજ નાટકકાર સર જેમ્સ બૅરીનું અવસાન-ઈ.૧૯૩૭

તા. ૨૦ વિલિયમ ચોથાના મૃત્યુ બાદ તેની ભત્રીજી વિક્ટોરિયાએ બ્રિટિશ સામ્રાજ્યનું શાસનસૂત્ર સંભાળ્યું —ઇ. ૧૮૩૭

તા. ૨૭ સર જૉન ફ્રીને ગઝની જીત્યું —ઇ. ૧૮૩૯

તા. ૨૮ જાણીતા ઈટાલિયન નાટ્યકાર લ્યુઇજી પિરાન્ડેલોનો જન્મ-ઈ. ૧૮૬૭

તા ૩૦ યુરોપના વિખ્યાત રાજનીતિજ્ઞ નિકોલો મકિયાવેલીનું અવસાન-ઇ. ૧૫૨૭

આ માસની વિભૂતિ

સ્વ. ગિજુભાઈ ભગવાનજી બધેકા

ગુજરાતમાં મૉન્ટેસોરી પદ્ધતિની બાળકેળવણીનું બીજ રોપી તેને ફૂલ્યા-ફાલ્યા વૃક્ષની કોટિએ પહોંચાડનાર અને પ્રાંતભરમાં બાલપૂજનનો મહિમા વધારી તેનાં મંદિરો ખડાં કરનાર એ બાળશિક્ષણશાસ્ત્રીનો જન્મ ૧૮૮૫ની ૧૫મી નવેમ્બરે કાઠિયાવાડના વળા ગામમાં ઓદીચ્ય બ્રાહ્મણ જ્ઞાતિમાં થયો હતો. ભાવનગરની શામળદાસ



કૉલેજમાંથી પ્રીવિયસ થયા બાદ ૧૯૦૬થી ૧૯૦૯ સુધી આફ્રિકામાં રહી આવીને ૧૯૧૩માં તેમણે ડિસ્ટ્રિક્ટ કોર્ટ પ્લીડરની પરીક્ષા આપી વઢવાણ કૅમ્પમાં વકીલાત આરંભી આ જ અરસામાં પોતાના પ્રથમ બાળપુત્રની કેળવણીનો વિચાર કરી વસોમાં સ્વ. મોતીભાઇ અમીનના પ્રયાસથી સ્થપાએલું બાલમંદિર જોતાં મૉન્ટેસોરી પદ્ધતિનું સાહિત્ય વાંચ્યું અને તે પરથી અખતરા કરતાંકરતાં બાળકેળવણીનો એવો તો નાદ લાગ્યો કે ધીકતી વકીલાત છોડી દઇ ૧૯૧૬ના ડિસેમ્બરમાં ભાવનગરના દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનમાં આજીવન સભ્ય તરીકે જોડાયા અને ૧૯૨૦માં ત્યાં બાલમંદિરની પ્રથમ સ્થાપના કરી, જેના મકાન માટે શ્રી હીરાલાલ અમૃતલાલ શાહ તરફથી રૂા. વીસ હજારની નાદર ભેટ મળી. પછી તો એમની એ પ્રવૃત્તિ ઉત્તરોત્તર વિકસીને એટલી વ્યાપક બનતી ગઇ કે બાલમંદિરોના શિક્ષકોની તાલીમ માટે ૧૯૨૩માં 'બાલ અધ્યાપન મંદિર' પણ કાઢ્યું. અને પ્રૌઢ શિક્ષણ માટે પણ ૧૯૩૦માં એમણે જ પ્રથમ 'અક્ષર જ્ઞાન યોજના' બહાર પાડી. શિક્ષણમાં સદા રાષ્ટ્રીય દૃષ્ટિ રાખનાર આ નવયુગના અધ્વર્યુએ ૧૯૩૦ના સત્યાગ્રહમાં પણ ઝંપલાવ્યું અને સુરતમાં વાનર અને માંજાર સેનાઓ ઊભી કરી. '૨૫માં ભાવનગરમાં પહેલું મૉન્ટેસોરી સંમેલન ભરાયું ત્યારથી એમણે બાલશિક્ષણનું મુખપત્ર 'શિક્ષણપત્રિકા' માસિક શરૂ કર્યું જે આજે હિંદી, ગુજરાતી અને મરાઠી ત્રણે ભાષાઓમાં નીકળે છે. તેમણે અક્ષરજ્ઞાન યોજનાનાં ૫, શિક્ષણશાસ્ત્રનાં ૩૦ તેમજ બાલસાહિત્ય અને કિશોર સાહિત્યનાં ૧૪૦ પુસ્તકો મળીને એકંદર ૧૭૫ પુસ્તકો લખ્યાં છે, જેમાંનાં કેટલાંક હિંદીમાં પણ ઊતર્યાં છે. એ ઉપરાંત લોકજીભે રમતા જૂના બાલસાહિત્યનું પણ તેમણે ઘણું સંશોધન કર્યું. ઈ. ૧૯૨૮માં અમદાવાદના બીજા મૉન્ટેસોરી સંમેલને તેમને અધ્યક્ષ નીમ્યા અને ૧૯૨૯માં બાલસાહિત્યની તેમની સેવા માટે રણજીતરામ સુવર્ણચન્દ્રક અર્પણ થયો. ૧૯૩૭માં ભાવનગરના દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનમાંથી નિવૃત્ત થતાં તેમને ગુજરાતની સમસ્ત જનતા તરફથી રૂ. ૧૧,૦૦૦ની થેલી અર્પવામાં આવી, જે તેમણે બાળકોના અભ્યુદય માટે ભેટ કરી દીધી. પક્ષાઘાતના કારણે ૧૯૩૯ના જૂનની ૨૫મીએ મુંબાઈમાં તેમનું અવસાન થયું.

ભારતીય સંવતો

૧૯ પુડુવૈપ્પુ સંવત

ઈ. સ. ૧૩૪૧માં કોચીનની ઉત્તરે ૧૩ માઇલ લાંબો ને ૧ માઈલ પહોળો એક ટાપુ સમુદ્રમાંથી નીકળી આવ્યો જેને 'બીપીન' નામ આપી, તેની યાદગારમાં આ પુડુવૈપ્પુ (મલયાલમ ભાષામાં પુડુ=નવીન, વેપ=આબાદી) સંવત ચલાવવામાં આવ્યો. કોચીન રાજ્ય તથા ડચ ઈસ્ટઇંડિયા કંપની વચ્ચે જે સંધિ થઇ તે પાંચ તાંબાપત્ર પર મળી આવે છે, જેમાં પુડુવેપ્પુ સંવત ૩૨૨—૧૪ મીનમ્ (મીન સંક્રાંતિનો ૧૪મો દિવસ=ઇ. ૧૬૬૩ના માર્ચની ૨૨મી તારીખ) લખેલું છે. હવે આ સંવતનો પ્રચાર રહ્યો નથી.

રમુ: (છગનની માને) છગન ઇતિહાસની પરીક્ષામાં પાસ થયો ?

છગનની મા: ના, પણ તેમાં તેનો બિચારાનો વાંક નહોતો. પરીક્ષા લેવાવાળાએ તે જન્મ્યો તે પહેલાંની વાતો તેને પૂછી હતી.

રણની આકરી મુસાફરીમાં પોતાના ઊંટને દોરી ચાલતા નોકરની હાલાકી જોઇ બાદશાહ હજરત ઉમરનું દિલ દ્રવ્યું અને ઇશ્વરની નજરે સૌ સમાન છે એવો બોધ કરી આગ્રહપૂર્વક ઊંટ પર બેસવાના વારા કાઢ્યા. એમ કરતાં શહેર આવવાનું થયું તે વખતે પોતાના વારા મુજબ ઊંટ પર બેઠેલા નોકરે ઊતરી જવાનું કરતાં હજરત ઉમર બોલ્યા: 'ખુદા રણમાં છે અને શહેરમાં નથી?' અને આશ્ચર્યચકિત લોકોની મુગ્ધ પ્રશંસા વચ્ચે બાદશાહ ઉમર નોકરને બેસાડી રાખી ઊંટને દોરતા શહેર વચ્ચોવચ્ચ નીકળ્યા.

~

અનેકાર્થી શબ્દ: **કળતર**=શરીરમાં થતી પીડા; પાકનો અંદાજ કે અટકળ; કળાય–અંદર ગરી જવાય એવી જગ્યા; કોસનું સાધન (વરત, ચાક ઇત્યાદિ).

~

કહેવતોના અર્થ: 'ઘોડા, ઘર આપણાં; મારે રાબ ને તારે લાકડાં'. ફરવા નીકળેલો ચારણ પારકે ઘેર તો પોતાને માટે મિષ્ટાન્ન ને પોતાના ઘોડા માટે ગદબ-જોગાણ માગતો. પણ પોતાને ઘેર આવતાં ઘોડાના કાનમાં તેણે ઉપરની કહેવત કહી સમજાવ્યું કે અહીં તો તને લાકડા જેવું ઘાસ અને મને જારની રાબ જ મળવાની છે. પારકે ઘેર તાગડધિન્ના કરી પોતાને ઘેર ગમે તેમ ચલાવી લેનાર માટે કહેવાએલી આ કહેવતને મળતી બીજી કહેવતો: 'પારકી પુંજીએ તહેવાર, ઊંડ જમીએ બે વાર'; 'પારકા લેખાં પારકા શાહી, મનું મારે માવજીભાઇ'; વગેરે.

~

નળના સાંધાઓ પૂરવામાં અળસીનું તેલ અને સીમેન્ટનું મિશ્રણ સીસા જેટલું જ કામ આપતું જણાયું છે.

~

પૃથ્વીના સપાટી એક ચોરસ માઈલના વિસ્તારમાં આઠ ઇંચ જેટલી કમાન કરે છે.



૧૯૩૯–૪૦ની પોતાની વસ્તીગણત્રીના સ્મરણમાં મેકસિકોએ કાઢેલી ૨૦ સેન્ટની એરમેઇલ ટિકિટ

~

માણસના વાળની જાડાઈ ઇંચનો ૧/૫૦૦ (?) હોય છે.

~

લંડનના વિજ્ઞાનીઓએ લાકડામાં સાકર હોવાની શોધ કરી છે. અને ૫ ટન લાકડામાંથી ૧ ટન સાકર કઢાશે.

~

મનુષ્યના શરીરમાં ૬૦ ટકા વજન પાણીનું હોય છે; પણ તે બધા ભાગમાં એકસરખું હોતું નથી.

~

અમેરિકાના બજારમાં હવે 'ઠંડક' તૈયાર મળે છે. 'ઠંડક'ની ડબ્બીમાંથી થોડી ભૂકી લઇ ખાવાના કે પીવાના પદાર્થ જોડે મેળવો કે કોગળીમાં ભરો એટલે તે જોઈતી ઠંડી આપે.

~

૧૮૭૩માં થએલા સાલબાઈના તહનામાથી અંગ્રેજોને મરાઠાઓ પાસેથી કાશી, પ્રયાગ વગેરે જે સ્થળો મળ્યાં ત્યાં યાત્રા કરવા જનાર પાસેથી આજે જણ દીઠ ૬ રૂપિયાના કર મળે છે.

~

દક્ષિણ અમેરિકામાં થતી એક જાતની મધમાખીને ડંખ જ નથી હોતો.

ગણિતગમ્મત

અમુક રકમ ધારો. તેને બે વડે ગુણો. ગુણતાં આવેલી રકમમાંથી તમારી ધારેલી રકમનો એક અંકી સરવાળો બાદ કરો. જે રકમ આવે તેને ફરી બે વડે ગુણો. હવે આવેલી રકમમાં તમારી ધારેલી રકમના એક અંકી સરવાળાને બમણો કરી ઉમેરો. પછી આવે તે રકમને બે વડે ભાગો અને જે આવે તેમાંથી તમારી ધારેલી રકમ બાદ કરો. બાકી વધે તે તમારી ધારેલી રકમ!

—કાન્તિલાલ મનસુખલાલ જેતી

~

કાગળની નોટોનો ચલણ તરીકે ઉપયોગ સૌ પહેલો ચીનમાં ઈ. ૮૦૭માં થયો હતો.

~

લશ્કરમાં ખાખી પોશાક વાપરવાની શરૂઆત હિંદમાં ૧૮૬૪માં વિલિયમ હૉડસન નામના ઈસ્ટ ઇન્ડિયા કંપનીના એક અધિકારીએ કરી.

~

ખનીજ કોલસામાંથી બનાવવામાં આવતા કાચને 'પરપેક્સ' કહે છે અને તે સાદા કાચ કરતાં થોડો હળવો હોય છે.

~

અમેરિકન જ્ઞાતાઓએ ઠરાવ્યું છે કે આબાદીથી જીવવા માટે માણસ દીઠ અઢી એકર જમીન જોઇએ. એ રીતે હિંદમાં ૪૦ કરોડની વસ્તીનું પ્રમાણ લેતાં માણસ દીઠ પૂરી એક એકર જમીન પણ નથી આવતી.

~

ફોટો ઇલેક્ટ્રિક સેલનો એક નવો ઉપયોગ એ શોધાયો છે કે ચામડી પર થતી રંગની ફેરફારી પરથી મૃત્યુસંભાવ હોવાનું તે બરાબર જણાવી શકશે.



('OUR INDIA') M·MASANI

હિંદના દર દસ માણસે સાત જણ ખેતી પર નભે છે, આઠમો (એક જણ) કારખાનામાં કે હલકી નોકરીમાં છે, નવમો કારકુન કે માસ્તર છે, જ્યારે દસમો એક વકીલ, ડૉક્ટર કે જમીનદાર જેવા ઊંચા સ્થાને છે. સેંકડે નેવું જણ ગામડાંમાં વસે છે.



ભીષ્મપિતામહ

ચિત્રકાર કુમારશ્રી મંગળસિંહજી - લાઠી



ટપાલની ટિકિટો પર નામાંકિત અમેરિકનો (શ્રી હરિલાલ બૅંકરના સંગ્રહમાંથી)

યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના ટપાલ ખાતાએ પોતાના દેશની સંસ્કૃતિનાં સાત જુદાંજુદાં ક્ષેત્રો–સાહિત્ય, શિક્ષણ, સંગીત, કલા, વિજ્ઞાન આદિ માં ઉજ્જ્વલ ફાળો પૂરી ગએલા પાંચપાંચ નામાંકિત ભૂમિપુત્રોને અનુક્રમે ૧, ૨, ૩, ૫ અને ૧૦ સેન્ટની ટપાલની ટિકિટો પર સ્મરણાંકિત કરી તેમનું ગૌરવ કર્યું છે. ઉપરના ચિત્રમાં તેમાંનો મોટો ભાગ રજૂ થાય છે. મથાળેથી–પહેલી હાર: લેખકો, બીજી હાર: કવિઓ, ત્રીજી હાર: કેળવણીકારો, ચોથી હાર: વિજ્ઞાનશાસ્ત્રીઓ, પાંચમી હાર: સંગીતનિયોજકો, છઠ્ઠી હાર: કલાકારો અને શોધકો. દરેકની ઓળખ આપતી માહિતી માટે જુઓ આ જ અંકમાં બીજે